
આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્યઘડતર પ્રબોધતું આજનું માસિક



બારીમાં ફૂલદાની

[illegible] કમળા વમન


કુમાર

સળંગ અંક

૪૪૭

વર્ષ આડત્રીસમું · અંક ત્રીજો માર્ચ ઈ. સ. ૧૯૬૧


સંસ્થાપક રવિશંકર રાવળ તંત્રી બચુભાઈ રાવત



દીપલક્ષ્મી • ચિત્રકાર યજ્ઞેશ્વર શુક્લ • કલાકારના સૌજન્યથી

મથાળે: પ્રાચીન શિલ્પની ક્રેયૉનમાં અનુકૃતિ નીચે: કબૂતરનું જલ-રંગમાં ત્વરિતાલેખન. કલાકાર: જયંત પરીખ જુઓ: 'કલાવાર્તા'





જયંત પરીખનાં ત્વરિતાલેખન: પરિચય આવતી 'કલાવાર્તા'માં



કુમાર

માર્ચ ૧૯૬૧ • અંક ૪૪૭

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે.......

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ જાન્યુઆરી અંકમાં નાનાલાલ વસાના 'બોલ! ક્યાં સાથીડા તારા?' નામક લેખ માટે હાર્દિક અભિનન્દન. એમણે સાગરખેડુ-ઓની શહીદી અંગેની દષ્ટિ આપી, આવા સાહસિકોને જગત સમક્ષ મૂકવાનું જે સત્કાર્ય કર્યું છે, તે બદલ તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે.


એમનાં ત્રણમાંના એક પાત્ર શ્રી દામજી રામજી નિશાળમાં અમારા સહાધ્યાયી હતા. હાલ ટ્રક ફેરવવાનું કામ કરે છે. તેમનો ફોટો વાચકોની જાણ માટે મોકલાવીએ છીએ.



બેમાંનો 'હેટ' પહેરેલો તેમનો તે વખતનો છે, અને બીજો ફોટો હાલનો છે.

—પુષ્પકાન્ત આર. બુચ તથા
મુન્દ્રા (કચ્છ) જેઠાલાલ પરસોતમ ઠાકર

★ અંક ૪૩૫ના ૧૨૩મે પાને વીંટાને ઉકેલ્યા વિના લંબાઈ કાઢવાની જે રીત આપી છે, તે ખરી રીતે આ પ્રમાણે હોવી જોઈએ.



સરેરાશ લંબાઈનો આંટો

સાથેની આકૃતિ અનુસાર જો કાગળના પોલા વીંટાની અંદરની ત્રિજ્યા r હોય અને બહારની ત્રિજ્યા R હોય તો તેની સરેરાશ ત્રિજ્યા (R+r)÷2થી નીકળે.

વર્તુળનો પરિઘ=2π×ત્રિજ્યા [π=૩·૧૪૧૬]

∴ તેથી સરેરાશ આંટાની લંબાઈ

$$=2\pi\times(R+r)\div 2$$
$$=\pi(R+r).$$

હવે જો વીંટામાં n આંટા હોય તો કાગળની કુલ લંબાઈ

=સરેરાશ આંટાની લંબાઈ × આંટાની સંખ્યા

એટલે કે $\pi\,(R\times r)\,n$.

પણ જો વીંટો વચમાં પોલો ન હોય તો r=o થાય અને કાગળની કુલ લંબાઈ πRn થાય. આમ વીંટાની લંબાઈ, ત્રિજ્યાને વીંટામાં સમાયેલા આંટાની સંખ્યા વડે ગુણી જે આવે તે પરિણામને ૩·૧૪૧૬ વડે ગુણવાથી મળે. આને બદલે એ લંબાઈ મેળવવા માટે ત્રિજ્યાને વીંટામાં સમાયેલા આંટાની સંખ્યા વડે ગુણી પરિણામને ૦·૨૬૧૮ વડે ગુણવાનું જણાવવામાં આવ્યું છે, એ બરાબર નથી.

(અમદાવાદ) —કપિલરાય રા. દવે

જાન્યુઆરી અંકમાં 'ક્યાં સાથીડા તારા?' વાંચ્યા બાદ જણાય છે કે સ્વ. શ્રી 'સુકાની'એ ગુજરાતના દરિયાઈ ખમીરની સળગાવેલી જ્યોત એમના અવસાન સાથે બુઝાઈ ગઈ નથી. શ્રી વસાને એ માટે ગુજરાતનાં અભિનંદન ઘટે છે.

એ વાર્તાકાળ દરમ્યાનના અરસામાં માંડવી પોરબંદર વગેરે બંદરોથી આફ્રિકાનાં બંદરોએ જવા હંકારેલાં—માલ તેમજ પ્રવાસીઓ સાથેનાં—અમુક વહાણો લડાઈને કારણે સિલોન ને મલાયાની વચ્ચેના હિન્દી મહાસાગરમાં અલોપ થયાના દાખલા મારી જાણમાં છે.

ગુજરાતની સાગરી અસ્મિતાના પ્રશંસક કોઈ સમર્થ કલમવાહક માંડવી-પોરબંદર-વેરાવળ-સલાયા જેવાં ગુજરાતનાં અનેક બંદરો તથા સમસ્ત સાગરકાંઠા પર પથરાએલા અનેક ખારવા વસવાટોમાંથી શૌર્યભરપૂર દરિયાઈ સાહસો અને એમના કડવામીઠા અનુભવોની માહિતી એકઠી કરે તો આજની પ્રજાની કલ્પનામાં પણ ન આવે ને સાહિત્યમાં ચિરંજીવ રહે એવી ઘણી સામગ્રી મળી રહે.

સ્વ. શ્રી મેઘાણીએ અનેકવિધ ક્ષેત્રે સંશોધન કરી ભુલાઈ અને ભૂંસાઈ જતા પ્રાચીન સોરઠી સાહિત્ય અને ઇતિહાસને ફરી સજીવન કર્યું. ગુજરાતના ઉપેક્ષા પામેલા ને જીવંત છતાં વીસરાતા જતા આ અંગ તરફ અમુક અપવાદ બાદ કરતાં, ગુજરાતના સાહિત્યકારોનું નથી ધ્યાન દોરાયું એ આશ્ચર્ય સાથે દુઃખની વાત છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રદેશો સાથેનું ગુજરાત રાજ્યનું એકમ થતાં ભારતના કોઈ પણ રાજ્ય કરતાં ગુજરાતને ભાગે વધુ દરિયાઇ કંઠાર ને બંદરો આવેલાં છે. ગુજરાત ભારતનું પ્રથમ કક્ષાનું સાગરી રાજ્ય થતાં ગુજરાતની પ્રજા, રાજ્ય તેમજ યુનિવર્સિટીઓની ફરજ રહે છે કે આવાં જ્વલંત પણ નજીકના ભૂતકાળમાં ઉપેક્ષા પામેલાં ઘરઆંગણાનાં મહત્ત્વનાં ખમીર ને કૌશલ્યનું પૂરતું સંશોધન કરી એ વ્યવસાયને ગૌરવપૂર્ણ સ્થિતિએ લાવવો. ગુજરાત યુનિવર્સિટી કે વેપારી મહામંડળ જેવી સંસ્થાઓએ આ સંશોધન કાર્ય ઉપાડી લેવું જોઇએ.

'કુમાર' આ વિષયમાં યથાશક્તિ ફાળો આપી રહ્યું છે એ માટે આપને તથા એના પ્રેમી સાહિત્યકારોને અભિનંદન ઘટે છે.

(અમદાવાદ) —અભયસિંહ નાણાવટી

ફેબ્રુઆરી 'કુમાર'માં શ્રી કીર્તિકુમાર શાહનો પત્ર વાચી આશ્ચર્ય સાથે થોડું દુઃખ પણ થયું. "ગુજરાતી માસિકોમાં 'કુમાર' અગ્રેસર છે" એ એમનું કથન યોગ્ય છે, પણ 'કુમાર'માં વપરાતા ટાઈપ અને જગાની 'ઇકૉનૉમી'ની બાબતમા મારે એમને થોડુંક કહેવું છે.

નાના ટાઇપનું વાચન એ વૈજ્ઞાનિક રીતે આંખોને નુકસાનકારક તો નહિ જ પણ કંઈક અંશે લાભદાયી છે એ પુરવાર થએલું. મન પરનો સંયમ એ તો આપણા હાથની વાત છે. આ મોંઘવારીના જમાનામાં જેટલી કરકસર કરીએ તેટલી ઓછી. 'કુમાર' એ બાબતમાં અગ્રેસર છે અને એ પણ બની શકે એટલી શિસ્તબદ્ધ રીતે થાય છે. ઓછું લઇને બની શકે એટલું વધુ આપવું એ 'કુમાર'નું ધ્યેય છે. હું તો કહું છું કે હજુ પણ એ ધારે તો વધુ કરકસર થઈ શકે. દા.ત. આ વખતના અંકમાં મીજી આર્ટપ્લેટમાં જે જગા કોરી રહી ગઈ છે, ત્યાં બેથી ત્રણ નાનાં ચિત્રો કે ફોટોગ્રાફ્સ છાપી શકાય. અને જો એમ શક્ય ન હોય તો આર્ટપ્લેટ એટલી ઓછી કરી શકાય. 'ફોલ્ડ' કરેલાં પાનાં આ જ કારણસર વપરાતાં હોવાં જોઇએ. મોટા ટાઈપમાં અને છૂટ્ટું છૂટ્ટું છાપવાથી 'કુમાર' સારું દેખાશે અને એની પ્રસિદ્ધિ વધશે એ માન્યતા ભૂલભરેલી છે.

(અમદાવાદ) —જે. ડી. પંચાલ

ફેબ્રુઆરી અંકમાં શ્રી કીર્તિકુમાર શાહના પત્ર બાબત કહેવાનું છે. પ્રથમ તો તેમનો

(અનુસંધાન પૃષ્ઠ ૭૫મે)

વસંત સમય

· હરિણી ·

સમય મધુરા પ્રત્યૂષો ને પ્રફુલ્લ દિ'નો હવે;
રજની રજનીગંધા જેવી સુવાસિત, સૂંઘી લો.
મનની કળીને ચૂન્તે ચૂંટી ઉછાળું હવામહીં.
ફુલફુલ થઇ જાતી ત્યાં તો દલેદલ ઊઘડી!

ભમતીભમતી પૃથ્વી મુદ્રા ધરે અશી તો નભે,
અરૂપ રૂપને આરે કાઢે કુતૂહલ-ડોકિયું,
અમથી અમથી આડી ટેડી પીંછી-લખી રેખમાં
પ્રિયનું નિખરી આવે મોઢું કયહીંથી મનોરમ!

મદિલ અલિયું વ્યાપ્યું પુષ્પાફૂલે કલગુંજન:
ગુનગુના ઊઠે મારે કંઠે અમસ્તી ય ગીતિ કો
ભળી ત્યહીં જતાં ક્યાંથી યે તે અલિસ્વન ને ટુહૂ,
સ્વર સકલથી પ્રીતિ ફેરી સ્ફુરે બસ વ્યંજના.

સમય પકડી જો કો સ્થાપે સનાતન આ ક્ષણે,
વયની ભરતી આંકે કોઇ સનાતન ફાગણે.

ઉશનસ્

મનુજ હું

· શિખરિણી ·

અહો, નાના નાના જીવનવ્યવહારે વિહરતાં
કશું હૈયાપાત્રે ઝમતું અમી: સ્વચ્છંદ ફરકું
હું ફાળા હાથોમાં કર દઇ, અમસ્તું મલકવું
મુખોનું, આંખોનું ચમકવું પથે કો મળી જતાં!

અહો, નાના નાના જીવનવ્યવહારે વિહરતાં
પિયે કેવું નાનું હર પળ હિયું ઘૂંટ વિષના!
ઘસાઇ કો જાતું હૃદયથી બરી લે ઉઝરડા;
ઉપેક્ષાના તીરે દૂરથી વીંધી કોઇ વહી જતાં!

પુરા અબ્ધિ કેરું મથન થયું દેવાસુર થકી
અમી સાથે લાધ્યું વિષ, અવગણી જે, અધરથી
સુરોએ પી લીધું અમૃતમધુ મોહિની-કરથી;
પિવાયું તે હાલાહલ જગહિતાર્થે શિવ થકી.

જગન્મોહિનીના કરથી મળતું જે વિષ અમી
ખુશીથી સ્વીકારું, મનુજ હું, શિવત્વે રહું રમી.

જયન્ત પાઠક

રંગ

· છંદ હરિગીત ·

મેં કેટલા યે
રંગથી દીધું ભરી આખું ફલક;
ને લઉં ઝાંખી
જરા આઘો જઇ જ્યાં—
ના હવે
એ એટલા રંગો મહીંથી
એકની યે
આંહીંથી આછેતરી ભાળું ઝલક.
ફલક તો એક દીસે ત્યાંય:
ખાલી!

પ્રદ્યુમ્ન તન્ના

જાણે એક સનાતન સત્યની ઝાંખી થઇ છે: રંગ બધા યે ફટકિયા; એક જ શાશ્વત રંગ—ખાલી!...કે પછી શૃંગારની અનેક રંગરમણાને આવરી લેતો અચાનક પ્રકટી ઊઠેલો વિરાગનો ખાલી?

જાઉં—રહી જાઉં

· ગઝલ ·

રખડનારો સદાનો હું—વિસામા પર રહી જાઉં?
નહીં, એ ના બને, આગળ અને આગળ વહી જાઉં!

અધૂરો આશરો, રાત અધૂરી, વાત પણ બાકી
સમય ક્યાં છે મને કે વાત એ પૂરી કહી, જાઉં!

ઊગે એ સૂર્ય ને પહેલાં તો ક્યાંનો ક્યાં જઇશ પહોંચી
ગગનમાં તારલા હસતા નીરખતો શેં નહીં જાઉં?

અયાચક છું, ન માગું હું કદી કૈં કોઇની પાસે.
વરસતા મેઘની જેમ જિન્દગી દઇને વહી જાઉં.

દઇ જાઉં, લઇ લો મુક્ત મનથી સંપદા સર્વે;
મુલાયમ આ હવાની લહેર સહ જાઉં, જહીં જાઉં!

સભરતાથી ભરાયો છું, હવે બસ રિક્ત થાવા દો;
અપેક્ષાઓનો સઘળો ભાર તે મૂકી અહીં જાઉં.

પ્રસારી હાથ રોકો તો ન રોકાઉં, કદી કિન્તુ
બને એવું કે અહીં પળભર 'રહો' કહેતાં રહી જાઉં!

હેમન્ત દેસાઇ

ભય

· ગાન ·

મને મારી ભૂલનો કેવલ ભય!
અવરનો ડર લેશ ન, પામું
મુજથી પરાજય—મને૦
લોકમેળામાં ઓળખી લિયે
લાખને મારી આંખ,
નેણ સહુનાં ચરણે ઝૂકે
એટલી મારી શાખ;
એકલ ખૂણે તો ય ન મારો
પામતી હું પરિચય—મને૦
જાણતી થાયે ભૂલ, છતાં ના
સઘળું મારે હાથ,
જગનો મને સંગ, ન તો યે
હું જ મારી સંગાથ;
મન-કાયા બેય એકનાં તો યે
બેઉનો અલગ લય—મને૦

ગીતા પરીખ

મરજીવા

· ભજન ·

મરજીવા—ગોવર વનંવન ઊભાં
ઝંઝાદરિયા રચ્યાં ફોરી;
અગન વરસતા તાપં તરીને
રસકસે ઊઠ્યાં ફોળી;
મરજીવા મબલખ પામતા!

મરજીવા—નવલખ આભલ ખેલે
અંધાર લોઢની લહેરે;
અમિત મહાકાલોનાં નીર ઉલેચીને
ધ્રુવની ધૃતિ સંકોરે;
મરજીવા મબલખ પામતાં!

મરજીવા—ધરતીદરવેશો દઇ દેહને
અજરા અભયાને વરે;
મૃત્યુ મારે એના પંચભૂતોને,
દુજું શું દેહીને કરે!
મરજીવા મબલખ પામતા!

મરજીવા—જગન પુરુષનો હોમ ને
બલિવીર બળતે બળે;
જલતી રખ્યાના તણખ-કણે
એને મોતીઅંબારો મળે;
મરજીવા મબલખ પામતા!

'સુધાંશુ'

ભેદ

· વસંતતિલકા ·

જ્યારે અષાઢી ઘન આભ અનંત ઘેરે
ને ઊલટે બસ પ્રચંડથી મેઘ બારે,
નિર્મૂલ થાય તરુ કૈં. વિટપે ગૂંથાય
માળા વિંખાઇ જલબિંદુમહીં તણાય;

ને સીમથી ધણ લઇ ભયભીત ગોપ
આવંત ગામ (રવિ અસ્ત થયો ન તો યે)
ઝૂંપી ગભીર કુહરે નહીં કો બિચારી
ગો ભાંભરે, ગભરુ વત્સ ઝૂરે ગમાણે:

ને ધીર સૌમ્ય સરિતા સહસા પ્રકોપી
વેગે વહે પ્રલયભીષણ રૂપ ધારી,
તૂટે નદો, તટવસ્યાં નગરો સુરમ્ય,
ને કંપતી ભયથકી સઘળી દિશાઓ!

રે! તો ય આ ધરતી કાં પ્રતિવર્ષ ઘેલી
ઝંખે બધું વીસરી ઉગ્ર અષાઢહેલી?!

જશવંત લ. દેસાઇ

વળતર

· પરંપરિત હરિગીત ·

જાગતાં જે લખ્યો તે સાંભળીને
છો હસ્યા હો તારલા;
(પણ) ઊંઘમાં હું જે લખ્યો તે સાંભળીને
રાત મારી રોઇ છે!

ચીમન કલાલ

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૭૩થી

'ફોલ્ડ પેજ' માટેનો વિરોધ તદ્દન અસ્થાને છે, કારણ કે માત્ર ભારતનાં જ નહિ પરંતુ વિદેશી ઉચ્ચતમ સામયિકો પણ આવાં 'ફોલ્ડ પેજ'થી સભર હોય છે. આવાં માસિકોમાં 'લાઇફ' તથા 'એસ્કવાયર' કદમાં 'કુમાર' કરતાં મોટાં હોય છે તેમ છતાં પણ તેમાં 'ફોલ્ડ પેજ' હોય છે. બીજું ટાઈપ નાના હોય તો તે સંકુચિત કે જૂનવાણી માનસની નિશાની હોય એવું તેમનું લખવું રૂચિકર નથી. નાના ટાઈપથી માસિક જૂનવાણી કે સંકુચિત માનસવાળું કહેવાય તે તો માસિકને તદ્દન અન્યાય થયો કહેવાય. 'કુમાર' તો દેશી–વિદેશી સાહિત્ય અને કલાનો મહાવરો રાખે છે, તો તેમાં તેનું સંકુચિત માનસ કે જૂનવાણી ક્યાં આવી?

(મુંબાઇ) સુભાષચંદ્ર છો. કોઠારી

'કુમાર'નો પ્રસંશક હું પણ છું–કીર્તિભાઈની જેમ. અને 'કુમાર' અગ્રેસર હોવાની તથા કલાસંસ્કાર માટે અજોડ હોવાની વાત સાથે પણ સંપૂર્ણ સહમત છું. પણ ટાઈપ નાના છે, એ મને તો જરા પણ અગવડ આપતા નથી, ઊલટું ધ્યાનથી વંચાય છે. કીર્તિભાઈની 'સંયમ' રાખીને વાંચવાની વાત સમજાતી નથી.

પાનાં ફોલ્ડ કરવાની રીત ખરેખર 'સારા શબ્દો'ની અપેક્ષા રાખે એવી છે. ફોલ્ડ ન કરીએ, તો ફેબ્રુ.માં છપાયું છે એવું પ્રભાતચિત્ર શી રીતે મળે? જગ્યાની 'ઇકૉનૉમી'માં ગ્રાહક–વાચકને શી મુશ્કેલી નડી શકે? એક રીતે તો નાના ટાઈપ અને ભરચક લખાણ-ચિત્રો જ એની dignity જાળવી જાય છે.

'કુમાર ચન્દ્રક' મેળવનાર મહાનુભાવોનો પાંચેક લીટીનો પરિચય છાપવો તમને યોગ્ય નથી જણાતો? અને જેમ અઢળક કાવ્યો અને ઇતર લેખો છપાય છે, એમાં એકાદી જ વાર્તા, એ પણ નાટિકાના વિકલ્પમાં, છપાય એ અધૂરું નથી લાગતું? જોકે, આવા પ્રશ્નાર્થ હજી એકાદ બે મૂકી શકાય; પણ એ બધી વ્યક્તિગત રુચિઓની વાત બની જાય, એટલે નથી લખતો.

પણ એક વાત કહેવી જ પડશે: 'કુમાર' લેખકોનું, વાચકોનું, અને કોઈ પણ વર્ગનું માસિક ન બની જતા સર્વભોગ્ય સુંદર માસિક રહ્યુ છે, એને માટે ૩૭ વર્ષ પહેલાં ગુજરાત માટે આવી અજોડ પરંપરાનો પાયો નાખનાર પૂ. શ્રી રવિશંકર રાવળને મારા હાર્દિક પ્રણામ જણાવશો.

(કલકત્તા) —મધુ રાય

ફેબ્રુઆરી અંકના પાના ૬૮ સામે 'ગુજરાત દર્શન' પોસ્ટરના ફોટામાં ૧ માર્ચથી ૧૬ માર્ચ લખેલ છે અને તેની બાજુની નોંધમાં 'પ્રથમ ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન આ માસમાં ભરવામાં આવ્યું, જણાવ્યું છે. આ હકીકત સમજી શકતો નથી, કાં તો પોસ્ટર ખોટું અગર તો આપે ખોટું છાપ્યું છે. ખુલાસો કરશો?

પાના નંબર ૭૨ પર 'ભેંશના લીલા તાજા છાણનો' પ્રયોગ સૂચવ્યો છે એ બાબત કહેતાં ખૂબ દુ:ખ થાય છે કે આંખ જેવી નાજુક બાબતમાં 'કુમાર' જેવું અગ્રિમ માસિક આમ છાપે એ ગેરરસ્તે દોરનાર ગણાય. આંખ ખૂબ જ નાજુક વસ્તુ છે. તેને બકટીરિયાથી બચાવવાને બદલે ભેંશનું છાણ which contains lot of worst types of bacterias, parasites a tetanus germs તે આંખમાં નાખવાં? લૂગડામાં ગળવાથી microscopic bacterias [illegible] આપ તાત્કાલિક–અગર આવતે અંકે ખુલાસો કરી વાચકોને યોગ્ય માર્ગ દર્શાવશો.

કોઇકે ફરિયાદ કરી છે કે આપ ટાઈપ નાના આપો છો, ને ક્યારેક લીટીઓ આડીઅવળી છાપો છો. મારા મત પ્રમાણે આ 'કુમાર'ની નબળાઇ નથી, જગ્યાનો વધુ સારો ઉપયોગ છે. ફક્ત સારું દેખાય માટે જ અગર ખોટી ડીસન્સી માટે પાનાં વધારી ન શકાય. પરંતુ આપ અનુસંધાન અમુક પાને આપો છો એ જરૂર બંધ કરી શકો. આપ સળંગ રીતે વાર્તા છાપી શકો, અને જે મૅટર છાપવા ધાર્યું છે તે ભલેને એકાદ પાનું છેટે રહે; યા તો અર્ધું પાનું છોડી નવી વાર્તા છાપવાનું પણ બની ન શકે?

આપ જાહેરખબર માટે 'સ્ટ્રિક્ટ' છો કે જા.ખ. વધારવા માગતા નથી? 'કુમાર'ને જા.ખ. ન મળી રહે?●

બીજું એક સૂચન છે. એક ભાઈ 'બસ-સ્ટૉપ'ને બદલે 'બસ થોભા' થયા તે ફેરવવા 'બસ મથક' સૂચવે છે. તેમાં પણ 'બસ' તો અંગ્રેજી શબ્દ રહેવાનો જ. 'બસ સ્ટૉપ' એ જ યોગ્ય નથી શું? અંગ્રેજી પ્રત્યે ઘૃણા દાખવવાની ધૂનમાં ભૂલી જઇએ છીએ કે સ્ટેશન, એન્જિન, જેવા અનેક શબ્દો આપણે અપનાવી લેવા જોઇએ. તેને કાઢવા આપણે ન સમજી શકીએ તેવા ભડંભડી ઢબના ગુજરાતીમિશ્રિત સંસ્કૃત શબ્દો આપણી શોભા વધારશે?

(બાબરા) —ડૉ. શુક્લ

[પોસ્ટર તો પ્રદર્શન ભરાયા પહેલાં અભ્યાસકાર્ય તરીકે તૈયાર થએલું, એટલે એમાં તારીખ અડસટ્ટે મુકાય એ સમજી શકાશે. જાહેરખબર માટે ઘણું મથવા છતાં અમને મળતી નથી. પણ એ કથની કયાં કરવી?]

ફેબ્રુઆરી અંકમાં 'સાલ્હેરનો કિલ્લો' લેખમાં ચોથા ફકરામાં ઈ.સ. ૧૯૫૨માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું દર્શાવ્યું છે, પરંતુ તે ૧૯૪૯માં થયું છે.

ભાઇશ્રી કીર્તિકુમાર શાહ (ઉજ્જૈન)નું મંતવ્ય 'કુમાર' માસિક માટે બરોબર નથી જ. 'કુમાર'ને ટકાવી રાખી, ઉત્તમ સાહિત્ય પૂરું પાડી અલભ્ય ચિત્રસામગ્રી પણ પીરસી, આપ જે જહેમત ઉઠાવો છો તે અભિનંદનીય છે.

(વડોદરા) —કાન્તિલાલ શાહ

તમરા માસિકપત્રના અંક ૪૪૩ના પૃષ્ઠ ૪૫૩માં આપેલુ ચિત્રમા કઇક ભૂલ થયુ છે. ત્યાં આપેલુ ચિત્ર કાઠમાણ્ડૂના પશુપતિનાથના નથી. આ તો એક બૌદ્ધ ચૈત્ય છે અને તે પણ કોઈ મોટો ચૈત્ય નથી. કાઠમાણ્ડૂના મોટામાં મોટો એક ચત્ય 'બૌદ્ધ'ના માર્ગે આવતો એક નાનકડો ચૈત્યનુ આ ફોટો છે. ફોટોમા જે આઁખ જોવા મળે છે તે આઁખ પણ ભગવાન બુદ્ધના કહેવાય છે, અને નેપાળના બૌદ્ધ કળાઓમા એવા આઁખોની વિશેષતા દેખાય છે.

(કાઠમાંડુ) —કમલ દીક્ષિત

[●ગુજરાતમાં થોડું રહી ગુજરાતી શીખી ગએલા ને નેપાળમાં હજી યે હોંશથી 'કુમાર' મંગાવતા આ નેપાળી બંધુની વાત સાચી છે. પશુપતિનાથનું નહિ પણ સ્વયંભૂનાથ મંદિરનું સાચુ ચિત્ર મળી આવ્યું છે (જે પણ લગભગ એવું જ છે) તે આ સાથે પ્રકટ કરીએ છીએ.]



કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

ભારત સંસ્કૃતિની યુગમૂર્તિ

જેમની જન્મશતાબ્દી આવતા મે માસની સાતમી તારીખે આવતી હોઈ આ તેમનું શતાબ્દી વર્ષ છે

બંગાળમાં વહેતી ગંગા નદીનો જમણો કિનારો 'રાધા' નામથી ઓળખાય છે. આઠમી સદીમાં ત્યાં આવી વસેલા બ્રાહ્મણો 'રાધીય' કહેવાયા. બંગાળી બ્રાહ્મણોની એ રાધીય શાખામાં શાંડિલ્ય ગોત્ર ધરાવતા ટાગોરોની મૂળ અટક તો વંદ્યોપાધ્યાય હતી. કહેવાય છે કે રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ તેમને તે કાળના મુસ્લિમ રાજ્યકર્તાઓ સાથેના સંસર્ગના કારણે તેમને ન્યાત બહાર મૂકેલા અને 'પીરાલી' તરીકે પણ ઓળખતા.

ટાગોરોના 'કુલશાસ્ત્ર'માંથી મળતી માહિતી અનુસાર તેમના સૌથી આદિ વડવા કુસારી વંશના ભટ્ટનારાયણ હતા, પણ એ વંશના ખરા સ્થાપક દીના કુસારી ગણાય છે. તેના પુત્ર જગન્નાથ કુસારી પછી થએલા પૌત્ર પુરુષોત્તમ આ ટાગોર કુટુંબના સ્થાપક થયા. એમની પેઢીમાં છઠ્ઠા થએલા

પંચાનન ઠાકુર

જેસોર ગામ છોડીને ઈ. ૧૬૯૦માં કલકત્તામાં હાલ જ્યાં ફૉર્ટ વિલિયમ આવેલો છે ત્યાં મૂળ ગોવિંદપુર નામે ગામ હતું તેમાં આવી વસ્યા. ત્યાંની વેપારી વસતિ બધી તેમને આદરમાનપૂર્વક 'ઠાકુર મશાય' (બ્રાહ્મણોને માટેનો માનવાચક શબ્દ) કહેતી, એટલે તે ધીમેધીમે લોકોમાં પંચાનન ઠાકુરના નામથી ઓળખાતા થયા અને પછી ઠાકુર જ તેમની અટક બની ગઈ. આ 'ઠાકુર'નું અંગ્રેજોની જીભે 'ટાગોર' કર્યું.

તે પછી જયરામ ઠાકુરને અંગ્રેજોએ ઈ. ૧૭૦૭માં કલકત્તામાં મોજણીના કામ માટે સદર અમીન તરીકે નીમ્યા, તેમણે મબલખ જાગીર તથા મિલકત જમાવી. એ જયરામ ઠાકુરના ચાર પુત્રો: આનંદીરામ, નીલમણિ, દર્પનારાયણ અને ગોવિંદરામ. પલાશીના યુદ્ધ પછી જ્યારે મુર્શિદાબાદની જાહોજલાલી અને લક્ષ્મીનો પ્રવાહ ત્યાંથી ખસીને કલકત્તામાં વહેવા લાગ્યો ત્યારે એમાંના બીજા પુત્ર નીલમણિએ અઢળક દ્રવ્ય મેળવ્યું અને કલકત્તામાં પાથુર ઘાટ પર ઈ. ૧૭૬૫માં વિશાળ જગ્યા ખરીદીને ત્યાં ઘર બાંધી પોતાના ભાઈઓ સાથે રહેવા લાગ્યા. પણ ૧૭૮૪માં તેમનાથી જુદા પડી જોરાસાંકોમાં પોતાના પુત્રો સાથે જઇને રહેવા લાગ્યા. એમને ત્રણ પુત્રો થયા; અને તે પછી તેમનો વંશ આ રીતે ચાલ્યો:

- નીલમણિ ઠાકુર
  - રામલોચન
  - રામમણિ
    - રાધાનાથ
    - દ્વારકાનાથ
      - દેવેન્દ્રનાથ
        - પુત્રી
        - દ્વિજેન્દ્ર
        - સત્યેન્દ્ર
        - હેમેન્દ્ર
        - વીરેન્દ્ર
        - સૌદામિની
        - જ્યોતિરીન્દ્ર
        - સુકુમારી
        - પુણ્યેન્દ્ર
        - સરત્કુમારી
        - સ્વર્ણકુમારી
        - વર્ણકુમારી
        - સોમેન્દ્ર
        - રવીન્દ્રનાથ
          - માધુરીલતા — ૧૮૮૬-૧૯૧૮, લગ્ન: એસ. સી. ચક્રવર્તી (નિ:સંતાન)
          - રથીન્દ્ર — જન્મ ૧૮૮૮, લગ્ન: પ્રતિમા
          - રેણુકા — ૧૮૯૦-૧૯૦૪, લગ્ન: ડૉ. એસ. એન. ભટ્ટાચાર્ય (નિ:સંતાન)
          - મીરા — જન્મ ૧૮૯૨, લગ્ન: એન. એન. ગાંગુલી
            - નિત્યેન્દ્ર — મૃત્યુ ૧૯૩૬ જર્મનીમાં
            - નંદિતા — લગ્ન: કૃષ્ણ કૃપાલાની
          - સમીન્દ્ર — ૧૮૯૪-૧૯૦૭
        - બુધેન્દ્ર
      - ગિરીન્દ્રનાથ
        - ગણેન્દ્ર
        - ગુણેન્દ્ર
          - ગગનેન્દ્ર
          - સમરેન્દ્ર
          - અવનીન્દ્ર
      - નગેન્દ્રનાથ
    - મહારાજા રમાનાથ
  - રામવલ્લભ

આ રીતે નીલમણિ ઠાકુર પછી થએલા તેમના પૌત્ર દ્વારકાનાથ પોતાની અમાપ ધનસંપત્તિ અને રાજાશાહી રહેણીકરણીથી કલકત્તામાં એટલા તો લબ્ધપ્રતિષ્ઠ થયા કે તે 'રાજા દ્વારકાનાથ' તરીકે ઓળખાવા લાગ્યા, અને તેમના પૌત્ર રવીન્દ્રનાથે તો જગતમાં નામ કાઢ્યું.

કલકત્તામાં જોરાસાંકો ખાતે, દ્વારકાનાથ ટાગોર લેઈનમાં ૬ નંબરના મકાનમાં, શક સંવત ૧૭૮૩ના વૈશાખ વદ તેરશ ને મંગળવારે, ઈ. ૧૮૬૧ના મે માસની ૭મી તારીખે, પિતા દેવેન્દ્રનાથ અને માતા શારદાદેવીના ચૌદમા સંતાન, તથા આઠમા પુત્ર તરીકે રવીન્દ્રનાથનો જન્મ થયો.

એમના દાદા દ્વારકાનાથ ઠાકુર, (ઈ. ૧૭૯૪થી ૧૮૪૬) બંગાળના સાંસ્કૃતિક ઉત્થાનના અગ્રચારી, મહાન સુધારક અને બ્રહ્મોસમાજ પંથના સ્થાપક રાજા રામમોહનરાયના નિકટના મિત્ર અને શિષ્ય હતા. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બંગાળે સાધેલી અદ્ભુત સામાજિક પ્રગતિમાં પોતાના સર્વ સમકાલીનો કરતાં શ્રેષ્ઠ ફાળો આપનાર એ




અઢળક સંપત્તિ, ઉદાર સખાવતો અને પ્રગતિશીલ પ્રવૃત્તિથી પ્રખ્યાતયશ રાજા દ્વારકાનાથ ઠાકુર

'રાજા દ્વારકાનાથ' જ્યારે ગુજરી ગયા ત્યારે લંડનના વિખ્યાત 'ટાઇમ્સ' પત્રે લખેલું કે 'કલકત્તામાં ફૂલેલી ફાલેલી એકેએક ધ્યેયવાદી સંસ્થાના નામ સાથે તેમનું નામ ગૌરવપૂર્વક જોડાએલું રહેશે.'

કલકત્તામાં યુરોપી ઢબે વેપાર કરનાર તે પ્રથમ હિંદી હતા, અને ઈ. ૧૮૩૪માં જ્યારે તેમણે મિ. ડબ્લ્યુ. કાર અને મિ. ડબ્લ્યુ પ્રિન્સેપની સાથે ભાગીદારીમાં 'કાર ટાગોર ઍન્ડ કંપની' સ્થાપી ત્યારે ત્યારના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકે તેમને ખાસ અભિનંદનનો પત્ર લખેલો. વળી તે યૂનિયન બૅંકના પણ સ્થાપક હતા. પોતાની ઉદાર સખાવતોથી 'હિંદુ કૉલેજ'નું નવનિર્માણ કરનાર તથા 'મેડિકલ કૉલેજ'ની સ્થાપના કરનાર દ્વારકાનાથ ટાગોરે 'બ્રિટિશ ઇન્ડિયન એસોસીએશન'ના નામથી જમીનદારોનો એક સંઘ પણ સ્થાપેલો. સતી થવાનો ક્રૂર રિવાજ બંધ કરાવવામાં રાજા રામમોહનરાયના જમણા હાથ રૂપ રહેલા રાજા દ્વારકાનાથ હિંદ અને ઇંગ્લંડ વચ્ચે દરિયાઇ વાહનવ્યવહાર સ્થાપવાની ચળવળના પણ આગેવાન હતા. ૧૮૨૪માં જુલમી પ્રેસ ઍક્ટની સામે ઉપડેલી જેહાદમાં એમણે જાતે મોટું નુકસાન ખમી લડત આપેલી, અને ઇ. ૧૮૩૮માં લૉર્ડ મેટકાફે જ્યારે એ જુલમી કાયદાની જંજીરો તોડી ત્યારે યોજાએલા સમારંભમાં તેમને ભવ્ય અંજલી અપાએલી. 'કાળા કાયદા' નામે ઓળખાતા ત્યારના એક કાયદા સામે પણ તે અગ્રણી થઇને લડેલા.

ઈ. ૧૮૪૧માં જ્યારે દ્વારકાનાથ ઠાકુર ઈંગ્લંડ ગયા ત્યારે કલકત્તાના શેરીફના અધ્યક્ષસ્થાને યોજાએલા વિદાય સમારંભમાં તેમને મળેલા અદ્વિતીય માન ઉપરાંત લંડનમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડિરેક્ટરોએ તેમના માનમાં ભોજન-સમારંભ યોજી તેમની દેશસેવા માટે તેમને સુવર્ણચન્દ્રક આપેલો અને રાણી વિક્ટોરિયાએ તેમને બકિંગહામ પૅલેસમાં ખાણા માટે આમંત્રેલા. આ ઉપરાંત લંડનના લૉર્ડ મેયરે એડિનબરઅના ગિલ્ડે, ફ્રાન્સમાં રાજા લૂઈ ફિલિપે, બેલ્જિયમનાં રાજા તથા રાણીએ તથા ઈટાલીમાં પોપે પણ તેમનું સન્માન કરેલું. ઈ. ૧૮૪૨માં તે દેશ પાછા આવ્યા ત્યારે પ્રાયશ્ચિત્ત કરવાની મક્કમપણે ના પાડી; અને ઈ. ૧૮૪૬માં પોતાને ખર્ચે પોતાની સાથે ચાર મેડિકલ વિદ્યાર્થીઓને એ નવી વિદ્યા શીખવવા વિલાયત લઇ ગયા, ત્યાં લંડનમાં તેમનો દેહાંત થયો. કેન્સલ ગ્રીન ખાતે થએલા તેમના અંત્યેષ્ટિવિધિ વેળા ઇંગ્લંડનું રાજકુટુંબ તથા અમીરઉમરાવો હાજર રહેલાં.

પોતાની નિઃસીમ સખાવતો અને દિલાવર મહેમાનગતીને લીધે એ 'રાજા'નું બિરુદ પામેલા. રાજા રામમોહનરાય પછી દેશના સાંસ્કૃ-



રવીન્દ્રનાથ ઠાકુરનો જન્મ ઈ. ૧૮૬૧ની ૭મી મે ને સોમ(મંગળ?)વારે બંગાળી સંવત ૧૨૬૮ અને શક સંવત ૧૭૮૩ના વૈશાખ વદ તેરશના દિવસે રાતના ૨·૩૭ મિનિટ પછી તરત થયો હતો. બાજુમાં આપેલી કુંડલી અનુસાર મીન રાશિમાં રેવતી નક્ષત્રમાં મીન લગ્ન, વિપ્રવર્ણ અને દેવગણમાં જન્મ હતો. એમના પ્રથમ (લગ્ન) સ્થાનમાં ચન્દ્ર ને શુક્ર, તથા પછીના સ્થાનમાં મેષ રાશિમાં થએલો બુધ આદિત્યનો યોગ તેમને ભવિષ્યમાં પુષ્કળ દ્રવ્ય તથા કીર્તિ મળવાનું સૂચવે છે. પણ આ કુંડળીનું સૌથી શ્રેષ્ઠ લક્ષણ તો ચન્દ્ર ક્ષેત્રમાં બૃહસ્પતિના ઉચ્ચ સ્થાનથી થએલો વિનિમય યોગ છે; ઉપરાંત તેની દૃષ્ટિ શુક્ર અને ચન્દ્ર ઉપર પડતી હોવાથી ત્યાં નવપંચમ-યોગ પણ થયો છે, અને તે શુક્રને લીધે આ જાતક મહાકવિ થશે એમ દર્શાવે છે. વળી શુક્ર તૃતીયપતિ (ત્રીજા સ્થાનનો અધિપતિ) હોવાથી તેમને જગતયાત્રા કરવાનો યોગ થશે એમ પણ બતાવે છે. ઉપરાંત પાંચમા સ્થાનમાંનો રાહુ આ જાતક પોતાની માતૃભાષા ઉપરાંત અન્ય ભાષાનો પણ વિદ્વાન થશે એમ સૂચવે છે.

તિક ઉત્થાન અને દેશવાસીઓના કલ્યાણ તથા પ્રગતિ માટે એમના જેટલી સેવા કોઇએ કરી નથી. નવા યુગની પ્રગતિનાં પગલાંના ભણકાર એમણે સૌ પહેલાં સાંભળ્યા હતા અને એની સિદ્ધિ અર્થે એમણે પોતાની અવિરત શક્તિ અને અઢળક દોલત ખર્ચી નાખ્યાં હતાં.

દેવેન્દ્રનાથ ઠાકુર

એમના જ્યેષ્ઠ પુત્ર અને રવીન્દ્રનાથના પિતા દેવેન્દ્રનાથ ઠાકુર (ઈ. ૧૮૧૭ થી ૧૯૦૫) સ્વાભાવિકરીતે પિતાની મબલખ જાગીર અને રાજવી સંપત્તિના સ્વામી થયા; છતાં યુવાવસ્થામાં જ ઇશોપનિષદનું એક પાનું તેમના વાંચવામાં આવતાં લક્ષ્મીની લોલુપતા છોડીને પ્રભુની શોધમાં લાગી જવાના તેના પ્રબોધે તેમના મન પર એવી ચોટ મારી કે 'કાર ટાગોર ઍન્ડ કંપની'માંનું વેપારનું અધ્યક્ષપદ છોડીને તે ધર્મ-ચિંતન અને તત્ત્વજ્ઞાનના અભ્યાસ પાછળ લાગી ગયા. ઈ. ૧૮૩૯માં એમણે હિંદુ ધર્મ અને ઉપનિષદોના અભ્યાસ તથા પ્રચાર અર્થે 'તત્ત્વ-બોધિની સભા' સ્થાપી અને તેના મુખપત્ર 'તત્ત્વબોધિની પત્રિકા' દ્વારા તેમણે ધર્મ, શાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાનની કરેલી વૈજ્ઞાનિક ગવેષણા-ઓ તત્કાલીન બંગાળમાં મોટી વિચારક્રાન્તિ આણી.

ઈ. ૧૮૨૮માં રાજા રામમોહનરાયે એકેશ્વરવાદના પ્રચાર અર્થે થાપેલો બ્રહ્મોસમાજ ઈ. ૧૮૩૩માં ઈંગ્લંડમાં થએલા તેમના મૃત્યુ પછી ઢીલો થઈ ગયો હતો. ૧૮૪૨માં દેવેન્દ્રનાથે તેમાં જોડાઇને તેમા નવવિચારની ધારા દાખલ કરી. ૧૮૪૫માં તેમણે ચાર યુવાન બ્રાહ્મણોને ચાર વેદના પ્રચાર અર્થે કાશી મોકલ્યા. બે વર્ષ ભણીને તે પાછા આવ્યા ત્યારે દેવેન્દ્રનાથની આગેવાની તળે બ્રહ્મોસમાજે ઠરાવ્યું કે વેદ કે ઉપનિષદ બેમાંથી એકે અંતિમ શબ્દ નથી. પરંપરાગત માન્યતા-માંથી થએલા આ નવપ્રસ્થાને બ્રહ્મોસમાજના ઇતિહાસમાં ક્રાંતિકારી સીમાસ્તંભ રોપ્યો. ઈ. ૧૮૫૦માં દેવેન્દ્રનાથે એમનું જાણીતું પુસ્તક 'બ્રાહ્મધર્મ' બહાર પાડ્યું. જેમાં એમણે એકેશ્વરવાદ અને મૂર્તિવિહીન —નિરંજન નિરાકાર ઈશ્વરતત્ત્વ વિષેનાં હિંદુ તત્ત્વવિચારનાં સર્વ પ્રબોધસૂત્રોનું સંકલન કર્યું છે.

આ દરમ્યાન એમના પિતા દ્વારકાનાથ અવસાન પામ્યા, અને એ ફટકો અધૂરો હોય તેમ બીજા દારુણ ફટકા રૂપે એમની યૂનિયન બૅંક તૂટી તથા પરિણામે એમની બીજી પેઢીઓ પણ ભાંગી પડી. કાયદે-સર રીતે આ બધાંના દેવાની જવાબદારી દેવેન્દ્રનાથની જાત પર આવે તેમ ન હોવા છતાં, મિત્રો અને સંબંધીઓના સલાહ વિરુદ્ધ જઇને પણ એમણે નૈતિક રીતે કરોડ ઉપરાંતના એ દેવાનો ભાર પોતાના શિર પર લઇ લીધો. પરિણામે જે સ્થળે એક વાર લૉર્ડ ઑકલૅન્ડ તથા કલ-કત્તાના અમીરઉમરાવો અને ભદ્રજનોના ભોજન સમારંભો ગોઠવાતા એ બેલગછિયાનો રાજશાહી મહેલ, દ્વારકાનાથે મૂકેલું કીમતી જર-ઝવેરાત, સોનાચાંદીનાં વાસણકૂસણ તથા બધું મોંઘું રાચરચીલું એમણે વેચી નાખ્યું અને વર્ષો સુધી જીવનવ્યવહાર અત્યંત કરકસરભર્યો કરી નાખ્યો. કલકત્તાના સમાજમાં અદ્વિતીય એવા આ આત્મભોગે પ્રામાણિકતા અને ઉચ્ચ નૈતિક આદર્શવાન સજ્જન તરીકેનું મહર્ષિ દેવેન્દ્રનાથનું સ્થાન લોકહૃદયમાં આદરસ્થાને સ્થાપી દીધું.

આ પછી દેવેન્દ્રનાથે બ્રિટિશ ઇન્ડિયા એસોસીએશન આદિ સં-સ્થાઓમાંથી તેમજ સમાજમાંથી પોતાની પ્રવૃત્તિઓ સંકેલી લીધી અને થોડાં વર્ષ તો ધ્યાન ચિંતન માટે હિમાલયમાં જઈને ગાળ્યાં.

બ્રહ્મોસમાજના એવા જ ત્રીજા મહાન અગ્રણી કેશવચન્દ્ર સેનના તો એ ગુરુ અને અધ્યાત્મ-પિતા જેવા હતા. એ સમાજની વ્યાસપીઠ ઉપરથી એમણે બંગાળીમાં આપેલાં હૃદયને હલાવી નાખનારાં પ્રવચ-નોએ અનેક દિશાભૂલ્યાં માનવીઓને નીતિ અને ધર્મને પંથે વાળી



રવીન્દ્રનાથના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર



રવીન્દ્રનાથના માતા શારદાદેવી



તેરમે વર્ષે : ઈ. ૧૮૭૩-૭૪માં : પહેલી છબિ



૧૯મે વર્ષે : ઇ. ૧૮૭૯-૮૦માં : લંડનમાં વિદ્યાર્થી

સાત્ત્વિક જીવન જીવતાં કરી મૂકેલાં. એમના પવિત્ર જીવન અને પુનિત વાણીએ બંગાળમાં ધર્મ-પુનરુત્થાનનું મહાન કાર્ય કર્યું છે. બ્રહ્મોસમાજના સિદ્ધાંતો સમજાવતી અસંખ્યાત પુસ્તિકાઓ-પત્રિકાઓ એમણે લખી છે, અને એમની આત્મકથા 'આત્મજી વાણી' તો બંગાળી સાહિત્યનો ગૌરવ-ગ્રંથ ગણાય છે. ઈ. ૧૯૦૫માં ૮૭ વર્ષની પાકટ વયે કલકત્તામાં એ પુણ્યશ્લોક વિભૂતિનું અવસાન થયું.

બાળક રવીન્દ્રનાથના અભ્યાસની શરૂઆત ઈ. ૧૮૬૯-૭૦માં તેમની ૮-૯ વર્ષની વયે 'ઓરીએન્ટલ સેમિનારી' નામે શાળાથી થઇ. થોડા જ માસ પછી એમને 'નૉર્મલ સ્કૂલ'માં દાખલ કરવામાં આવ્યા, અને ત્યાં પણ થોડોક સમય ગાળ્યા બાદ એમના મોટા ભાઈ સમરેન્દ્રનાથ તથા ભાણેજ સત્યેન્દ્રપ્રસાદ ગાંગુલીની સાથે ઘેર શિક્ષકો રાખીને કેળવવામાં આવ્યા, જેમાં ગણિત, ઇતિહાસ, ભૂગોળ, બંગાળી ને અંગ્રેજીના ચાલુ વિષયો ઉપરાંત પ્રાથમિક ભૂમિતિ, ભૌતિક શાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને સંસ્કૃત વ્યાકરણ પણ હતાં. સાથેસાથે ચિત્રાલેખન અને કુસ્તી તથા કસરત શીખવનાર શિક્ષકો પણ આવતા. પોતાની આત્મકથા 'જીવનસ્મૃતિ'માં એમણે એ કાળનું વિશદ વર્ણન કર્યું છે. આજથી પિસ્તાલિસેક વર્ષ પર મૉડર્ન રિવ્યૂમાં આવતા એના અંગ્રેજી રૂપાતર પરથી શ્રી અંબાલાલ પુરાણીએ કરેલું ભાષાંતર તે કાળમાં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે બહાર પાડેલું. તેમાંથી એમના બાલ્યકાળનાં કવિત્વમય સંસ્મરણો સાંભળવા જેવા છે તે આવતે અંકે જોઇશું.

તમે આવશો?

ચન્દ્રકાન્ત બક્ષી

પોણા પાંચની પહેલી ટ્રામમાં મેં તમને કોઇકોઈ વખત જોયા છે,–ખાસ કરીને શિયાળામાં. શિયાળામાં પહેલી ટ્રામો લગભગ ખાલી જ હોય છે. તમે મિશન રો પાસેથી ચડતા, ઘણી વાર દોડીને પણ. અને એસ્પ્લેનેઇડ પાસે ઊતરી પડતા. તમે મને નહિ જોયો હોય. કદાચ જોયો હશે પણ ઓળખી નહિ શકયા હો; કારણકે સવારે તમે ચશ્માં પહેરતા નથી અને હું સેકન્ડ કલાસમાં હોઉં છું. મારા ત્રણ નયા પૈસા બચી જાય છે, અને બગાસાં ખાતા દૂધવાળાઓને લીધે બંધ બારીઓવાળો ડબ્બો ગરમ રહે છે. તમને હસવું આવે છે ખરું? મને હમેશાં બાજુમાં કોઈ બગાસું ખાતું હોય ત્યારે ગરમી આવી જાય છે. એનું કારણ ખબર નથી...

મને તમે જોયો નથી? ખેર, કંઈ વાંધો નહિ. બે વર્ષથી દર શિયાળે હું આ જ ટ્રામમાં આવું છું અને ધુમ્મસમાં દોડું છું. પેટ ઘટાડવા નહિ. મારે મોટું પેટ નથી. ફક્ત ભૂખ લાગે છે ત્યારે જ ખબર પડે છે કે એક પેટ ભગવાને આપ્યું છે. પણ મને દોડવાનો શૉખ છે. હું વર્ષો સુધી દોડ્યો છું. જેમ તમને મેમોરિયલ પાસેની પાળ પાસે બેસવાનો શૉખ છે એમ જ. તમે બેસો છો, ધુમ્મસમાં ટૅકસીઓ ઊભી હોય છે, હવાની ભીનાશને લીધે રૂવાં ઊભાં થઈ જાય છે, ને જે થોડાઘણા પડછાયાઓ દેખાય છે એ બધાનો રંગ એક જ જેવો હોય છે. રંગો પલટાય છે, તડકો આવ્યા પછી ઘાસ અને પાંદડાં ચમકવા માંડે છે, અને થરથરતાં કૂતરાં પાર્ક કરેલી ગાડીઓની નીચેથી બહાર નીકળે છે. માણસો કાન અને માથા પર બાંધેલાં મફલરો ખોલીને ગળાની આસપાસ લપેટે છે અને મારી કમજોર આંખોમાંથી ઝરતું પાણી સુકાવા માંડે છે. તમને તો એ બધાની ખબર છે...

ચાલો, ઊભા થઈશું? રેડ રોડ ચાલી નાખીએ. જેમ ડેલહાઉસી સ્કવેરની દફતરી દુનિયા બપોરના ગરમ હોય છે,એમ રેડ રોડ સવારના. મેમ સાહેબો ગાડીઓ શીખવા અહીં આવે છે; યૌગિક સાધનાઓ કરનારાઓ, કિચનર અને આઉટ્રામનાં પેલા ગનમેટલનાં ઘોડેસવાર બાવલાઓની નીચેનાં પગથિયાંઓ પર શીર્ષાસન કરે છે; શેઠ લોકો ધ્રુજતાધ્રુજતા છાપાં ખોલી શેરબજારના ભાવ વાંચે છે; એક જાડો ટ્રક-ડ્રાઇવર લોડ કરેલી ટ્રક રોકીને મેદાન તરફની રેઇલિંગ પાસે જતો હોય એવું મોઢું કરીને ટ્રકની બીજી તરફ પેશાબ કરવા બેસી જાય છે...

હું વિવિધતા માટે અહીં આવતો નથી. પહેલાં શૉર્ટ્સ પહેરીને હૉકી રમવા આવતી એક ઍંગ્લો-ઈન્ડીઅન છોકરી મને રોજ અહીં મળતી. પણ મને હજી એનો ચહેરો યાદ નથી. તમારો ચહેરો મને યાદ છે, કારણકે એ છોકરીના ચહેરા કરતાં વધુ રસિક છે. માણસોના ચહેરાઓમાં જ આટલી બધી વિવિધતા શા માટે છે? મને બધા વાઘ હમેશા એક જેવા જ લાગ્યા છે—ચિત્રોના, સર્કસના, જૂના. નારંગીઓ પણ બધી એક જેવી જ લાગે છે. બાળકોના ચહેરા પણ. મને લાગે છે કે ચહેરાઓના ફેરફાર વિચારો પર નિર્ભર હશે. માણસો મોટા થતા જાય છે તેમતેમ ચહેરા બદલાતા જાય છે, ખરું? વાઘ, નારંગી, ગુલાબના ખીલેલાં ફૂલો, એ બધાં વિચાર કરી શકતા નથી એટલે એમનામાં ફેરફાર થતો નથી. તમે શું ધારો છો?

ના, હું માનસશાસ્ત્રનો પ્રોફેસર નથી; કલાકાર પણ નથી. કલાકાર એટલે? જે સૌંદર્ય જોઇ શકે એ? જુઓ, મને સૌંદર્યમાં હમેશાં ક્રૂરતા દેખાઈ છે. કોઈ છોકરીનું નાક જરાક આડું લાંબું હોય એટલે એ બૂચી બની જાય, બદસૂરત ગણાય. એને જુઓ એટલે તમને પ્રેરણા ન સૂઝે. આ બધું ક્રૂર નથી? પણ મને ક્રૂરતા સામે ખાસ વાંધો નથી...

મને ઘણી વસ્તુઓ સામે વાંધો નથી. અચ્છા, તમને કંટાળો નથી આવતો મારાથી? કંટાળો એટલે નમ્ર વિરોધ. નમ્ર કે પછી નપુંસક? નપુંસક વિરોધ કે પછી સભ્ય વિરોધ? એ બધું એક જ છે અને જુદું-જુદું પણ છે. હવે બીજી વાત: કંટાળો એ સ્વાસ્થ્યની નિશાની છે કે અસ્વાસ્થ્યની? બુદ્ધિની કે અ-બુદ્ધિની? એ વસ્તુથી તમને ફાયદો છે કે નુકસાન? એ શા માટે આવે છે? શા માટે નથી આવતો? એની જરૂર? આપણી 'નર્વસ સિસ્ટમ' સાથે એને શો સંબંધ? પાળેલાં જાનવરોને તે આવે છે? જંગલી જાનવરોને? બાળકોને?

તમે કંટાળ્યા નથી? સરસ. હું પોતે કંટાળાને હજી સમજ્યો નથી અને મને પોતાને એના વિષેની કોઈ વૈજ્ઞાનિક સ્પષ્ટતા મળી નથી. પણ એ વસ્તુ છે મજાની—ધ્યાન ખેંચે એવી, રસિક, દિલચસ્પ. પણ બીજાને આવે ત્યારે જ, હોં.

બે દિવસથી વરસાદ જેવું છે. મને લાગે છે કયાંક પડયો છે જરૂર; અથવા પડશે. આ મોસમમાં તો વરસાદ પડતો નથી. બે-મોસમી વરસાદની મજા ઓર છે. બીજાઓને તો કંટાળો આવે છે, મને...

જુઓ, મારે એક દોસ્ત હતો. હૉસ્ટેલમાં અમે સાથે રહેતા. રોજ સવારે ઊઠીને હું એને રાત્રે આવેલાં સ્વપ્નો કહેતો. મને રોજ રાત્રે સ્વપ્નો આવે જ છે: ખરાબ કે સારાં. ખરાબ વધારે. તમને સ્વપ્નો નથી આવતાં? ખરેખર? માનસશાસ્ત્ર માને છે કે પાગલ માણસને જ ઊંઘમાં સ્વપ્નો આવતાં નથી. તમે ગભરાઈ ગયા? ખેર, પણ પાગલોને સ્વપ્નો નથી આવતાં એ ખરું છે. કદાચ એ લોકો જાગતાંજાગતાં જ સ્વપ્નો જોતા હોય છે. હા...હા...

ખરાબ સ્વપ્નો માનસિક સ્વાસ્થ્ય માટે બહુ જરૂરી છે. ખરાબ એટલે તમને ડર લાગે, મરી જવાનો, ડૂબી કે બળી જવાનો ભય લાગે, કોઈ સ્વજનનો તરફડાટ જોયા કરો, ગંદકીમાં ફસાઈ ગયા હો એવાં, અથવા તમને જાગ્યા પછી શરમ આવે એવાં સેક્સનાં. શરમાશો નહિ, એ 'પ્રોસેસ' છે, લગભગ દરેકને એવાં સ્વપ્નો આવી જાય છે, 'રીફ્લેક્સ', 'કૉમ્પ્લેક્સ'...એ બધી દુનિયા એવી જ છે.

હાં, આપણે શાની વાત કરતા હતા? ખરાબ સ્વપ્નોની. બરાબર. મારા દોસ્તને પણ સ્વપ્નો આવતાં ન હતાં અને હું એની મજાક કરતો કે તું પાગલ થઈ જવાનો છે. અને તમે માનશો નહિ, પણ એ ખરેખર પાગલ થઈ ગયો.

પછી એક વાર હું એને પાગલખાનામાં મળવા ગયો. એ મારામારી કરતો નહિ. મેં ખાસ રજા મેળવીને એની મુલાકાત કરી અને મળીને દુ:ખી થઇ ગયો. બહાર સુપરિન્ટેન્ડેન્ટે મને કહ્યું કે તમારો દોસ્ત 'નૉર્મલ' બની રહ્યો છે, પણ હજી વચ્ચે વચ્ચે સમતોલપણું ખોઈ નાખે છે. મેં પૂછ્યું શી રીતે? એણે જવાબ આપ્યો કે એક દિવસ સાંજે કપડાં કાઢીને નાગો થઇને એ બારીમાંથી જોઇ રહ્યો હતો. એને પૂછ્યું કે કપડાં શા માટે કાઢી નાખ્યાં છે, ત્યારે એણે જવાબ આપ્યો કે હું ભગવાનની બનાવેલી દુનિયા જોઈ રહ્યો છું. પક્ષીઓ, ઝાડો, ગાયો, ઘાસ, આકાશ, પથરા, બધાં નાગાં છે અને મેં કપડાં પહેરેલાં છે. મારે એ બધાંની જેમ 'નૉર્મલ' બનવું છે. સુપરિન્ટેન્ડેન્ટની સાથે મારે પણ હસવું પડયું. દુનિયામાં હસવું પડે છે. હસવાનું પણ સહન કરી લેવું પડે છે. શું થાય?

તમે થાકી ગયા લાગો છો. અચ્છા. આવો આ પાળ પર બેસી જઈએ. ટ્રામ-સ્ટૉપ દૂર છે; અને પાળ તો ભીની હશે. પણ પેલા જાડા માણસો હમણાં જ ઊઠ્યા છે એ જગ્યા ગરમ હશે. બેસો. તમને મારી વાતોમાં મજા આવવા માંડી છે એ નવું કહેવાય. એ વસ્તુ ખતરનાક છે.

સ્વાભાવિક રીતે તો હું કોઈ સાથે વાતો કરી શકતો નથી. સાંભળનાર માણસ થોડી વાત સાંભળીને જ ચાલતી પકડે છે. એની અસર એવી થઈ ગઈ છે કે હું સ્પષ્ટ, કડીબંધ વાતો કરી શકતો નથી. વાતો કરતાં આવડવી એ મોટી કળા છે. અને સાંભળતાં આવડવું એ તો મને ઈશ્વરી બક્ષિશ લાગી છે. મને લાગે છે આપણે પાછા કટાળાના મુદ્દા પર આવી રહ્યા છીએ, નહિ? અચ્છા, જવા દો.

હું થોડું ભણ્યો છું. થોડું એટલે ઘણું. બધું શરૂ કરીકરીને છોડી દીધું. સાત વર્ષ ભણ્યો અને એક પણ ડિગ્રી મળી નથી. જ્ઞાન તો અપૂર્ણ જ છે ને? અને જ્ઞાનનું કામ શું? માણસની અપૂર્ણતા બતાવવાનું. મને મારી અપૂર્ણતાનો ખયાલ આવી ગયો, એટલે મેં ભણવાનું છોડી દીધું. પછી રખડવાનું શરૂ કર્યું. બ્રહ્મચર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમની વચ્ચે એક આશ્રમની જરૂર હતી એમ મને હમેશાં લાગ્યા કર્યું છે. એમાં રખડવાનું આવી જાય; સ્ત્રીઓ તરફનું ગમતું આકર્ષણ આવી જાય. ખેર, હું બહુ રખડ્યો. બહુ એટલે થોડું. તમે મારી સામે આ રીતે કેમ તાકી રહ્યા છો? મારામાં કંઇ વિચિત્રતા લાગે છે તમને? બહુ એટલે થોડું જ ને? આવડી મોટી દુનિયામાં, અને આઈન્સ્ટાઇને 'સમય'નું પરિમાણ ઉમેર્યાં પછી હું જેને 'બહુ' ગણું છું એ કેટલું અલ્પ છે? લાઇટ ઇયરોની ગણતરીમાં મારાં થોડાં વર્ષોની શી ગણતરી?

હું થોડું રખડ્યો અને થાકી ગયો, બુદ્ધિ વાપરીને. થાકને અને બુદ્ધિને શો સંબંધ? ફ્લાવર વાઝના પાણીને અને એમાં રાખેલાં ફૂલોની ખુશ્બૂને છે એવો સંબંધ. આ મારી દૃષ્ટિ છે. દુનિયામાં બધું વ્યક્તિગત છે, અને બધું 'રીલેટિવ' (સાપેક્ષ) છે. આઇન્સ્ટાઇને મજાનું કામ તો એ કર્યું કે એણે રીલેટિવ શબ્દને બરાબર સમજાવ્યો. પણ વિજ્ઞાનના માધ્યમમાં. હું રીલેટિવ શબ્દ માનસશાસ્ત્રના માધ્યમમાં વાપરું છું.

આ 'રીલેટિવ' તમને સમજાયું? બહુ વાર નહિ લાગે. તમે એક દૃષ્ટાંત લો: કાળી છોકરી. લીઓનાર્દો દ વિન્ચી કે બોટીચેલીથી માંડીને રીવેરા કે મીરો સુધી બધા ચિત્રકારોમાં કાળી છોકરીઓ શોધવા માંડો. ક્યાંક કાળી હશે, ક્યાંક બ્લ્યુ, ક્યાંક લાલ... ક્યાંક છોકરી હશે, ક્યાંક નહિ હોય. ક્યાંક ખાલી લીટા, ટુકડા, ડાઘા, ટપકાં... રંગવાળાં, રંગ વિનાનાં. તમને કાળી છોકરી શોધવા છતાંય નહિ મળે. કલાકારે જોઇને જે અસર મેળવી એ તમારે જોવાની. જેવી કલાકારની દૃષ્ટિ. એને અસર થઈ હોય, ઓછી થઈ હોય, ન થઇ હોય—સૌસૌની વ્યક્તિગત અને 'રીલેટિવ' નજર. મોડેલ એક જ છે, દૃષ્ટિ ફક્ત 'રીલેટિવ'. દૃષ્ટિઓ 'રીલેટિવ' બની જાય છે, કારણ કે ધ્યેય એક જ છે.

મેં તમને કહ્યું કે નહિ કે મને કડીબંધ વાતો કરતા નથી આવડતી? આ બહુ અને થોડું અને ઓછું-એ બધું રીલેટિવ છે. અંતર, પૈસા, સૌંદર્ય બધું જ રીલેટિવ, માણસને ફલ્લુ બનાવવા માટે. રોજર બૅનિસ્ટર જેવા માટે એક માઇલ ચાર મિનિટની અંદર, અને કોઇ બીમાર બુઢ્ઢા માટે અરધો કલાક. એક રૂપીઓ એટલે? મારા જેવા બેકાર માટે ત્રણસો નયા પૈસા, તમારે માટે પચાસ અને ટૅાજ ગાડી ફેરવનાર માટે દસ નયા પૈસા! તમે જ કહો, આ સો નયા પૈસાની કલ્પના ફલ્લુ બનાવવા માટે જ કરી છે ને? રિક્શાવાળાને તો હજાર નયા પૈસાથી પણ એક રૂપીઓ બનતો નથી. એક વર્ષ એટલે ત્રણસો પાંસઠ દિવસ નહિ; એક કલાક એટલે સાઠ મિનિટો નહિ. સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને કરોડો તારાઓ પર વર્ષ અને કલાકની જુદીજુદી વ્યાખ્યાઓ છે. અરે, સૌંદર્ય જેવી સાદીસીધી વાતને જ લો ને! યુરોપમાં કાળા વાળ અને આંખો સોનેરી. અમેરિકામાં લાંબા પગ, ચીનમાં સાથળ, જાપાનમાં ગર્દન, લૅટિન પ્રજાઓમાં છાતી, આપણે ત્યાં આંખો... સ્ત્રીના સૌંદર્ય વિશે પણ કેવા જુદાજુદા ખયાલો છે! સૌંદર્ય, મર્યાદા, નૈતિક ધોરણો બધું રીલેટિવ દૃષ્ટિએ જ જોઈ શકાય. હું તો એટલે સુધી કહું છું કે માણસ ડાહ્યો છે ગાંડો એ પણ ચોક્કસ કેમ કહી શકાય? એને પણ રીલેટિવ...

તમે હસી શકો છો એ સારું છે. પણ હસવા જેવી નિર્દોષ વસ્તુમાં પણ ગેરફાયદો હોઈ શકે. ફૅશનની દુનિયાના તજ્જ્ઞો કહે છે કે બહુ હસવાથી આંખોની કિનારીઓ પાસે અને ગાલ પાસે કરચલીઓ પડે છે અને એથી ચહેરાથી સ્વચ્છતા ઓછી થઈ જાય છે; ચહેરો સુંવાળો રહેતો નથી, બુઢાપો આવી જાય છે. તમે શું માનો છો?

હવે હું મારી મૂળ વાત પર આવું. હું સીધો ચાલતો નથી, ખરું? એનું એક કારણ છે. હું એક સાથે ત્રણચાર જાતના વિચારો કરી શકું છું. હું શતાવધાની નથી. સો તો શું એક ટાઇમે એક કામ પણ કરી શકતો નથી. જુઓને મારી વાત પણ મને કહેતાં આવડતી નથી! પણ જાતજાતના વિચારો એકસાથે કરતાં મને તકલીફ પડતી નથી. તમે પ્રયત્ન કરજો, થાકી જશો. તમને થયા કરશે કે આ થઈ જ કેમ શકે? તો જુઓ, એને માટે તમને એક રસ્તો બતાવું. પહેલાં તમે સીધા બેસો, ચૂપચાપ; ને પછી મગજમાંથી બધું ખંખેરી નાખો; એટલે કે બધા વિચારો કાઢી નાંખો. એને યોગ ગણો, 'ઝેન બુદ્ધિઝમ' ગણો, ગમે તે ગણો; પણ મૂળ ધ્યેય છે ધ્યેય નહિ રાખવાનું. કોઇ પણ વસ્તુનો વિચાર જ નહિ કરવાનો. મગજમાં શૂન્યતા લાવી દેવાની. પણ જાગતા રહેવાનું. બધું જોવાનું, સૂંઘવાનું, અનુભવવાનું, સહન કરવાનું, પણ વિચાર નહિ કરવાનો. એ વસ્તુ કેટલી મોટી છે?—વિચાર જ નહિ કરવાનો! એ તો શરીરના લોહીના પ્રવાહને સ્થગિત કરી દેવા જેવું મુશ્કેલ છે; પણ કરવા ખરું. તમે પ્રયત્ન કરજો.

અચ્છા, હું ભણ્યો; પછી રખડ્યો; અને પરણ્યો નહિ. પરણ્યો નહિ એટલે? મારી સગાઈ તો બધાએ મળીને કરી આપેલી, એક ખૂબ ગોરી છોકરી સાથે. રેઈસના ઘોડા ખરીદવા નીકળ્યા હોઇએ કે કોઇ કંપની 'ડીનર' કરતી હોય ત્યારે રાખીએ એવી તકેદારી છોકરી પસંદ કરવામાં ન વાપરવી જોઇએ. કંપનીને આત્મા નથી હોતો, અને ઘોડાને અક્કલ નથી હોતી. છોકરીને આત્મા અને અક્કલ બન્ને હોય છે. પણ મારી સાથે જે છોકરીની સગાઈ કરી એને આત્મા હતો, અક્કલ ન હતી.

મને એક જ વાર લાગ્યું કે એને અક્કલનો જરાક ચમકારો આવી ગએલો. એ સગાઇ ત્રણ વર્ષ ચાલ્યા પછી એણે મને કહ્યું કે મારે તમારી સાથે લગ્ન કરવું નથી. પછી હું પરણ્યો નહિ અને મારી સ્થિતિ 'ખાધું, પીધું અને રાજ કર્યું' જેવી થઇ ગઇ.

તમે સિગારેટ પીઓ છો? હું પીઉં છું. હું એક જલાવી લઉં, વાંધો ન હોય તો. વાંધો તો શાનો હોય તમને? કરોડો માણસો પીએ છે. એક માણસ વધારે પી નાખવાથી દુનિયાને કે તમને કંઈ જ અસર પહોંચવાની નથી. હાઇડ્રોજન બૉમ્બનો ધુમાડો સહન થઈ જાય છે, પણ સિગારેટનો ધુમાડો હજી સહન થતો નથી. હા...હા...

આજે વરસાદ જેવું છે. પણ પડશે નહિ એમ તમે કહો છો? હું કહું છું કે પડશે. મેદાનમાં પેલાં બાળકો રમે છે એ તમે જુઓ છો? એ બધાં ખૂબ કિલ્લોલ કરી રહ્યાં છે, હસી રહ્યાં છે. એ બધાં હસી રહ્યાં છે એટલે જ વરસાદ પડશે. બાળકોને વરસાદ બહુ ગમે છે.

તમે વરસાદમાં પણ ફરવા આવો છો? મે મહિનામાં? તમે પણ ખરા છો. તમે શા માટે ફરવા આવો છો? તબિયત સુધારવા. જેમ ખરાબ આદતોથી તબિયત બગડે છે એમ સારી (અનુ૦ પૃષ્ઠ ૯૧મે)

કુંભકારની કલા

પુરાવસ્તુશાસ્ત્રની દષ્ટિએ

લેખક
ડૉ. હસમુખ ધીરજલાલ સાંકળિયા

માટીનાં વાસણો ને એમનો બનાવનાર કુંભાર સંસ્કૃતિના વિકાસમાં એક અદ્વિતીય સ્થાન ભોગવે છે એમ કહીએ તો પહેલી નજરે હાસ્યાસ્પદ લાગે. પણ આપણે ત્યાં ભારતમાં જ, જ્યાં જુઓ ત્યાં કુંભારને બ્રહ્મદેવ તરીકે ગણવામાં આવે છે. તે 'પ્રજાપતિ' કહેવાય છે, અને જે માન આપણે બ્રહ્માને સૃષ્ટિના કર્તા તરીકે આપીએ છીએ તેટલું જ માન લગ્ન આદિ જેવા શુભ અવસરોએ આપણે કુંભારને આપીએ છીએ. એ પ્રથાની પાછળ એક બહુ જ મહત્ત્વનું સત્ય છુપાયું છે, જેનું ભાન આપણી સંસ્કૃતિ અને સાહિત્યમાં તો હજારો વર્ષ પૂર્વે થએલું જોવામાં આવે છે. જોકે પાશ્ચાત્ય ઇતિહાસકારો અને અન્ય વિદ્વાનોને આ સત્ય છેલ્લા સોએક વર્ષ પર જ દેખાવા માંડયું છે.

હાથઉદ્યોગ પર આજે પ્રભુત્વ ભોગવતો યંત્રઉદ્યોગ તો હજી આજકાલનો ગણાય. હિંદમાં લગભગ તે ૧૦૦ વર્ષ જૂનો છે; અને તેના ઉદ્ભવસ્થાન યુરોપમાં પણ બસો–અઢીસો વર્ષથી વધારે જૂનો તે નથી. તે પહેલાં, દુનિયામાં બધે જ નાનામાં નાની વસ્તુથી માંડી મોટી વસ્તુઓ, માટીનાં વાસણો, લોઢાનાં હથિયારો કે કાપડ, ઘરનાં ઉપસ્કરો વગેરે હાથથી જ બનતાં. ત્યારે કારીગરોના સંઘો હતા : જેવા કે વણકર, લુહાર, સોની, કુંભાર, તેલી ઇત્યાદિ. આ સંઘો હાલની જેમ સ્થાપેલા નહિ પણ કુદરતી બની જતા. અમુક કુટુંબમાં અમુક એક કામ કે ઉદ્યોગ વંશાનુવંશ ચાલતો, અને કુટુંબ વિસ્તાર પામતાં બે-ત્રણ કુટુંબમાં વહેંચાતો. આપણે ત્યાં ઉદ્યોગો આવી રીતે જ ઊતરી આવેલા છે, પછી બેટી રોટી વ્યવહાર પણ આ કુટુંબોમાં જ મર્યાદિત રહેતો. આમ પેટા-જ્ઞાતિઓ જન્મી.

માનવ જ્યારે એક ઠેકાણે વસતો થયો ત્યારથી, લગભગ સૌ પહેલો, કુંભાર એટલે માટીનાં વાસણ બનાવનારનો ઉદ્ભવ થયો; અને જેમજેમ માનવીની જરૂરિયાતો વધતી ગઇ તેમતેમ જુદાજુદા ગૃહ-ઉદ્યોગોની શરૂઆત થઈ. માટીનાં વાસણો પણ સંસ્કૃતિનું એક સીમાચિહ્ન છે. જ્યારે માનવ એક ઠેકાણે ઠરીઠામ રહેવા લાગ્યો, તેને સાધારણ ખેતીવાડીનું જ્ઞાન થયું અને ધાન્ય પકાવવા તથા સંઘરવાને વાસણોની જરૂર પડી ત્યારે તેણે પોતાની બુદ્ધિ અને હસ્તકૌશલથી માટીના પિંડમાંથી એ વાસણો સર્જવાની કલ્પના દોડાવી. એ સર્જવા માટેનો કુંભારનો ચાક પણ સસ્કૃતિનું એક સીમાચિહ્ન છે. એ ચાક અંતે તો એક યંત્ર જ છે, એટલે એક દષ્ટિએ જોતાંએ તો યંત્રયુગની શરૂઆત તો જ્યારે કુંભાર ચાકથી વાસણ બનાવવા માડયા ત્યારથી જ થઈ. એની શોધ પહેલાં વાસણો હાથથી ઘડવા પડતાં, એટલે ઘણે ભાગે તે બેડોળ રહેતાં અને તેમાં વાર પણ બહુ લાગતી. આમ, સંસ્કૃતિના વિકાસમાં કુંભાર, એનો ચાક ને માટીનાં વાસણો એક બહુ જ મહત્ત્વનું પગલું છે.

માનવે આ પગલું ક્યારે ભર્યું? આજથી લગભગ ૭,૦૦૦ વર્ષો પહેલાં! છતાં આ કંઈ સૌથી પહેલો જ ગૃહઉદ્યોગ ન હતો. એની પહેલાં પણ માનવ જ્યારે લાખો વર્ષ સુધી જંગલી અવસ્થામાં હતો ત્યારે પણ પથ્થરનાં, લાકડાનાં તથા હાડકાંનાં હથિયાર બનાવતાં એને આવડતું હતું. અને આશરે વીસ હજાર વર્ષ પર તો હાડકાં અને નરમ પથ્થરમાંથી સુંદર, આબેહૂબ હાથી, ઘોડા, બળદ ઇત્યાદિ રમકડાં અને સ્ત્રીઓની આકૃતિઓ પણ માનવે બનાવી હતી. જુદીજુદી જાતના હાથઉદ્યોગોના—એ રમકડાંઓના, હથિયારોના, શિલ્પના ને ચિત્રકળાના પ્રાચીનમાં પ્રાચીન નમૂનાઓ આજે મળી આવે છે.

પણ કુંભાર–કુંભકારનો ઉદ્યોગ તો સાતેક હજાર વર્ષ ઉપર જ અસ્તિત્વમાં આવ્યો; અને હજુ પણ હિંદમાં કે જગતમાં મોટે ભાગે જ્યાં જ્યાં પાશ્ચાત્ય સંસ્કૃતિ પૂરેપૂરી પેઠી નથી ત્યાં સામાન્ય જનતાને પાણી પીવાનાં માટલાં કે અનાજ ભરવાની કોઠીઓ કુંભાર જ પૂરી પાડે છે. પણ આપણે જોઇએ છીએ કે હમણાં ઘણાં વર્ષોથી કુંભારો એક અમુક જ ઘાટનાં વાસણો બનાવ્યે જાય છે. એમાં ખાસ ફેરફાર દેખાતો નથી. આનું કારણ જાતજાતની ધાતુઓ—પહેલાં તાંબું, પછી કાંસું, પિત્તળ, જર્મનસિલ્વર, ઍલ્યુમીનિયમ, ને હવે સ્ટેઇનલેસ સ્ટીલના વાસણોનું આક્રમણ છે. એને લીધે માટીનાં વાસણોનો ખપ ઓછો થઈ ગયો. એથી એમાંથી વિવિધતા ગઈ અને એની પાછળ રહેલી કુંભારની વાસણો બનાવવાની તથા તેને વિવિધ ચિતરામણોથી વિભૂષિત કરવાની કળા પણ નાશ પામી.

કુંભારની કળાની આ અધોગતિ લગભગ બે હજાર વર્ષથી જ છે. ઈ. પૂર્વે ૩૦૦૦ વર્ષ પર તો કુંભારની કળા બહુ વિકસી હતી; ને એમાં પણ ખાસ કરીને માટીનાં વાસણોને ચીતરવાની કળા તો હિંદમાં લગભગ ૩૦૦૦ વર્ષ સુધી બહુ ફૂલી અને ફાલી. ગામેગામના કે જિલ્લા-જિલ્લાના કુંભારોએ માટીનાં વાસણોમાં જુદાજુદા આકારોથી અને અવનવાં ચિતરામણોથી વિશેષતાઓ ઉત્પન્ન કરી હતી. આથી હવે જ્યારે ૫૦૦૦ વર્ષો પછી આજે એ વાસણોના ટુકડા કે ઠીકરીઓ મળી આવે છે ત્યારે પુરાતત્ત્વવેત્તાઓ એ સિંધની સંસ્કૃતિના નમૂનાઓ છે, કે આ ગોદાવરી નદીની સંસ્કૃતિના એ ખાતરીથી કહી શકે છે.

પ્રાચીન વાસણો બનાવવામાં ને ચીતરવામાં કુંભારનું આખું કુટુંબ ભાગ લેતું. આજથી ચાર-પાંચ હજાર વર્ષ પહેલાં તો કુંભાર જાતજાતનાં વાસણો (પાણી પીવાનાં માટલાં ને અનાજ રાખવાની કોઠીઓ ઉપરાંત નાના મોટા વિવિધ જાતના વાડકાઓ, થાળીઓ, પ્યાલાઓ તપેલીઓ, ઘડાઓ) બનાવતો. મધ્ય પ્રદેશમાં ઇન્દોરથી ૬૦ માઈલ દક્ષિણે નર્મદા નદીને તીરે નાવડાતોલી નામના ગામના ખોદકામમાંથી આજે દારૂ પીવા તથા આઈસ્ક્રીમ ખાવા માટે જેવા નાજુક પાયાવાળા વાડકા વપરાય છે તેવા પાયાવાળા વાડકા હમણાં મળે છે. વધુમાં તે વાડકા તથા પાયાને ચિતરામણથી સુશોભિત પણ કરવામાં આવ્યા છે. બીજા એક વાડકાને હમણાં, ચાહની કીટલીમાં કે પથારીવશ માણસને પિવડાવવાને આપણે વાપરીએ છીએ તેવી નળી છે. આવી રીતે કેટલીક થાળીઓને પણ પાયા છે. અને કોઠારનાં નાનાંમોટાં વાસણો પણ બહુ સુંદરરીતે બનાવવામાં આવ્યાં છે.

જો કે વાસણ બનાવવાની રીતમાં બહુ ફેરફાર થયો નથી; બલ્કે અધોગતિ થઇ છે. કેટલાંક વાસણો ચાક ઉપર, કેટલાંકને અરધા હાથથી ને અરધા ચાક ઉપર ને કેટલાંક કેવળ હાથથી જ ઘડવામાં આવતાં. આ કામ ઘરની સ્ત્રીઓ કરતી. કેટલાંક વાસણો પર ચિતરામણને બદલે તીક્ષ્ણ હથિયારથી નકશીકામ કરવામાં આવતું. ઘણી વાર વાસણો સાધારણ સુકાઈ ગયા પછી તેલ વગેરે લગાડી મણકાઓના હારથી તેને બહારથી ઘસવામાં આવતા, એટલે વાસણો પર ઓપ (પૉલિશ) થતો. આજે તો વાસણો હિંદની પુરાતન ચિત્રકળાના નમૂના પૂરા પાડે છે, એટલું જ નહિ પણ તે સમયની ચિત્રો દોરવાની રીતો અને સામાજિક તથા ધાર્મિક રૂઢિઓ ઉપર પણ પ્રકાશ પાડે છે. કોઇકોઈ વાર એ ચિત્રોમાં જે પશુપક્ષીઓ, ફૂલો તથા વૃક્ષો દોર્યાં હોય છે તે એ



મથાળેથી (૧) લોથલમાંથી મળી આવેલો ઈ. પૂર્વે ૨૦૦૦ વરસ પરનો માળવી ઘાટનો, કાળા રંગે રંગેલો લાલ માટીનો લોટો; (૨) લોથલનો, એ જ કાળનો સિંધવી સંસ્કૃતિનું લાક્ષણિક પાત્ર પ્યાલો; (૩) નર્મદાતીરે નાવડાતોલીમાંથી મળી આવેલો ઈ. પૂર્વે ૧૫૦૦ વરસ પરનો આઇસ્ક્રીમ-કપ જેવો નાજુક દાંડીનો પ્યાલો; (૪) એ જ સ્થળ-સમયનો એવા જ ઘાટનો ત્રીજો પ્યાલો; (૫) એ જ સ્થળેથી મળેલું ઈ. પૂર્વે ૧૨૦૦નું નાળચાવાળું પાત્ર; (૬) હસ્તિનાપુરમાંથી મળેલું ઈ. પૂર્વે ૮૦૦નું કાળા રંગથી ચીતરેલું સ્લેટ રંગનું પાત્ર; (૭) એ જ સ્થળ-સમયની એ જ પ્રકારના ચીતરેલા માટીકામની રકાબી.

સમયના આપણા પશુ ને વનસ્પતિધનનો પણ તે પરથી ખયાલ આવે છે.

માટીનાં રમકડાં પણ કુંભકારની આ પાત્રકળા જેટલાં જ જૂનાં છે. એવાં સૌથી વધારે પ્રાચીન અને સંખ્યાબંધ તેમજ નાનાવિધ ઘાટનાં રમકડાં સિંધમાંથી મોહેં-જો-દડોના ખોદકામમાંથી મળ્યાં છે. આમાંના વાંદરાની આકૃતિવાળાં માથું ડોલાવતાં રમકડાં ત્યારનાં યુક્તિ-કૌશલની દૃષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે છે.

માટીનાં પ્રાચીન વાસણોનો પુરાતત્ત્વ દૃષ્ટિએ અભ્યાસ છેલ્લાં પંદરેક વર્ષથી જ થવા માંડ્યો છે. અને ઠેરઠેર થતાં ખોદકામમાં જે અસંખ્ય ઠીકરાં મળે છે તે બહુ જ ધ્યાનપૂર્વકભેગાં કરી તેનાં રંગ, ઘડતર, ચિતરામણ, ઘાટરૂપ વગેરેની દૃષ્ટિએ એના વિભાગો ને પેટાવિભાગો પાડવામાં આવે છે, જેમાંના મુખ્ય વિભાગો જોઈએ.

સૌથી જૂનાં છે સિંધુ સંસ્કૃતિનાં માટીનાં વાસણો. તે સાધારણ જાડાં અને રંગે બહારથી તથા અંદરથી લાલ છે. માટીને બહુ જ સરસ રીતે સાફ કરી, કેળવી, કેટલાંકને બહારથી કાળા રંગથી ચીતરી એટલી તો સારી રીતે એમને પકવવામાં આવ્યાં છે કે હજી સુધી તેનાં રંગ અને પોત એવાં ને એવાં જ રહ્યાં છે. સિંધ, બલુચિસ્તાન અને પંજાબથી સૌરાષ્ટ્ર ને ગુજરાતમાં છેક સૂરત સુધી આવાં ઠીકરાં મળે છે.

ત્યાર પછીના સમયનાં લાલ અને કાળા રંગનાં ચિતરામણવાળાં વાસણો મધ્યહિંદ, રાજપૂતાના, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર અને કર્ણાટક(મહીસુર)માંથી મળ્યાં છે. એમાં જાતજાતની પ્રાદેશિક ભિન્નતાઓ જોવામાં આવે છે ખરી, પણ સિંધુ સંસ્કૃતિના જેવી સુદૃઢતા નથી.

ઈ. સ. પૂર્વે ૭૦૦-૮૦૦માં ગંગા-યમુનાની ખીણમાં ભૂખરાં સ્લેટ જેવાં, રાખોડી રંગનાં ને બહારથી કાળારંગથી ચીતરેલાં માટીનાંવાસણો વપરાશમાં આવવા લાગ્યાં. પુરાણવસ્તુશાસ્ત્રમાં આવાં વાસણને 'પેઇન્ટેડ ગ્રે વૅર' કહે છે. તે આર્યોના એક જૂથે દાખલ કર્યાં હોવાનું માનવામાં આવે છે. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૪૦૦માં એ જ પ્રદેશમાં એટલે પટણા, અલ્લાહાબાદ, હસ્તિનાપુર વગેરે સ્થળેથી, બહારથી કાળાં, રૂપેરી કે સોનેરી પણ અતિશય ચકચકાટવાળાં વાસણો બનાવવાની પદ્ધતિ દાખલ થઈ. એવાં વાસણો સાધારણ રીતે NBP (નૉર્ધર્ન બ્લૅક પૉલિશ્ડ વેર)ના શાસ્ત્રીય નામે ઓળખાય છે. આવાં વાસણો કેવી રીતે બનતાં તે હજુ સુધી સમજાતું નથી. આજ અઢી હજાર વર્ષે પણ એનાં ઉપરનાં ચળકાટ ને પોત એવાં ને એવાં જ રહ્યાં છે. ઈ. સ.ની શરૂ લગભગ તદ્દન સાદાં લાલ વાસણો ઉપરાંત, ઉપરથી કાળાં પણ બેઠક આગળથી લાલ એવાં વાસણો લગભગ આખા હિંદમાં પ્રચલિત થયાં હતાં. આપણે ત્યાં જોકે લોથલમાંથી મળીઆવેલાં સિંધુ સંસ્કૃતિનાં વાસણોની સાથે જ તે મળવાથી, એમના જેટલી જ જૂની આવાં વાસણો બનાવવાની કળા ગણી શકાય. આવાં કાળાં-લાલ વાસણોમાં ખાસ કરીને થાળી, ખૂમચા, વાડકા અને લોટા જોવામાં આવે છે. અંગ્રેજીમાં જેને 'ડિનર સેટ' કહે છે તેવો, હિંદનો બે હજાર વર્ષ પહેલાંનો આ 'ડિનર-સેટ' છે.

આમ, માટીનાં વાસણો સંસ્કૃતિની પ્રગતિનું જ નહિ પણ સંશોધનને પરિણામે સમાજ કે રાજ્યકારભારમાં થતા ફેરફારોનું પણ એક બહુ સૂચક ચિહ્ન બની રહે છે.

(મુંબાઈ આકાશવાણી પરથી આપેલો વાર્તાલાપ: સંશોધિત કરીને)

નટ નાટક અને નાટકશાળા

ચન્દ્રવદન મહેતાની રંગ-ગઠરિયાં-૩

ગ્રોક

એટલે શું? કોણ?.
જુઓ નીચેનું ચિત્ર



એડ્રીઅનનો ઉતારો અમારી જ હોટેલમાં હતો એ જાણી ખુશી થઈ. નાટક જોઇ બહાર નીકળીને ઈટાલીની પ્રખ્યાત એક્સ્પ્રેસો કૉફી પી હૉટેલ ઉપર ગયા. ત્યાં ચકડોળે ચડેલું મન શાંત થાય જ નહિ. સવારે પીનોને પૂછવાનું નક્કી કરી માંડમાંડ સૂવા પ્રયત્ન કરું છું, ત્યાં રૂમમાંનો ટેલીફોન રણક્યો.

'હલ્લો! યેસ!, હાં, ઠીક; દસેક મિનિટમાં જ; બરાબર, લાઉન્જમાં.'


પીનો અને લૉરા ટી. વી.ના પ્રોગ્રામ માટે બહાર જાય છે. ઍડ્રીઅનને ઊંઘ નથી આવતી; ગુડનાઈટ વિના છૂટા પડયા એટલે એ વાતો કરવા માગે છે; હમણાં એ પણ લાઉન્જમાં આવશે. અમારે બેસી ગપ્પાં મારવાનાં. વાત તો ગમતી હતી, પણ... પણ...

'પણ હું એમ પૂછું પીનો સાહેબ, કે એ જનાબ છે કોણ?' પીનો કહે નારી જાતિને કપડાં પહેરતાં જેટલી વાર લાગે એટલો સમય તમારો. એ દરમ્યાનમાં જેટલું કહેવાય એટલું તમને કહું છું. અને મેં સાંભળ્યું. પછી નીચે ગયો. ત્યાંથી અમે હૉટેલની બહાર ગયા; ગાડી ખંખેળી; ગરમાવી; ચલાવીને દરવાજે લઈ આવ્યા અને બનેલાં ઠનેલાં લૉરાબાઈ પધાર્યાં. હું ઊતર્યો, એ બેઠાં, ગયાં, અને હું હૉટેલના એક ખૂણામાં ઍડ્રીઅન હતા ત્યાં ગયો. થોડીક ઘડીમાં પણ પીનોએ જે ઠીકઠીક વિગતો આપી દીધી હતી, એની સાથે આ વ્યક્તિનો તાળો મેળવવા માંડયો.

મારી ધારણા ખોટી હતી. સાઠ-પાંસઠ નહિ, એંશીને ઉંબરે એ કલેવર પહોંચી ગયું હતું. ૧૮૮૦માં જન્મ, એટલે ૭૯ વરસ; અને હજી એકાદ દાયકો તો આમ જ ખેંચી કાઢવાને શક્તિમાન. એ આ ઍડ્રીઅને જીવનભર કરોડો પ્રેક્ષકોને ખડખડાટ હસાવ્યા હશે! ગણો, રોજના પાંચ હજાર, તો મહિને થાય દોઢ લાખ. થોડા ઓછાં કરો તો લાખ. દસ મહિને દસ લાખ. સો મહિને, એટલેકે આઠ વર્ષે એક કરોડ! અરે માનો ને કે દસ વર્ષે એક કરોડ; તો પચાસ વર્ષે પાંચ કરોડ તો એ છામા ઓછા,—ગુજરાતની વસતિ કરતાં બમણા પ્રેક્ષકોનાં હાડકાંપાંસળાં એણે હચમચાવ્યાં હશે! ચાર્લી ચૅપલીન એમના જ્ઞાતિ-કુલભૂષણ; લૉરેલ અને હાર્ડી એની ન્યાતના; પણ પરદા ઉપર. આ સાહેબનો પડછાયો સરખો ત્યાં નહિ. સૌસૌનાં ચોગાન જુદાં; રીત-ભાત, ઢબછબ અનોખાં. એવા આ ઍડ્રીઅનની સામે હું જઇ બેઠો.

ઉજાગરો મારા સ્વભાવને અનુકૂળ નથી. રાત ઊંઘવા માટે નિર્માણ કરી છે, એવો મારો નમ્ર પણ મમતીલો મત. અને ઘણાંનો એવો મત હશે. છતાં જીવનભરમાં થોડીક રાતો તો સૌકોઇને યાદ રહી જ જાય છે. એમાં મોટે ભાગે પ્રેમસંવનનની રાત્રિઓ ગણાય છે. રામસીતાએ વાતચીત કરતાં આખી રાત ગાળી હતી એવું ભવભૂતિ કહે છે. મને કોઈ એવી પ્રેમની રાત્રિ યાદ નથી; પરંતુ આ રાત યાદ રહી ગઈ છે.

સરસ હૉટેલ, મસ્તમદીલું ફર્નિચર, ગાલીચા પરદા ચીતરામણો, ત્યાં એક ખૂણામાં અમે બે. મને થાય, કે ઍડ્રીઅનને હું શું પૂછું? ટેલી-ફોન ઉપર ઠીકઠીક વિગતો તો મને મળી ગઇ હતી. હવે વધારે શું જાણવું? એંશી વરસની લાંબી જિંદગીમાં એણે રોમ, વીએના, બુદાપેસ્ટ, બર્લિન, પારીસ, લંડન,–ટૂંકમાં યુરોપનાં કંઈક નાનાંમોટાં શહેરોમાં પોતાની કીર્તિ જમાવી દીધી હતી. સંસ્કૃત નાટકમાં આવતા વિદૂષક વિષે સુરતના એક વિદ્વાન પ્રોફેસર જે. ટી. પરીખના લેખો મેં વાંચ્યા હતા, પણ એ વિદૂષકને રંગભૂમિ પર કદી જોયો નહોતો, જોયો નથી. ઈ. ૧૮૫૦ પછીની ભારતીય રંગભૂમિ ઉપર વિદૂષકો નહિ પણ 'કૉમિક ઍક્ટરો' જોયા છે: મોગીલાલ, શિવલાલ, મૂળચંદ મામા, રોમિયો, જટાશંકર, ઘેળાભાઈ, બબલદાસ, જયંતી પટેલ, વગેરેને સારા પ્રમાણમાં માણ્યા છે. ક્યાંક ભવાઇઓમાં રંગલાઓને કુદાકડા મારતા અને દેશી સરકસોમાં મશ્કરાઓને ગુલાંટો ખાતા જોઈ હસ્યો છું. આ અહીં બેઠા છે ઍડ્રીઅન, બરોબર મારી બાજુમાં, એનું મોં સારી રીતે જોઈ શકાય એટલા માટે હું ઊઠી ત્રાંસો કાટખૂણે બેઠો. ઇટાલિયન સિયાન્ટીનો નહિ પણ બીઅરના એ શોખીન, એટલે આગળથી મંગાવેલા બે ગ્લાસ બીઅરના આવ્યા. એમાંથી એક લઇ, મને આપતાં એણે પહેલી વાત કહી, તે અક્ષરશ: નોંધું છું:



"યેસ સી. સી., તમે હેલ્સિન્કી જાઓ છો, ભારતના પ્રતિનિધિ છો. મને અહીંના ઇટા-લિયન ડેલીગેટોએ તમારી વાત કરી છે.'

જેઓ મને 'સી. સી.' કહે છે, તેઓ મારા ખરા દોસ્ત બની જાય છે. કોણ જાણે, મારો જન્મ ૬ઠ્ઠી એપ્રિલને દિવસે; અને ચારો (કે કીરો)ના મત પ્રમાણે 'સી'ના ત્રણ અને બીજા 'સી'ના ત્રણ એમ છનો આંકડો થતાં આ સમભાવ સંવેદન ઉત્પન્ન થતું હશે? ભગવાન જાણે!

'ચાર્લી અને હું પહેલવહેલા ૧૯૧૨માં ઇંગ્લંડમાં બર્મિંગહામમાં મળેલા. ત્યારે તો એ હજી ફ્રેડ કાર્નોની કંપનીમાં મૂક અભિનયની શરૂઆત કરતા. ત્યાં કોઇએ મજાકમાં જ એને પૂછ્યુ કે તમે ફિલ્મમાં કામ કરો ખરા? અને એ હસવામાંથી સાચું થઇ ગયું અને ચાર્લી ફિલ્મના સિતારા બન્યા. વેલ,વેલ, ફેંટે અને મોટો કોથળા જેવો પોષાક આપ્યો, ચાર્લીએ એમાં પોતાની જગપ્રસિદ્ધ મૂછ નહિ પણ મૂછડી ઉમેરી, અને પછી તો તમે જાણો છો.

૧૯૩૧ના માર્ચમાં મારે ફ્રાંસની દક્ષિણે માર્સેલ્સમાં પ્રેક્ષકો સમક્ષ પાઠ ભજવવાનો. ત્યારે ચાર્લી સામે કાંઠે આફ્રિકાના અલ્જીઅર્સમાં. કોઇકે એને કહ્યું કે માર્સેલ્સમાં સરકસમાં કોઈ 'ગ્રૉક' કરીને નામાંકિત ક્લાઉન ઊતરવાનો છે. એટલે, સી. સી., અલ્જીઅર્સથી પહેલી બોટમાં ટિકિટ નક્કી કરાવી ભાઇશ્રી ચાર્લી ચૅપ્લીન મને જોવા સીધા માર્સેલ્સ આવવા નીકળ્યા. મને તો ખબરે નહિ. પણ જેવો હું મારા કાતરિયામાંથી રંગરોગાન કરી સરકસના ચોગાનમાં જવા બહાર આવું છું કે લાગલો જ મારો ઇમ્પ્રેસારીઓ મારા તરફ ધસી, હાથ પકડી, જકડી કહેવા લાગ્યો: 'પ્રેક્ષકોમાં ચાર્લી પધાર્યો છે!' 'ચાર્લી ચૅપ્લીન?' મેં પૂછ્યું.

'હા, હા, ચાર્લી ચૅપ્લીન! દુનિયામાં એક જ છે, ચાર્લી.'

પ્રેક્ષકોની સમક્ષ પ્રત્યક્ષ થતાં જ મેં ચાર્લીને પકડી પાડ્યો. સી.સી.! પ્રેક્ષકો એટલે નટની અર્ધાંગના,—બૅટર હાફ. એના વિના નટના અભિનયની શી કિંમત છે? નહિ જ. અને એ મારો જૂનો જોગી જ્યારે પરદા ઉપર ચમકે છે ત્યારે એણે પણ એની તે સમયની અર્ધાંગનાનો વિચાર કરવો પડે છે. એવો મશહૂર નટ, આજે પ્રેક્ષકવર્ગમાં?! મારા આનંદનો પાર નહોતો. મને થયું આજે હું કંઈ અજીબનું કામ કરી બતાવું તો સારું! મેં ભલભલાં રાજા રાણીઓ સમક્ષ ગાંડાંઘેલાં કાઢ્યાં છે, પણ આજે તો બેઠો છે રાજાઓનો રાજા, હાસ્યસૃષ્ટિનો એક જ અનોખો સમ્રાટ, ચાર્લી! ભગવાન મારી લાજ રાખે! મેડિટરેનિયન (ભૂમધ્ય)સાગર ઓળંગી ફક્ત મને જોવાને જ એ પધાર્યો છે! વાહવાહ!

મારા દાખલ થતાંની સાથે જ એણે મોં મલકાવ્યું એ મેં જોયું. અને પછી તો એણે જે ખડખડાટ હસવાનું શરૂ કર્યું, તે આખરે આંખમાંનાં આંસુ લૂછવા એણે રૂમાલ કાઢ્યો તે પણ મેં જોયો. પછી તો બેવડ વળીને મુક્ત કંઠે એણે હાસ્યની છોળો વછેડાવી. એનો જીવ તો કાબૂમાં ન રહે એવી પરિસ્થિતિ આવી ગઇ. એના જેવી જ દશા પ્રેક્ષકોની હોય એમાં તો નવાઇ જ શી? પાઠ પૂરો થતાં હું મારા કાતરિયામાં જઇ જરા શ્વાસ ખાવા બેઠો, ત્યાં એણે આવીને મને અભિનંદન આપ્યાં: 'આટલું હું જિંદગીમાં ભાગ્યે જ હસ્યો હોઇશ, ઍડ્રીઅન; શાબાશ છે, હજારહજાર વાર શાબાશ છે!'

'ચાર્લી' મેં કહ્યું 'તમે પરદાના હાસ્યસમ્રાટ છો. મને જોઇ હસો છો, કારણ અહીં મારી ને તમારી વચ્ચે, પરસ્પરને જીવતાંજાગતાં જોયાનો સંબંધ છે. એ સૂક્ષ્મ ભેદને પરિણામે જ હું તમને હસાવી શક્યો છું, બાકી તમે તો...' મેં એની ઘટતી તારીફ કરી. ચાર્લી એટલે બહુ જબરો જાદુગર. દેશકાળનાં સૌ કોઇ માધ્યમથી એ પર છે, તઆજ્જુબ પમાડે એવી કલાનો એ કીમિયાગર છે. કારણ પચાસ ટકા બુદ્ધિ અને પચાસ ટકા હૃદય, બંનેનો એ પોતાના સર્જનમાં અદ્ભુત સમન્વય સાધે છે. એની એક આંખમાં હાસ્ય છે, બીજી આંખમા રુદન."

તમે પૂછશો કે આ ઍડ્રીઅન કોણ? મેં વળી વચ્ચે 'ગ્રૉક' પણ કહ્યું. એ ગ્રૉક કોણ? કહું; એને વિષે ઠીકઠીક કહીશ; કારણ આપણું મથાળું વાંચો: નટ, નાટક અને નાટકશાળા. આ મહાશયનો પહેલે જ પગલે પરિચય, એ મારે મન મારા પ્રવાસનું મંગલ ચિહ્ન હતું.

સ્વિટ્ઝર્લૅન્ડમાં એનો જન્મ. પિતા ઘડિયાળ સમારે. સાતમે વર્ષે આ ઍડ્રીઅન કાર્લ વેટાચ, (એટલે જ આ 'ગ્રૉક') એક દિવસ એક સરકસનો તંબૂ કાતરે; એના કાણામાંથી એક આંખે સરકસમા બનતા બનાવો ઉપર નજર આંતરે. એમાં એણે એમાંનો ક્લાઉન (વિદૂષક) જોયો, અને એનો માંહ્યલો સળવળ્યો. બાપની આગળ ક્લાઉન થવા અરજ નાખી. બાપે હા પાડી. એને સંગીત શીખવાની સગવડ કરી આપી. આઠ વર્ષની તાલીમે એણે ને એની બહેને એકલા દોરડા પર ચાલવાનું આખા સ્વિટ્ઝર્લૅન્ડમાં ફરીફરીને કરી બતાવ્યું. જાતજાતનાં સરકસમાં જોડાઈ, એમાં તબેલા સાચવવાનું, દરવાનનું, ચા-નાસ્તો લઇ જનારનું, રસોયાનું, પીઆનો સમારનારનું, પરદેશી ભાષા શીખવવાનું, અટપટાં લાઠી લેજિમ ખેલનારનું, નર્સનું, એવાંએવાં જાતજાતનાં કામો કર્યાં. છેવટે એના એક જોડીદાર ક્લાઉનનું નામ 'બ્રિક' હોવાથી, એની સાથે 'બ્રિક ઍન્ડ ગ્રૉક' એમ મેળ મેળવવા 'ગ્રૉક'નું નામ ધારણ કરી ક્લાઉન તરીકે ધંધો શરૂ કર્યો. કંઈક સરકસો ખૂંદ્યાં. બુદાપેસ્ટમાં રાટે સાથે, કૉન્સ્ટંટીનોપલમાં સ્ટકી બે પાસે, ધગધગતા અંગારા ખાનારા ઝીમરમૅન પાસે, અને વેન્ઝલ, માસ્સિમા તથા સ્પેનના બારાસેટા સાથે કામ કરી, તાલીમ લઈ વીસમી સદીની શરૂઆતમાં તો પોતીકું સરકસ જમાવી ઇસ્તંબુલથી મૅડ્રિડ, ને લંડનથી ન્યૂ યૉર્ક એમ અનેક નાનાંમોટાં શહેરોના પ્રેક્ષકોનાં મન સર કરી લીધાં.

ગ્રૉકે તે રાતે મારી આગળ વાતોનો અઢળક ખજાનો ઠાલવી દીધો. મુલ્કમશહૂર કલાકાર થવાને કેટકેટલી સાધના કરવી પડે છે, કેવાકેવા કપરા, વિકટ, કઠિન સંજોગોમાંથી પસાર થવું પડે છે, એનો દિલચસ્પ ચિતાર આપ્યો. અને એવી સાધના કરનાર જ ભૂખમરાથી શરૂ કરીને અંતે 'કિંગ ઑવ ક્લાઉન'નું બિરુદ મેળવી શકે છે, એટલું જ નહિ પણ જિંદગીને આરે દોલત પણ જમા કરી શકે છે, એ પણ જાણ્યું.

'સિનોર સી સી.! બત્રીસની સાલ. હું અહીં ઈટલીમાં એક દિવસ ઓનેગ્લીઆ શહેરમાં જરા આરામ ભોગવતો વરંડામાં બેઠો હતો, ત્યાં એક ઠસ્સાદાર અફસર જેવા દેખાતા આદમીએ આવીને રૂઆબમાં પૂછ્યું: "સ્પેનના બાદશાહ તેરમા આલ્ફોન્ઝો અહીં ઇટાલીમાં હવાફેર કરવા વારંવાર આવવા ઇરાદો રાખે છે. અને તે માટે મારે એમના નિવાસસ્થાન સારુ એક આલીશાં જગ્યા વેચાતી લેવાની છે. આ જગ્યા એ માટે મને ઠીક લાગે છે."

"પણ આ વેચવી છે કે કેમ, એ તો મહાશય! તમે પૂછતા જ નથી."

"બાદશાહ આ ખરીદવા માગે છે, એટલે મોં માગી રકમ આપવામાં આવશે. હવે શું કહો છો?"

"હવે મહાશય! અમે એમ કહીએ છીએ કે આ જગ્યાના માલિક જે અમે અહીં બેઠા છીએ તે પણ બાદશાહ છે."

"બાદશાહ? હેં? માફ કરજો: પણ આપ... ક્યાંના બાદશાહ!"

"અમે ક્લાઉનોના કિંગ, મશ્કરાના બાદશાહ, ગ્રૉક."

"ઓ ગ્રૉક! અલબત્ત! અલબત્ત! આપને કોણ નથી ઓળખતું? બહુવાર મેં આપને મૅડ્રિડમાં સરકસમાં જોયા છે. માફ કરજો, મેં આપને ઓળખ્યા નહિ. હવે આ આપનું મકાન છે, તો એક કૃપા કરો... આ સુંદર સ્થાન હું અંદરથી જોઈ શકું?" "જરૂર, જરૂર."

પછી તો બાગમાં ફરી એને મેં મારો બત્રીસ ખંડનો બંગલો ફેરવીફેરવીને બતાવ્યો. જતાં જતાં એ બોલ્યો "સાચેજ, બાદશાહને છાજે એવો જ આપનો રાજમહેલ છે."

એક વાર પારીસના પ્રખ્યાત ફૉલી બર્જ્યોરના શોમાં એને ભાગ લેવાનો. એમાં જીવસટોસટના ખેલ એને કરવાના. કદીક સરકસ બહાર તો કદીક સરકસની અંદર. એમાં એને મૉરિસ શેવાલિયે સાથે સારી દોસ્તી થઈ હતી. ત્યારે મુક્કાબાજીમાં એણે મૉરિસને ઘડીભરમાં ચત્તોપાટ નાખી દીધેલો. બર્લિનમાં ગૉબેલ્સે ખેલ પૂરો થતાં આવી કહેલું કે કાલે હિટલરને સરકસ જોવા લઈ આવીશ. બરાબર ખેલ કરજે. તો એ કહે કે 'વ્હાઇ?' આ એનું 'વ્હાઇ' એ એની જબરદસ્ત જગપ્રસિદ્ધ ખાસિયત. કંઇ પણ પૂછો તો 'વ્હાઈ—કેમ?' 'આપ કાલે મારે ત્યાં જમવા પધારશોને?' તો કહે 'વ્હાઈ?' 'અમારે ત્યાં બાગમાં ફૂલો ઘણાં સુંદર,' એમ કોઈ કહે તો એ કહે, 'પણ વ્હાઈ?' સરકસમા એના ગોઠિયા સાથે મોટે ભાગે આ અચાનક અણચિંતવ્યા ઠબકારાતા

'ઓહાઇ'થી જ ગમ્મતની લહેરો ઊપજતી, અને પછી તો હસવાનો રોગ એકવાર ચાલુ થયો કે હાડકાં-પાંસળાં અમળાવાનાં જ.

"લંડનમાં એકવાર ભારેની થઈ, ભાઇ. ત્યાંના કોલિઝિયમ થીએટરમાં અમે ખેલ કરીએ. ત્યારે મારા ખભામાં કોઇ એક ભારે દૈત્ય પૂસ્યો ન હોય એવો દુઃખાવો શરૂ થયો! કોઇએ મને એક નિષ્ણાત ડાક્ટરને ત્યાં મોકલી આપ્યો. એણે મને તપાસ્યો, અને મને કહે કે કંઈ ખાસ છે નહિ. જરા મન પ્રફુલ્લ કરો, ખુલ્લી હવામાં ફરો, તમારા વિચારોમાં અને કામકાજમાં જરા પરિવર્તન-પલટો આણો, ટૂંકમાં જરા આરામ, મનફેર, વાતાવરણમાં ફેર...તમે શો ધંધો કરો છો? મેં કહ્યું હું વાજું વગાડું છું. કહે કે ભલે; પણ એકાદ પખવાડિયું દરિયાપાર જઈ આવો. અથવા તો... હાં, હાં, કોલિઝિયમ થીએટરમાં એકાદવાર 'ગ્રૉક'ને જોઇ આવો. તમે એને જોયો છે? "જી...ના."

"તો તો જરૂર જાઓ. તમે એટલું હસશો કે તમારો અરધો રોગ નાબૂદ થઇ જશે."

"આપનો આભાર; પણ સાહેબ! આપની સલાહ મારાથી અમલમાં મુકાય એમ નથી, કારણ.." "કારણ...? પૈસા નથી?"

"કારણ હું પોતે જ 'ગ્રૉક' છું!"

ડાક્ટરને મેં કાર્ડ મોકલેલું તેમાં ઍડ્રિઅન વેટાચ છાપેલું હતું, એટલે બીચારા ડાક્ટરનો શો વાંક? ને પછી તો એ ખુરશીમાં હસતાં-હસતાં જે ફસડાઈ પડ્યો છે, તે માંડમાંડ બેઠો થઈ શક્યો. અને એનો ચેપ મને લાગ્યો, તે હું યે ધૂમ હસ્યો. અને માનશો? ખરેખર મને પછીથી સારું લાગવા માંડ્યું!'

બાદશાહ જ્યૉર્જ પાંચમાની હાજરીમાં એક ખેલ કર્યા બાદ એક નાનકડો પ્રસંગ ડ્યૂક ઑવ કૅનૉટને ત્યાં પણ ઊજવવામાં આવ્યો હતો. ત્યાં ખેલ પૂરો થયા પછી એક અનુચર ચિઠ્ઠી આપી ગ્રૉકને અંદર બોલાવી ગયો. મંડળી નાની હતી. કલબ જેવી જગ્યા હતી. ત્યાં ચર્ચિલ સાહેબ પણ બેઠેલા હતા. રાજવંશીઓ તો હતા જ. પણ શરૂઆત ચર્ચિલે કરી: 'ગ્રૉક! આલમભરમાં હાસ્યની લહરીઓ રેલાવવામાં ને મજાક-ઠઠ્ઠો કરવામાં અંગ્રેજોનો નંબર જ પહેલો આવે ખરું ને?'

'એમાંનો એક હું ખરો, એવું આપનું સૂચન છે, સાહેબ?'

'હાસ્તો, અલબત્ત.'

'તો સાહેબ! હું અંગ્રેજ નથી.'

'તમે, ગ્રૉક, ઇંગ્લિશ પ્રજાજન નહિ?'

'ના જી, હું સ્વિસ છું. સ્વિત્ઝર્લૅન્ડનો વતની છું.'

'તમારા દેશની મને ભારોભાર જાણ છે. બહુ ફર્યો છું. પણ ત્યાંથી હાસ્યરસની નિકાસ થતી હશે, એ તો મેં આજે જ જાણ્યું. ઠીક, તો 'ગ્રૉક' તમે અંગ્રેજી પ્રજાજન તરીકે નામ નોંધાવો તો સારું નહિ? હું ખોટો પડ્યો, એમાંથી બચી સાચો ઠરું!'

'તો સાહેબ! એના કરતા આપ એમ શા માટે હવે પછી ન કહો, કે દુનિયામાં મશ્કરાઓ બે જ દેશના, એક અંગ્રેજ, અને બીજા સ્વિસ.'

'ના, ના,' ચર્ચિલ કહે, 'એક સ્વિસ અને બીજા અંગ્રેજ!'

આવડો મોટો માણસ, આ ચર્ચિલ, ને એનું કેવડું મોટું દિલ?!

એણે બહુ વાતો કરી. મધરાત વીતી ગઈ હતી. હૉટેલ રીઅલના એ લાઉન્જમાં અમે બે જ બેઠા રહ્યા હતા. ન વ્હિસ્કી, ન વાઈન, ન લીક્યોર—કશાનો એ શોખીન નહિ; કેવળ બીઅર, જ્યાં સુધી મુંશન (મ્યુનિચ)નો ગ્લાસ મળે ત્યાં સુધી બીજાને હાથ ન લગાડે. અને આ આલીશાં હોટેલમાં શું ન મળે? જાતજાતના કિસ્સાઓ,—બાવેરિયાના રાજવંશની, બેલ્જીઅમના રાજવંશીઓ સાથેની, કંઇક વાતો કરી. નૂરચા થીએટરવાળાઓની પણ હકીકત જણાવી. ૧૮૯૫ની આસપાસથી શરૂ કરેલી જિંદગીનાં વિગતવાર પાનાં ઉથલાવવા માંડ્યાં.

'આ ધંધામાં અદેખાઈ ઓછી નથી, સી.સી.! કલાબાજોને કેમ પછાડવા, મારવા, પાછળ પાડવા, સતાવવા, એ માટે પણ કંઈ ઓછી તરકીબો નથી થતી. એક વાર લંડનમાં તખ્તા ઉપર હું વાયોલિન વગાડી પીઆનો પર ગયો. હજારો પ્રેક્ષકોની હાજરી. જેવો પીઆનોના સૂર ઉપર હાથ અજમાવ્યો કે મારી ત્રણે આંગળીઓમાં સડ દેતાક ને ત્રણ ચિરાડા પડ્યા! પણ ત્યાં ગભરાયે શું વળે? જાણે કંઈ થયું જ નથી, એમ, પીઆનો તપાસતો હોઉં એવો ચાળો કર્યો. ધીમેથી દબાવ્યો; તો બબ્બે સૂરની વચ્ચે ખાસ્સી એકેકી સેફ્ટીરેઝરની બ્લેડ કોઇએ આબાદ ગોઠવેલી!-એવી રીતે કે હમેશને માટે મારાં આંગળાં નિરુપયોગી બની જાય! બ્લેડો ખેંચી બહાર કાઢી. એક પછી એક એમ ચૌદ બ્લેડો બહાર કાઢી પ્રેક્ષકોને બતાવ્યા કરી. જેમજેમ વધારે નીકળતી જાય એમ હું વધારે હસતો જાઉં, એટલે પ્રેક્ષકોને પણ આ કોઈ નવી મજાક લાગતાં, એ પણ બધા ખૂબ જ હસ્યા. પણ પહેલી બ્લેડ જોતાં મારા શરીરમાંથી જે ચીરાડો પસાર થઈ ગયો હતો, એની તે શી વાત કરું? કોઇ અદેખાનું ખરેખર આ હીચકારું કારસ્તાન હતું. કોનું હશે, ભગવાન જાણે!

કલાકારોની દુનિયામાં પણ કડવા અનુભવો નથી થતા એવું નથી. કડવા ઘૂંટડા પી પીને તો આગળ વધાય છે; અથવા કહું તો આગળ વધવાને કડવા ઘૂંટડા પીવા જ પડે છે. લોકો એમ માને છે કે સરકસિયા એટલે ભટકેલ! નહિ. રિયાઝ, રિયાઝ, રિયાઝ! ભારેની જહેમત કરવી પડે છે. નહિ તો સાઠ વર્ષે પણ વીસ વરસનો કિશોર કરી શકે એવા ખેલો થાય કેમ? નાટક કરનારા નટને પણ ભારે તાલીમ લેવી તો પડે છે. પણ એ લોકો એક રીતે નસીબદાર છે. એમનો પાઠ કરનારા બીજા તૈયાર હોય છે. અમારી વિદૂષકિયા દુનિયામાં અમે માંદાસાજા થયા તો બાર જ વાગ્યા સમજો. વિદૂષક, કલાકન એટલે હાજરજવાબી, અવયવોની ચપળતા. વખતે કવખતે ગુલાંટો ખાવાની, બધાની જ અતિશયોક્તિભરી નકલો કરવાની, ઊંધે માથે વાજાં વગાડવાનાં; અને ઝૂલા ઉપરથી ઝીલણ-ઝૂલણમાં ક્યાંક એક તસુનો પણ સ્થળ અને સમયનો ફરક પડ્યો તો રામ બોલો ભાઈ રામ!-મોત! નિર્ભેળ મૃત્યુ જ સમજો. બહુ નિયમિત, વ્યવસ્થિત અને સ્વચ્છ જીવન જીવવું પડે છે. મારે મોટે રંગરોગાન કરવાનો ખંડ સાફ જોઇએ, બધી વસ્તુઓ ઠેકાણાસર જ હોવી જોઇએ. આટઆટલા પૈસા કમાયો, પણ મારાં ફાટેલાં મોજાં હું મારે હાથે જ સીવું, કપડાંની સાચવણી-ગોઠવણી હું જ કરું. ખેલ પછી કોઈ દારૂનો જલસો નહિ, ક્યાંયે રખડીપટ્ટી નહિ. ભલો એક આ બીઅરનો ગ્લાસ, ખાણું ને આરામની ઊંઘ. પચાસ પચાસ વરસ લગી ખેલ કર્યા, પણ દર ખેલ વખતે મારું એક જ ધ્યેય, કે અત્યાર સુધી જે કીર્તિ સંપાદન કરી છે તે છે એટલી તો રહે જ, પણ સ્હેજસાજે વધે તો સારું. તો જ કલા તમને યારી આપે, આવડત વધતી રહે, કામમાં તાજગી અને સ્ફૂર્તિ સંકોરાએલાં રહે.

અને આખરે ૧૯૫૪માં, ૩૦મી ઑક્ટોબરે હૅમ્બર્ગમાં મેં મારી છેલ્લી વિદાય લીધી. ગ્રૉકને ઍડ્રીઅને સલામ કરી, યા ગ્રૉકે ઍડ્રીઅનને સલામ કરી. મારા મેકઅપમાં મને હમેશાં જરા વધારે વાર લાગતી; નાનામાં નાની રેખા ઉપર પણ હું બહુ ધ્યાન આપતો. લોકોનું મનોરંજન કરવા, એમનાં દિલ જીતવા, એમને ખડખડાટ હસાવવા, એમાં એક કોઈ ચાર્લી ચૅપલીન કે ભારતના મહારાજા બેઠા હોય, કોઈ એક નિષ્ણાત વકીલ, ડાકટર કે કારીગર, યા સામાન્ય કક્ષાના મજૂર બેઠા હોય, કોઈ રાજ્યદ્વારી કાયદા ઉકેલનાર કે તેને વધારે ગૂંચવણભર્યા કરનાર ગૉબેલ્સ કે હિટલર બેઠા હોય,-અને એવા બધા જાતજાતના

પ્રેક્ષકો ગ્રૉકને જોવા આવી ગયા છે–એ બધાની ચપળ ચકોર ચબરાક બુદ્ધિને છેતરવી, જકડવી, હવે શું થશે યા શું બોલાશે એનો અણસારો સરખો યે આવવા દીધા વિના અભિનય ચમકાવવો કે વાચા ફોડવી, એ કંઈ સહેલું કામ નથી. રોજ બારબાર કલાક, અને ભરજુવાનીમાં તો દિવસના ચૌદચૌદ કલાક મહેનત-જહેમત ઉઠાવી છે. તાલીમ તાલીમ તાલીમ; પરસેવે રેબઝેબ થઈ જવાય એટલી તાલીમ લીધી છે. જરા યે નવરાશ નહિ એકલો બેઠો હોઉં ત્યારે વિચારમાળાના મણકા ફેરવ્યા જ કરું. નવુંનવું વિચાર્યાં જ કરું. કયું પ્રેક્ષકોને ગમશે એના સરવાળા-બાદબાકી કર્યા જ કરવા પડે. જોકે બધાને હવે નવું નથી લાગતું, પણ પહેલી ફેરે, મને સરકસના ચોગાનમાં ખેલ કરતાં જ એક વિચાર સૂઝેલો, અને હજારો વાર એ મુજબ કરી મેં પ્રેક્ષકોને હસાવ્યા છે, તે ખુરશી-પીઆનોનો કિસ્સો. મારો સાથીદાર કોકો અને હું ચોગાનમાં ખડા છીએ, ને મારે પીઆનો વગાડવાનો છે. પણ ખુરશી અને વાજા વચ્ચે ખાસ્સું ત્રીસ ફીટનું અંતર. હવે શું થાય? સિનોર સી. સી., કહો, હવે શું થાય? ખૂબ જ માથું ખંજવાળતાં ત્યાં વિચાર સૂઝ્યો અને અમે બે પીઆનોને ધીમેધીમે કાળજીથી હડસેલતા, ઠોચકતા, પાડતા-પછાડતા, પીઆનો નીચે દબાઈ-ચગદાઈ જતા, માંડ-મુસીબતે પીઆનો ખુરશી પાસે લઈ જઈ શક્યા! દરમ્યાન આ ચેલા તુક્કા ઉપર લોક આફરીન થઈ ગયું, હસતું ખાળી ન શક્યું. મૂરખ, સિલી, બિનઅક્કલિયા કરતૂક; કબૂલ; પણ અમે બે ડફોળનો જ પાઠ કરતા હતા ને? ને એમાં લોકને ઠગી રહ્યા હતા, એ કંઇ નહિ? કહો, કોણ ડફોળ?

હા જી, આજે પાંચ વર્ષ થયાં, ૧૯૫૪માં મેં વિદાય લીધી તેને. મોં ઉપર લેપડા કરી, આયનામાં જોતાં આ ઍડ્રીઅને ત્યારે છેલ્લી વાર 'ગ્રૉક'ને જોયો; ધારીધારી ધરાઇધરાઇને જોઇ લીધો. ત્યારે હું કુસ્તીબાજ, મુક્કાબાજ, કેટલાય જાલિમ ગડિયાઓને બાથ ભેગા કરી 'ચિત' બોલાવનાર, આ ગ્રૉકને જોઇ આંખમાંથી દડદડ આંસુ પાડી રહ્યો હતો. ગ્રૉક એ પડછાયો હતો? ના, ગ્રૉકે જ મને કીર્તિ, ધનદોલત વિજય સંપાદન કરાવ્યાં હતાં. કોણ રીઅલ? કોણ સાચું? ઍડ્રીઅન-માંથી સજીવ સૃષ્ટિ સમક્ષ કોણ છતું થતું હતું? ગ્રૉક, એ આ ગ્રૉક, આજે ઈશ્વરનો સ્વાંગ ધરે છે! મોડું થતાં મારું બારણું ઠોકાયું ત્યારે હું એ સમાધિમાંથી જાગ્યો; મારો લેબાશ પહેરી હું બહાર નીકળ્યો; પ્રેક્ષકો સામે ચોગાનમાં ભારે પગલે, રૂંધાએલા હૃદયે જઈ ઊભો. દસ મિનિટ સુધી એમણે મને વધાવ્યો. એ દરમ્યાન હું કંઇક સ્વસ્થ થયો. પચાસ વ પહેલાં જે ઊમળકે પાઠ ભજવ્યો હતો, એ જ ઊમળકાભેર ખેલ ભજવ્યો. ફૂલના ઢગલા નીચે લદાઈ હું પાછો મારા કાતરિયામાં આવ્યો. મોં ધોતાં પહેલાં ફરી એક વાર ગ્રૉકની આખરી વિદાય લઈ લીધી. દાબડા બંધ કર્યા, કપડાની ગડી કરી, ઓરડી સાફ કરી, બધું વ્યવસ્થિત ઠીકઠીક કરી પાછો આ ઍડ્રીઅન બહાર આવ્યો.

ઘણું કમાયો, કીર્તિની પરાકોટિએ પહોંચ્યો. મારી પાસે જે કંઇ હતું એ બધું વ્યક્ત કરી, હવે એક ડગલું પણ વધારે મારા પોતાના વિકાસમાં આગળ ભરી શકું એમ નથી એની પૂરી ખાતરી થઇ ત્યારે મારી લગભગ બધી જ આશાઓ–અભિલાષાઓ બર લાવવા માટે આપણા મહાન સરજનહારના ઉપકાર માની, મેં આ પાછી 'સામાન્ય સજ્જન'ની જિંદગી શરૂ કરી.'

રાતના એકના ટકોરા સંભળાયા. પીનો ને ઝૉરા આવ્યાં હોય એવું લાગ્યું. હા એ બે જણા જ દાખલ થયા. 'અમારે ગરમ ગરમ એક્સપ્રેસો કૉફી પીવી છે, તમે બે પણ પીશોજ ને?' અને કૉફી આવી, પિવાઈ ત્યા પછી ઍડ્રીઅન પીનોને કહ્યું: 'આ સિનોર સી સી નો આભાર માનો. ઘણ કલાકથી હું એને પજવું છું. આવો શ્રોતા મને ક્યા મળે? હું તો મારા સ્વાર્થને લઈ અત્યારે ગ્રૉકને સજીવન કરી રહ્યો હતો.'

'તો ઓ. કે ?' પીનો કહે.

'હા! ઓ. કે.! જુઓને સિનોર સી.સી., પીનોને હવે આ મારું ઘરડે ઘડપણ મારી જીવનકથાના કિસ્સાઓ ટેલીવાઈઝ કરવા છે મારે મારો જીવનવૃત્તાંત પણ લખવો છે. અને આ સાહેબ મડમને કિસ્સાઓ પણ જોઇએ છે. તમે અહીં ન હોત તો હું એકલો યાદ ન કરી શક્યો હોત. હવે અંતરનો માંહ્યલો જાગી ગયો છે; ગ્રૉક બેઠો થયો છે. ખંડમાં જઈ નિરાંતે સૂઈ જઈ સવારે ઊઠીને આ સાહેબને જે લખાણ જોઇએ છે તે લાવી આપીશ. હવે આપણે કાલે નાસ્તા પર નહિ, લંચ વખતે પણ નહિ, સાંજે ચાર વાગ્યે મળીશું. ગુડ નાઇટ! પીનો સવારે મારા ખંડમાં અરધો ડઝન કાગળનાં પેડ...'

'બધું તમારા ખંડમાં મે લૂક હશે. તમે લખી નાખો એટલે બસ.'

'તો ગુડ નાઈટ સી.સી. કંઈ અગત્યની વાત કહેવાની રહી ગઈ હશે તો કાલે કહીશ. તમે તો નાટક લખો છો ખરું ને? નાટક કોને કહેવું–ખરાને કે ખોટાને?–તેનો એક કિસ્સો તમને કાલે કહીશ. ગુડનાઇટ!'


ના જી; ગુડ નાઈટ તો બરાબર, પણ ઊંઘ બરાબર ન આવી. ચગડોળે ચડેલા ચિત્તે મળસ્કાને છેડે સ્વપ્નની ભૂમિમાં ચકરડીભમરડી રમવા માંડી: ગ્રૉકને સ્વિટ્ઝર્લૅન્ડનું ગામ બીએલ બહુ ગમે. ત્યાંથી આભ-ઊંચો એક થંભો આકાશ ચીરી યુરોપને આવરી લે એવો ગુંબજ બનાવતો ખડો છે. એવા તંબૂમાં મૅડ્રિડને છેડેથી ઝોલા ખાતો હીંચોળો જાય હિલોળો કરતો બીજે નાકે મૉસ્કો પર, અને લંડનને છેડે ઊંચી ઘોડી ઉપર બાંધેલી રસ્સી લગાતાર સીધી સડસડાટ ચાલી જાય કૉન્સ્ટાન્ટીનોપલમાં. એમા એક હીંચોળે ગ્રૉક ટિંગાયો છે. એના હાથ ઉપર કોકો લટકે છે. કોકોના હાથ ઉપર કસાએલા શરીરની એક કિશોરી વળગી છે. એ અધ્ધર હવામાં ઝોલા ખાતી છટકી, સામે ઊંધે મસ્તકે લટકતા ગ્રૉકના હાથ ઉપર ભટકાતાં એ એને ઝીલી રહે છે. ત્યાં પેલા દોરડા ઉપર બે પૈડાની સાઇકલ ઉપર ગ્રૉક, એને ખભે બે જીવતા બારકસો, હાથમાં મગદળ,...એમ ચોખંડે ભમતા ક્યાંક તસુપૂર કે દોરાપૂર વજન, ઝડપ કે અંતરમાં ફરક પડ્યો તો...'

પણ હજારહજાર વાર આવી રમણભ્રમણ કરતાં છતાં એમ નથી બન્યું. બન્યું એટલું કે મળસ્કું પસાર થતાં જે એ તગ ઘડીએ આંખ ખૂલી ગઇ અને મનમાં બબડાટ ઊઠ્યો, તે ચેરી મારી હજુરીઆને બોલાવી, ગરમાગરમ ચા મંગાવી ત્રણ કપ પેટમાં પધરાવ્યા, ત્યારે જ કાળજું આ માયાવી સંસારના કહેવાતા 'સાચા માર્ગ' ચાલવા ઠેકાણે પડ્યું.

એ સવારે રોમથી પંદરેક માઈલ (અટલેકે ચોવીસ કિલોમીટર) દૂર આવેલું એક ફ્રાસ્કાતી નામનું સુંદર સ્થળ જોવા ઊપડી ગયો. ત્યાંના ત્રણ વિલાઓ, એમાંના ઓરડાઓમાંના, ઝુમ્મરોનાં ચિત્રકામ જોવા જેવા છે. તે જોઇ આસપાસના અત્યંત રળિયામણા બાગોમાં ફરી, ત્યાંના જ એકાદ રેસ્ટોરાંમાં કંઇક ખાઈ ચારેક વાગ્યે હોટલમાં પાછો ફર્યો. ત્યા પીનો અને લૉરાટીની ચિઠ્ઠી મળી કે આવો એવા તરત જ ટેલિવિઝન સ્ટેશન ઉપર દોડ્યા આવજો. હોટેલ બહાર અમારી ગાડી પડી હશે. એનો નંબર પણ એમાં લખેલો, અને ચલાવવાની ચાવી રિસેપ્શનિસ્ટના પાસે. પણ અહીં આ ઢગાભાઇને શી દા'ડે ગાડી ચલાવતા આવડતા હતા જે! અને આવડે તોય લાઇસેન્સ ક્યાં? અને તેમા વળી આંતરરાષ્ટ્રીય યા કૉન્ટિનેન્ટલ લાઇસેન્સ. અને તે ઉપરાંત ભારતમા જે ડાબે તે અહીં જમણે અને ત્યાં જે જમણું તે અહીં ડાબું. એના કાયદાકાનૂનના કોને માહિતી હતી જે? એટલે ટૅક્સીનો આશરો શોધવા રિસેપ્શનિસ્ટને કહેવા ગયા. ત્યા તરત જ એણે પેલી ગાડી, તથા એની ચાવીની વાત કરીને શૉફરની વ્યવસ્થા કરી,—એટલેકે પોતાના કોઈ મળતિયાને ત્યા બેસાડી પોતે જ ગાડી હાંકી મને ટેલિવિઝનના મથક ઉપર હંકારી ગયા. (ક્રમશઃ)

જાતજાતનાં શાકપાનના ગુણદોષ





ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ની


લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય'નો ૧૫મો હપતો

ધરતીમાતાના વિપુલ ભંડારમાંથી અનેક પ્રકારનાં પોષણતત્ત્વોવાળાં શાકપાન મળે છે. શાકપાન મુખ્યત્વે ચાર રંગનાં હોય છે: લીલાં, પીળાં, લાલ ને સફેદ. લીલા તથા પીળા રંગનાં શાક વિટામિન 'એ' અને વિટામિન 'બી'નાં ધારક છે. મોટા ભાગનાં લીલાં શાકપાનમાં વિટામિન 'સી' પણ છે. સફેદ શાકો (કે શાકોના સફેદ ભાગો) કરતાં પીળાં અને લાલ શાકોમાં વિટામિન 'એ' વધારે હોય છે. કૅાબીજનાં ઉપરનાં લીલાં પાંદડાં કરતાં અંદરના સફેદ ભાગમાં વિટામિન 'એ' ઘણું ઓછું હોય છે.

શાકપાનના મુખ્ય બે ભાગ છે: (૧) લીલોતરી શાક તથા પત્ર-શાક (ભાજી) અને (૨) કંદ તથા મૂળ. લીલોતરી શાકમાં પાછા ત્રણ પ્રકાર છે: ફૂલ, ફળ ને શિંગો. પત્ર-શાકમાં કૅાબીજ ને બધી જાતની ભાજીઓનો સમાવેશ છે. કંદ ને મૂળમાં બટાટા, શક્કરિયાં, રતાળુ, ડુંગળી, લસણ, ગાજર, મૂળા વગેરે આવે.

શાકપાનના બધા પ્રકારમાં શ્રેષ્ઠ છે ખનિજક્ષારો તથા વિટામિનોથી સમૃદ્ધ ભાજીઓ. વાગ્ભટ્ટ પણ શાકપાનના ગુણોના ક્રમમાં ભાજીને પ્રથમ ગણાવે છે. पत्रं पुष्पं फलं नालं कंदं च गुरुता क्रमात्॥ (સૂત્રસ્થાન ૬: ૧૧૪) પાંદડાં, ફૂલ, ફળ, દાંડી ને કંદ ઉત્તરોત્તર ભારે છે. ભાવમિશ્ર પણ આવું જ કહે છે; જ્યારે સુશ્રુત ફૂલને પહેલું મૂકે છે.

પત્ર-શાક



ભાજીઓમાં પુષ્કળ પાણી, થોડું કાર્બોહાઇડ્રેડ, ઓછું પ્રોટીન, ને એથી યે ઓછી ચરબી હોવાથી એનું શક્તિદાતા મૂલ્ય ઓછું છે. મોટા ભાગની ભાજીઓમાં કાર્બોહાઇડ્રેડનું ઠીક પ્રમાણ શકરા રૂપમાં હોઈ તે જલદી શોષનીય છે. ઉપરાંત ભાજીઓમાં લોહ, કૅલ્શ્યમ, ક્લોરીન અને ફૉસ્ફરસ છે. ઘણી ભાજીઓમા થોડુંઘણું આયોડીન પણ છે. વળી તેમા વિટામિન 'એ', 'બી' અને 'સી'ની વિપુલતા, તેમજ વિટામિન 'બી-૧'નું પણ ઠીક પ્રમાણ હોય છે. આને આધારે જ ભાજીઓનું રક્ષણાત્મક પોષણમૂલ્ય છે. હાઇપોક્રોમિક ઍનીમિયા (રક્તક્ષય) અને કૅલ્શ્યમની ન્યૂનતા જનિત રોગોમાં એ ઘણી ગુણકારી છે. મધુમેહ અને મેદોવૃદ્ધિના રોગીઓને પેટ ભરીને ખાઈ શકાય એવો પથ્ય આહાર ભાજી જ છે. વળી પાંદડામા રહેલા પોષણદ્રવ્યો શોષાયા બાદ બાકી રહેતા રેસાવાળા ને અદ્રાવ્ય કાષ્ઠદ્રવ્યો (સેલ્યુલોઝ) ઉપર આંતરડા સંકોચાવાથી દસ્ત પણ સાફ આવે છે.

ઋતુ અનુસાર વિવિધ જાતની ભાજીઓ થાય છે. જેવી કે સૂવાની ભાજી દિવાળી ઉપર, તો મેથીની ભાજી શિયાળામાં; ઉનાળામા તાંદળજાની ભાજી તો ચોમાસામાં વરસાડોડીની ભાજી થાય છે. વળી ઋતુ પરત્વે પત્ર શાકના આહારના વિશિષ્ટ ગુણ હોવા સંભવ છે. આથી જ કવખતની પાકેલી ભાજીની પસંદગી વિષે સુશ્રુતનું કથન છે કે 'ખરસટ, બહુ પાકાં પાનવાળી કે જીવજંતુથી ખવાએલી ને ખરાબ સ્થળે ઊગેલી ભાજીનો ત્યાગ કરવો'(સૂત્રસ્થાન ૪૬ : ૧૮૧). ચરક પણ ત્યાજ્ય શાક માટે આ પ્રમાણે લખે છે: 'જીવજંતુથી ખવાએલું, પવન ને તાપથી સુકાએલું, વાસી, અકાળે ઉત્પન્ન થએલું, જેને રાંધવામા ઘી ને તેલનો વપરાશ ન થયો હોય ને જેમાથી રસ નિચોવી ન નાખ્યો હોય તે શાક ત્યાજ્ય છે.' (સૂત્રસ્થાન ૨૭: ૩૧૧) વિશેષ વપરાતી ભાજીઓ આટલી છે: સૂવા, મેથી, તાંદળજો, પાલખ, કોથમીર, લૂણી ને મૂળાનાં પાન. વધારામાં ગામડામાં ખટૂમડી મોરસ ને કોબીની ભાજી ઉપરાંત ચણા, તલ, ગુવાર, કુવાડિયો, ડોડી ને પોઇનાં કૂમળાં પાન પણ ભાજી રૂપે ખવાય છે.

આયુર્વેદાચાર્ય ચરક जीवन्ती शाकं शाकानाम् (સૂત્રસ્થાન ૨૫=૩૭) લખીને બધાં શાકોમાં ડોડી (જીવન્તી) ને શ્રેષ્ઠ લેખે છે. વાગ્ભટ્ટ પણ પત્ર-શાકમાં ડોડીને ઉત્તમ તો સરસવની ભાજીને અધમ લેખાવે છે (સૂત્રસ્થાન ૬ : ૧૧૫). ડોડીને સંસ્કૃતમાં जीवन्ती (જીવાડનારી)ને शाकश्रेष्ठा કહી છે. આ નામોને સાર્થ બનાવતી એની ગુણગાથા શ્રી બાપાલાલ વૈદ્યે આ પ્રમાણે લખી છે: 'રતાંધળાના દરદીઓ ડોડીનું શાક ખાય તો સારા થાય. તાંદળજાની પેઠે ઝેરના ઉતાર તરીકે ડોડીનું શાક ખવાય છે. ક્ષયવાળા માટે આના જેવું બીજું ઉત્તમ શાક નથી. ડોડીનું શાક રસાયન છે, બલ દેનાર છે, રક્તપિત્ત તથા ક્ષય પર ફાયદો કરનાર છે, શ્વાસ ને ખાસી મટાડનાર છે. ક્ષયની દવામાં જીવન્તીઘૃતની બનાવટ પ્રસિદ્ધ છે. ક્ષય, દમ, જ્વર, રક્તપિત્ત, સંગ્રહણી વગેરેના રોગીઓ માટે ડોડીનું શાક ઉત્તમ ખાદ્ય પદાર્થ છે.'

સૌનું જાણીતું છે કે સૂવાની ભાજી લોહભર છે તો મેથીની ભાજી વાતહર ને સારક છે. સૂવાની ભાજી રુચિકર હોઈ મંદ જઠરાગ્નિવાળા માટે પણ તેનું સેવન હિતકર છે. તાંદળજાની ભાજી લોહી શુદ્ધ કરનાર, ઠંડી અને દસ્ત સાફ લાવનાર છે. એમાં કૅલ્શ્યમ પણ સારા પ્રમાણમા છે. તાંદળજો, ચોલાઈ અને કરેપાક (મીઠા લીમડા)માં દૂધ કરતાં સાતગણું વધારે કૅલ્શ્યમ છે, ને તેનો શરીરમાં બરાબર ઉપયોગ થાય છે. રોજ પાશેર દોઢપાશેર ભાજી ખાવાથી શરીરને જોઇએ તે કરતાં વધારે કૅલ્શ્યમ મળી રહે છે. જે સગર્ભા સ્ત્રીઓ તથા બીજા રોગીઓને સુપાચ્ય કૅલ્શ્યમ લેવા માટે દૂધ ખાવું પરવડી ના શકે તેમને તે મેળવવા માટે તાંદળજો શ્રેષ્ઠ સાધન છે.

કૅલ્શ્યમવાળાં બીજાં પત્ર-શાકોમાં પાલખ, પોઇ ને નાગરવેલનાં પાન છે. પહેલી બે ભાજીઓમાં ઑક્ઝૅલિક ઍસિડનું પ્રમાણ ઘણું વધારે હોવાથી એમનું કૅલ્શ્યમ શરીરમાં બહુ શોષાતું નથી; જ્યારે કરેપાકમાં ઑક્ઝૅલિક ઍસિડ ન જેવું હોઈ કૅલ્શ્યમ ઘણા સારા પ્રમાણમાં છે. ઑક્ઝૅલિક ઍસિડની સૌથી માઠી અસર પેશાબમાં પથરી જમાવવાની છે. એટલે પથરીવાળાએ તેમજ બીજાઓએ ઑક્ઝૅલિક ઍસિડની વિપુલતાવાળી પાલખ ને લૂણીની ભાજી ઓછી ખાવી.

ભાજીઓ—ને તેમાં ખાસ કરી કરેપાક, કોથમીર, ચણાનાં પાન, ચોલાઈની ભાજી અને પાલખમાં એક ઔંસમાં વિટામિન 'એ'ના પૂર્વ કારણરૂપ કૅરોટિન ૨૦૦૦ થી ૩૫૦૦ ઇન્ટરનૅશનલ યુનિટ છે, જ્યારે


એક ઔંસ ગાયના માખણમાં તે ૧૯૦૦ ઈ૦ યૂનિટ છે. વિટામિન 'એ'ની આપણી ૩૦૦૦ થી ૪૦૦૦ ઇ૦ યૂનિટની રોજિંદી જરૂરિયાત નવટાંક ભાજીના આહારથી પૂરી પડી રહે છે. બધી ભાજીઓમાં વિટામિન 'ઇ' અને વિટામિન 'કે' પણ છે. સૅલાડ (લેટ્યુસ)ની ભાજીમાં વંધ્યત્વ વિનાશક વિટામિન 'ઇ' વધારે છે. જાતીય ગ્રંથિઓની પુષ્ટિ માટે સૅલાડની ભાજીનો રસ ૧ ઔંસ, ગ્રેઈપ ફ્રૂટનો રસ ૬ ઔંસ અને એક ઈંડાંની સફેદીનું મિશ્ર પીણું (કૉકટેઇલ) ઘણું ઉપયોગી નીવડે છે.

અજમાનાં પાન (સેલરી) તથા ડાંખળીઓમાં સોડિયમ અને આલ્કલી ક્ષારોના ભંડાર છે, જે સાંધાઓમાં જમા થએલા કૅલ્સ્યમને ઓગાળતાં હોવાથી સાંધાઓના સોજાઓમાં લાભદાયી નીવડે છે. માનસિક કે લાગણીઓના ખિંચાવ બાદ તાજગીભરી પ્રગાઢ નિદ્રા માટે ગાજરનો રસ ૧ ઔંસ, અજમાનાં પાનનો રસ ૨ ઔંસ ને નારંગીનો રસ ૩ ઔંસનું મિશ્ર પીણું પીવાની ભલામણ કરવામાં આવે છે.

પાલખની ભાજી (સ્પિનાક)ની શ્રેષ્ઠતા પણ પોષક તત્ત્વોના કરતાં તેનાં અપ્રતિમ ખનિજ તત્ત્વોને લીધે છે. તેમાં બીજા કોઈ કરતાં વિટામિન 'એ', 'બી', 'સી' અને અન્ય ખનિજ પદાર્થોની વિપુલતા છે. કુમળી પાલખની ભાજી બરોબર રંધાય તો અજીર્ણના રોગીને પણ સારીરીતે પચે છે. તેમાં ઝીણાં સમારેલાં કુમળાં પાન રાંધ્યા વિના કચુંબરતરીકે ખવાય છે. સૅલાડની ભાજીની જેમ તે ભૂખ ઉઘાડનાર છે.

પાલખમાં લોહ સારા પ્રમાણમાં હોવાથી રક્તક્ષયથી પીડાતા માટે ઉત્તમ આહાર છે.પણ તેમાં ઑક્ઝૅલિક પુષ્કળ પ્રમાણમાં હોવાથી કલેજા ને ગુરદાના રોગી તથા ઑક્ઝૅલુરિયાથી પીડાતાઓએ તેનો મિત આહાર કરવો ઇષ્ટ છે. પાલખમાં પાંચ ટકા કાર્બોહાઇડ્રેટ હોવાથી તે પણ મધુમેહના રોગીના તેમજ વજન ઉતારવાના આહારમાં પથ્ય છે.

કોથમીર, કરેપાક અને ફુદીનામાં આવેલાં સુગંધી તત્ત્વોને લીધે તે લહેજતદાર સ્વાદિષ્ટ અને ભૂખ ઉઘાડવાનો ગુણ ધરાવે છે. કોથમીરમાં કૅરોટિન પુષ્કળ છે. બધી ભાજીઓની જેમ ફુદીનામાં લોહ છે. ચટણી, કઢી અને ચામાં નંખાતો ફુદીનો વાતહર ઔષધ તરીકે જાણીતો છે. તેના પાંચ તોલામાં ૧૬૦૦ એકમ વિટામીન 'એ' રહેલું છે.



કૉબીજમાં ૯૦ ટકા પાણી અને ફૉસ્ફોરિક ઍસિડ, કૅલ્સ્યમ, મૅગ્નેશિયા, લોહ તેમજ પોટાશ્યમ ને સોડિયમની સમૃદ્ધિ છે. તેના અંદરના ભાગો કરતાં બહારનાં લીલાં પાંદડાંમાં વધારે કૅરોટિન છે. કાચી કૉબીજ ખાવાથી અધિકતમ આહારમૂલ્યોનો લાભ મળે છે. કૉબીજ પચવામાં ભારે હોઈ રાંધીને ખાવાથી તેની પચનીયતા વધે છે. અજીર્ણથી પીડાતાના પેટમાં કૉબીજ વાયુ કરે છે. એના બંધારણમાં આવેલા ગંધકમાંથી આંતરડાંમાં સલ્ફ્યુરેટેડ હાઇડ્રોજન પેદા થવાથી દુર્ગંધી વાછૂટ થાય છે. કૉબીજનો રસ હોજરીના ચાંદામાં (પેપ્ટિક અલ્સર)મા ઉપચાર તરીકે સાબિત થયો છે. રોજ એક પીન્ટના પ્રમાણમાં તેનો રસ પીધાના પાંચ દિવસમાં ચાંદાની વેદના મટે છે અને દસ દિવસમાં ચાંદું રુઝાય છે. વળી કૉબીજમાં સમાએલું કોઇક દ્રવ્ય મધુમેહમાં પણ ઔષધરૂપ નીવડતું હોવાનું જણાયું છે.

મૅકકૉલમ લખે છે: 'પાંદડાં એ સંપૂર્ણ ખાદ્ય છે. છોડનાં અન્ય કોઈ પણ અંગ (જેવાં કે શીંગો, કંદ, મૂળ ને ફળો) આ પ્રતિષ્ઠાને પાત્ર નથી. પાંદડામાં પ્રોટીનો ને કાર્બોહાઇડ્રેટનું એકીકરણ થાય છે. જીવનક્રિયા માટે આવશ્યક કોષોથી તે સમૃદ્ધ હોઈ પ્રાણીને આવશ્યક બધાં પોષણ-દ્રવ્યો તે પૂરાં પાડે છે.' વિટામિનો અને ખનિજ પદાર્થોના સઘન સાધનરૂપ ભાજીઓનાં કેટલાંક પાંદડાંમાં તો ૮ થી ૧૫ ટકા જેટલું નત્રિલ પણ હોય છે શાક અને શિંબી ધાન્યોના પ્રોટીનો પચાવવા તથા શોષવા માટે વિટામિન 'એ' અને 'બી'ના અમુક પ્રમાણની જરૂર છે. તેથી એ વિટામિનોની ધારક ભાજી રોજિંદા આહારમાં હોવાની અગત્ય છે.

ભાજીને રાંધીને ખાવા ઉપરાંત કાચી કે રાંધેલી ભાજીના રસ પણ લઈ શકાય છે. એવો રસ કાઢવા માટે ખાસ સંચા આવે છે; પણ ભાજીઓને પથ્થરના ખલમાં પીસી કપડામાં બાંધી એનો રસ કાઢી શકાય છે. કાચી ભાજીના રસમાં મીઠું, કોથમીર, લીંબુ ને ધાણાજીરું નાખી શકાય. ચાવીને ભાજી ખાઇ ન શકે એવા બીમાર, બુઢ્ઢા ને બોખા લોકોને ભાજીઓનો રસ અનુકૂળ થઈ પડે છે. વળી દૂધ ન ભાવતું કે ન પરવડતું હોય એવાં ઊછરતાં બાળકો તથા સગર્ભા ને ધાવણ આપતી સ્ત્રીઓને ભાજીઓનો રસ દૂધની ગરજ સારે છે.




ફૂલશાકમાં મોટા ભાગે કૉલીફ્લાવર ખવાય છે. કૉબીજની જેમ કૉલીફ્લાવરમાં વિટામિન 'બી' ને 'સી'ની અધિકતા છે. વળી લોહનું તે સારું સાધન છે. કૉબીજ કરતાં ફ્લાવર પચવામાં સરળ છે.

શીંગ-શાક



પાપડી, વાલોળ, વટાણા, ચોળી, ફણસી, ગુવાર, તુવેરની શીંગ, ચણાના પોપટા ને સરગવાની શીંગ એ શીંગ-શાકો છે. મોટા ભાગે શિયાળામાં મળતાં આ શાકોમાં સ્ટાર્ચ અને પ્રોટીનનું પ્રમાણ વધારે હોઇ તે સારું પોષણમૂલ્ય ધરાવે છે. શીંગશાકો સ્વાદમાં મધુર છે. સરગવાની શીંગ સિવાય બધાં વાયુ કરનાર છે, ગુણમાં ભારે છે અને આફરો આણનાર છે. આ દોષ નિવારવા અજમો, હિંગ ને લસણનો વઘાર કરવામાં આવે છે, છતાં મંદાગ્નિવાળાએ તે માફકસર જ ખાવાં જોઇએ. જોકે કઠોળ કરતાં તેની લીલી શીંગો પચવામાં સહેલી છે.



ગુવાર ને સરગવાની શીંગમાં લોહ વધારે છે. બ્રસેલ્સ સ્પ્રાઉટની જેમ ફણસીમાં ૩ ટકા કાર્બોહાઇડ્રેટ ને બીજાં આવશ્યક દ્રવ્યો છે. ઉપરાંત તેમાં કુદરતી ઈન્સ્યુલિન પણ છે, તેથી મધુમેહના રોગીને તે ઔષધની ગરજ સારે છે. સરગવાના વૃક્ષમાં રહેલા ટર્ગોસ્પર્મિન નામના ઍન્ટી-બાયોટિક દ્રવ્યથી પેનિસિલીનની જેમ તેનાથી પણ રોગજીવાણુઓ નાશ પામતા હોવાનું પુરવાર થયું છે. તેમાં કૅરોટિન પુષ્કળ છે. ને ગુવારની જેમ કૅલ્સ્યમ પણ બહુ સારા પ્રમાણમાં છે. ઉપરાંત વિટામિન 'સી'થી તે સમૃદ્ધ છે. વળી સરગવાની શીંગોનું શાક ચણાના લોટ ભેળવીને થતું હોવાથી એનું પોષણમૂલ્ય પણ વધે છે. સરગવાની શીંગના ગુણ વર્ણવતાં શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે 'તે અગ્નિ પ્રદીપ્ત કરનાર, ગરમ, અને ગુલ્મ, વ્રણ, શ્વાસ, રક્તદોષ વગેરેમાં ઉપયોગી છે. લીવરના દરદો હોય, કમળો હોય, ગૅસ થતો હોય, પચતું ન હોય, વારંવાર સળેખમ થતું હોય તેવાઓ માટે સરગવાની શીંગનું શાક ઉપયોગી છે.'

ફળ-શાક

દૂધી, ગલકાં, તૂરિયાં, કોળું, ગીલોડાં, પરવળ, રીંગણ, મોગરી, કારેલાં, કંકોડાં, કાકડી, ભીંડા ને ટમેટાં વગેરે ફળ-શાકો છે. એમનામાં પત્રશાકનાં ઘણાં પોષણતત્ત્વો ઉપરાંત કાર્બોહાઇડ્રેટ અને પ્રોટીનનું પ્રમાણ વધારે છે. વળી તે રેસાવાળાં હોવાથી પચવામાં ભારે છે, તો પણ મિત પ્રમાણમાં લેવાથી આહારની વાનીઓમાં વિવિધતા મળવા ઉપરાંત આહારના પ્રમાણમાં વધારો કરનાર નીવડે છે ભાજીઓ કરતાં એમાં કાર્બોહાઈડ્રેટ વધારે છે, છતાં યે મધુમેહમાં તે પથ્ય આહાર નીવડે છે. વજન ઉતારવા ઇચ્છતા મેદોવૃદ્ધિવાળાની અતિક્ષુધા વજનમાં વધારો કર્યા વિના એનાથી સંતોષાય છે.

વળી ફળ-શાકો વિટામિન 'સી'નું સાધન છે; જોકે તે તાજાં શાકમાંથી જ મળે છે, વાસી અને ચીમળાએલાં શાકમાં તે તદ્દન નાશ પામ્યું હોય છે. બધાં શાકમાં ઓછુંવત્તું પોષણમૂલ્ય તો હોય જ છે. મોંઘાં મળતાં શાકોમાં તેની કાંઈ ખાસ વિશેષતા નથી હોતી. શાકપાનની ઋતુ સમા શિયાળામાં વારાફરતી જુદાંજુદાં શાક ખાવાથી સ્વાદની વિશેષતા સાથે આહારમૂલ્યોની વિશિષ્ટતા પણ મળે છે.

ભાજીઓની જેમ ફળ-શાકોનો રસ પણ વિટામિનો તથા ખનિજ પદાર્થોના વધુ કસવાળો હોઈ શરીર માટે તે ચેતનપ્રદ (વાઇટલાઈઝિંગ) બને છે. જ્ઞાનતંત્રનો સંક્ષોભ, હૃદયરોગો, લોહીનું ઊંચું દબાણ ને મધુમેહના રોગોમાં તે આહાર સાથે ઔષધરૂપ પણ નીવડે છે.



રીંગણ : કંદમૂળમાં જેમ બટાટા વિશેષ ખવાય છે તેમ ફળ શાકોમાં વંતાક એકલું કે બીજાં શાકો સાથે મેળવણીમાં વધુ વપરાય છે. सर्कसां शाकजातीनां वृन्ताकं शाकनायकम् ।। લખી 'ક્ષેમકુતૂહલમ'ના લેખકે વંતાકને શાકનો રાજા કહ્યો છે. વળી, આગળ લખ્યું છે કે 'વંતાકના શાક વિનાનું ભોજન ધિક્ છે. વંતાક હોય પણ જો તે ડીંટાં વિનાનું હોય તો તે ધિક્ છે. વંતાક હોય, ડીંટાવાળું હોય પણ તેમાં જો સારી રીતે તેલ ન હોય તો ધિક્ છે; અને વંતાક, ડીંટું ને તેલ બધું હોય પણ તેમાં હિંગ ન હોય તો પણ ધિક્ છે. એ જ લેખક રીંગણના ગુણ નીચે પ્રમાણે વર્ણવે છે : રીંગણાં જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર, પરમ રુચિકર, ગુલ્મને હરનાર અને અન્નનું પાચન કરનાર છે. બરોળ, માથાના દુખાવો, જીર્ણજ્વર, કમળો, વાત અને કફના રોગો, મૂત્રબંધ, પથરી વગેરે રોગોને તે હણનાર છે. બહુ જ ધીમા તાપથી વંતાક સારી રીતે પકાવ્યા હોય તો તે હમેશાં ખાવા યોગ્ય છે.' (શ્રી બાપાલાલ વૈદ્ય તેમના 'ખોરાકનાં તત્ત્વો'માંથી)

રીંગણમાં ૩.૪૮ ટકા કાર્બોહાઇડ્રેટ, ૦.૮૯ ટકા પ્રોટીન, ૧.૪૮ ટકા ચરબી ને ૧.૩૮ ટકા ક્ષારો ઉપરાંત વિટામિન 'એ', 'બી ૨' અને 'સી' છે. તેનાં ડીંટામાં ખાદ્ય તત્ત્વો ને વિટામિનોનું પ્રમાણ વધુ હોવાથી શાકમાં ડીંટાનો વપરાશ અપરિહાર્ય છે.

આયુર્વેદની દૃષ્ટિએ રીંગણ ગરમ છે એટલે શિયાળાના ચાર મહિનામાં તે ખાવાં ઇષ્ટ છે. તેના ગુણદોષ વર્ણવતા શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે 'કુમળા રવૈયા વાત પિત્ત ને કફને હણનાર છે, જ્યારે ઘરડાં રીંગણાં ત્રણે દોષને કોપાવનાર છે. સફેદ રીંગણાં હરસવાળા માટે સારાં છે.'

દૂધી : માંદાં માણસનું શાક ગણાતી દૂધી ભાવપ્રકાશમાં કહ્યા મુજબ પિત્ત તથા કફને હરનાર, ભારે, વીર્ય વધારનાર, રુચિ ઉપજાવનાર અને ધાતુપુષ્ટિ વધારનાર છે.

કોળું પિત્તશામક છે, એટલે પિત્તપ્રકોપક શરદઋતુમાં તે ખાવું ઇષ્ટ છે. તેમાં ૨-૧૦ ટકા પ્રોટીન ને ૬ ટકા કાર્બોહાઈડ્રેટ છે. એ છ ટકા શર્કરામાં ૪ ટકા દ્રાક્ષ-શર્કરા ને ૧।। ટકા ઇક્ષુ-શર્કરા છે. આવું આહારમૂલ્ય ધરાવતું કોળું સ્વાદિષ્ટ અને પૌષ્ટિક શાક છે. કુમળું કોળું સુપાચ્ય અને સારક છે. ઘરડા કોળાના બરછટ રેષાઓ આંતરડાંમાં દાહક અસર ઉપજાવ્યાથી ઝાડા થઈ આવવા સંભવ છે. કોળાનાં બી પેટના કૃમિનો નાશ કરનાર છે.

ભીંડા અને **કંકોડાં**માં કેલ્શ્યમ પ્રચુર પ્રમાણમાં છે ને શરીરમાં તેનો સંપૂર્ણ ઉપયોગ થાય છે. ભાવમિશ્રના કથન મુજબ કંકોડાં મૂત્રલ અને પથરી મટાડનાર છે.

કારેલાં લોહ અને વિટામિન 'સી'થી સમૃદ્ધ છે. વળી એમાં 'એ' અને 'બી' વિટામિન પણ છે. ભાવમિશ્ર કારેલાંને કૃમિ મટાડનાર કહે છે. મધુમેહમાં કારેલાંનો અધોળ રસ રોજ સવારના નરણા કોઠે પીવાથી પેશાબમાં શર્કરા કમી થવાથી માંડી અદૃશ્ય થતી હોવાનું નોંધવામાં આવ્યું છે.

તૂરિયાં-ગલકાં : સઘળાં શાકોમાં રોગ રહેતા હોવાનું (शाकेषु सर्वेषु वसन्ति रोगाः) ભાવમિશ્રનું કથન 'તાવ કહે તુરિયાંમાં વસું, ગલકુ દેખી ખડખડ હસું'ની પ્રચલિત ચોપાઈમાં જોવામાં આવે છે. ચોમાસાનાં પાણીથી પાકેલાં શાકનો તાવ સાથે સંબંધ બાંધીને શાકભાજી ખાવા ઉપર આયુર્વેદાચાર્યે મૂકેલી મર્યાદા સંશોધનની બાબત છે. બાકી શ્રી બાપાલાલ વૈદ્ય કહે છે કે 'ગલકાં ને તુરિયાં તાવના રોગીને પથ્યકારક છે. બંને પિત્તશામક છે. તુરિયાં વાયુ ને કફ કરનાર છે, જ્યારે ગલકાં વાતપિત્તને હણનાર છે.'

પરવળ (ભાવમિશ્રના કથન અનુસાર) વીર્ય વધારનાર, અગ્નિ પ્રદીપ્ત કરનાર અને કૃમિ મટાડનાર છે.

ગીલોડાં રુચિ ઉપજાવનાર, તથા મળાવરોધ ને આફરો કરનાર છે. એનાની બુદ્ધિનાશ થતો હોવાની પ્રચલિત માન્યતા છે.

કાચાં શાક


ફળ-શાકોમાં કાચાં ખાઇ શકાય એવાં ત્રણ શાક છે: મોગરી, કાકડી અને ટમેટાં. જોકે આયુર્વેદમાં તો ઘી તેલની ચરબીના પાશ વિનાનું શાક ખાવાની મનાઈ કરી છે. शाकं अस्विन्न स्नेहरहितम- पीडितमतोऽन्यथा (સુશ્રુત: સૂત્રસ્થાન ૪૬:૨૨૫)।। બાફ્યા વગરનું અને ઘી તથા તેલ વગરનું શાક હિતકારી નથી. પણ આજનું આહારવિજ્ઞાન તો શાકપાનનાં આહારમૂલ્યોનો બધો કસ મેળવવા કાચાં શાકપાન ખાવાની તરફેણ કરે છે.

કાકડીમાં લગભગ ૯૬ ટકા પાણી, ૧.૯ ટકા પ્રોટીન, ૧.૧૨ શર્કરા ૧.૯ ટકા બીજાં કાર્બોહાઇડ્રેટ ને ૧.૨ ટકા ખનિજ પદાર્થો છે. ખનિજ પદાર્થો તથા ક્ષારોમાં પોટૅશ્યમનું પ્રાધાન્ય—આશરે ૧૫ ટકા છે. લોહીના રક્ત કણોના નિર્માણમાં પોટાશ્યમનો હિસ્સો મોટો છે.

કાચી કાકડી ખાવાથી શીતળતા અને તાજગી અનુભવાય છે. તે પચવામાં ભારે હોઇ મંદાગ્નિવાળા માટે અપથ્ય છે. ખનિજ પદાર્થોની અધિકતાને લીધે તે અલ્કગુણયુક્ત ફળ છે, અને ક્ષારોની વિપુલતાને લીધે તે કુદરતી મૂત્રલ છે. એના સેવનથી પેશાબ વધારે થાય છે. આના માટે તેનો રસ વધારે ઉપયોગી છે. આ રસમાં ગાજર, બીટ ને અજમાનાં પાનનો રસ ઉમેરવાથી તે વાતરોગો માટે ગુણકારી નીવડે છે.

મધુર રુચિપ્રદ અને સ્વાદિષ્ટ કાચી કાકડી મીઠું અને લીંબુના રસ સાથે વધારે સ્વાદિષ્ટ લાગે છે. ખનિજ પદાર્થો ને વિટામિનોની સમૃદ્ધિને લીધે તે આરોગ્યદાતા છે. ચોમાસામાં કાકડી પિત્તકર છે, જ્યારે શિયાળુ કાકડીમાં એ અવગુણ નથી.

ગરીબોનાં સંતરાં ટમેટાં



શ્રીમંતથી માંડી ગરીબ લોકોને પણ સુલભ એવાં ટમેટાં કાચા ને પાકા બને રૂપમાં ખવાય છે. કાચાં ટમેટાંમાં ખટાશનું પ્રમાણ અધિક છે, જ્યારે મનોહર લાલરંગી પાકાં ટમેટાં સ્વાદમાં મિષ્ટ છે.

કાચાં ટમેટાં બટાટા ને દૂધી સાથે શાકમાં કે ખટાશ આણવા દાળમાં ખવાય છે. પાકાં ટમેટાં મેથી ને સૂવાની ભાજી સાથે રાંધીને કે ગાજર કાકડી ને કાંદા સાથે કચુંબર રૂપે લેવાય છે.

વૉલ્ટર રૅલેએ ટમેટાંને દક્ષિણ અમેરિકામાંથી યુરોપમાં આણ્યાનું કહેવાય છે. ત્યારે લોકોએ જોકે તેને 'લવ ઍપલ'ના વ્હાલસોયા નામે ઓળખવા માંડ્યું, પણ તેને ઝેરી સમજી તેનો ખાવામાં ઉપયોગ ન કરતાં વાડીમાં શોભાના છોડ તરીકે વાવેતર કરવા માંડ્યું. માત્ર છેલ્લાં પોણોસો-સોએક વર્ષથી જ તેનો ખોરાકમાં સ્વીકાર થયો છે, અને હિંદમાં તો માત્ર પચ્ચીસ-ત્રીસ વર્ષથી. ટમેટાં રુચિવર્ધક, અગ્નિદીપક ને સુપાચ્ય છે. એની છાલમાં તો એના ગર્ભ કરતાં ૨૦ ગણુ ને રસ કરતાં ૧૦૦૦ ગણુ વધારે કૅરોટિન છે. તે લોહથી સમૃદ્ધ છે, જે દૂધ કરતાં બમણુ, ઈંડાં કરતાં પાંચ ગણું, ને વંતાક, કૉબીજ, ગાજર, નારંગી, નાસપતી, તરબૂચ, કાકડી ને કેળાં કરતાં દોઢગણું વધારે છે. લોહની જેમ કૅલ્શ્યમની પણ તેનામાં અધિકતા છે.

ટમેટાની ખટાશ સાઇટ્રિક ઍસિડને આભારી છે. તેમાં મેલિક ઍસિડ પણ છે. આ બન્નેનો પરિપાક આલ્કગુણધર્મી ક્ષારોમા થાય છે, જે યૂરિક ઍસિડને ઓગાળતું હોવાથી ટમેટાં નજમા (ગાઉટ)ના રોગ માટે શ્રેષ્ઠ ઔષધ બને છે. તેમાં પત્ર-શાક કરતાં પણ વધારે પોટાશ્યમ, ગંધક, ફૉસ્ફરસ ને ક્લોરિન છે. 'એ' 'બી' ને 'સી' વિટામિનો પણ તેમાં પ્રચુર પ્રમાણમાં છે. કાચાં ટમેટામાં કૅરોટિન નથી હોતું પણ પાકાં થતા તે પેદા થાય છે. વળી આ વિટામિનો અગ્નિની સાધારણ આંચમાં પણ જળવાઈ રહે છે. તેમાં રહેલી પોષણમૂલ્યોની સમૃદ્ધિને લીધે ટમેટાંની ગણના શાકને બદલે ફળમાં છે અને સંતરાં-મોસંબી જેવાં ખાટાં ફળોના જેવા તેના કીમતી ગુણોને લીધે તથા તે સસ્તા હોવાથી 'ગરીબોનાં સંતરાં'નું બિરુદ ધરાવે છે.

ટમેટાં આબાલવૃદ્ધ દરેકને આહાર ને ઔષધ બંને રીતે ગુણકારી છે. એના સેવનથી કેશવાહિનીઓ સુદૃઢ રહે છે, હાડકાં ને દાંત મજબૂત બને છે તથા રોગોના હુમલા સામે શરીરની પ્રતિકારશક્તિ વધે છે. શરીરસંવર્ધક પોષણમૂલ્યો યુક્ત ટમેટાંનો રસ ઊછરતા બાળકોને હિતકર છે. એનાથી લોહી વધવા સાથે હાડકા મજબૂત થાય છે. દૂધ આપ્યા બાદ અરધા કલાકે બાળકને ટમેટાનો રસ આપવો. દૂધ પાયા બાદ તરત આપવાથી તેના ઍસિડને લીધે દહીંનાં કોકડાં બાઝે છે.

પાચનક્રિયાના વિકારોમાં ટમેટાં ઔષધની ગરજ સારે છે. તાવ અને બીજા રોગોમાં એનો રસ આહારરૂપ બની રોગીની શક્તિ જાળવી રાખે છે. ટૂંકી નજર અને રતાંધળાપણા માટે ટમેટાં સુલભ ઉપચાર છે.

ટમેટાંનો રસ તરસ છિપાવનાર શ્રેષ્ઠ પીણું છે. તે સવારે નાસ્તા વખતે કે ખાતાં અગાઉ ભૂખ ઉઘાડનાર તરીકે લઈ શકાય છે. મધુપ્રમેહમાં પથ્ય ખોરાક તરીકે, વજન ઉતારવા માટે, અતિ પૌષ્ટિક ખોરાક અને વ્યાયામરહિતતાને લીધે ઊપજેલાં ઝેરોના નિકાલ માટે ટમેટાંનો રસ ઉપયોગી છે.

ટમેટાં પૂરતા પ્રમાણમાં લેવાથી વિટામિન 'સી'ની ઊણપને લીધે થતો સ્કર્વી રોગ થતો નથી અને થયો હોય તો તે મટે છે. આ રોગનાં આગળપડતાં લક્ષણોમા લાલચોળ બનેલાં ને લોહી જમતાં સૂઝેલાં દાંતનાં અવાળા, ચામડી ઉપર લોહીનાં ચકામાં, પગમાં કળતર, ફિક્કો ચહેરો ને ભૂખમરાથી વજનનો ઘટાડો છે. તેના ઉપચાર તરીકે રોજ ૪ થી ૬ ઔંસ ટમેટાંનો રસ લેવાનો છે. મધુમેહમાં પણ ટમેટાંની ઉપયોગિતા જણાઇ છે. તેના સતત સેવનથી પેશાબમાંથી સાકરનું પ્રમાણ ધીમેધીમે ઘટે છે.

સૂકવેલાં શાક: કેટલાંક શાકને તડકામાં રાખી એની સૂકવણી કરવાની પ્રથા સામાન્ય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મોટા જથ્થામાં શાકપાન ને ફળોની સૂકવણી કરવાની રીત અસ્તિત્વમાં આવી છે. ગરમી ને વીજળી વડે તેમાથી પાણી ઉડાડી દેવામાં આવે છે. તેથી શાકનાં વજન ને કદ ઊતરી જાય છે, પણ એના રંગ દેખાવ ને સ્વાદમાં ખાસ ફેરફાર કે નુકસાન થતાં નથી. આવાં સૂકવેલાં શાક પાણીમાં ઉકાળીને ખાઇ શકાય છે. સૂકવેલાં શાક લાંબો વખત સારાં રહે છે. વળી એક ઋતુનાં શાક ને ફળ બીજી ઋતુઓમાં પણ ખાવાનો લહાવો મળે છે.

સૂકવેલાં શાકોમાંથી થોડા મહિના પછી ઓછાવત્તા અંશે વિટામિન 'સી' નાશ પામે છે; વિટામિન 'એ'ના સંબંધી કૅરોટિન પણ ૩૫ થી ૬૫ ટકા નાશ પામે છે. આમ સૂકવણી કરેલાં શાકોમાં શરીર માટે અતિ જરૂરી પોષણતત્ત્વોની ઊણપ તો હોય જ છે.

સુશ્રુત સૂકવણી શાકોમાં માત્ર મૂળાને ખાવા યોગ્ય લેખે છે. તે લખે છે, "સુકાએલા મૂળા ત્રણ દોષોને શાન્ત કરનારા, વિષદોષોને હરનારા અને હલકા છે. મૂળા સિવાય બીજું સુકવણીરૂપ શાક કબજિયાત કરનારું ને વાયુ ઉત્પન્ન કરનારું છે, विष्टम्भि वातलं शाकं शुष्कमन्यत्र मूलकात् (સૂત્રસ્થાન: ૪૬·૧૫).

(હવે પછી કંદ ને મૂળ)

અનુસંધાન] **તમે આવશો?** [પૃ. ૮૨થી

આદતોથી સુધરે છે. પણ આદતો પાડવી શરીર માટે સારી નથી. ફરવા માટે વહેલા ઊઠવાની આદત પાડવી પડે છે. હું કોઈ પણ ઘરેડમા પડી જવામા માનતો નથી.

પણ હું ફરવા બે વર્ષથી નિયમિત આવું છું. અને કોઈ સાથે વાત કરતો નથી. ફરીને, દોડીને ચાલ્યો જાઉં છું. આનંદ, દુ:ખ, કંટાળો કંઇ જ થતું નથી. કંટાળો એ આનંદ અને દુ:ખની વચ્ચેની માનસિક સ્થિતિ છે, મગજની 'નૉર્મલ ટેમ્પરેચર'.

આજે ઘણું મોડું થઇ ગયું તમને. ચા પીવાની બાકી હશે. ઘેર જ જશો ખરું! છાપું વાંચી લીધું? મને તો ગઈ કાલ સાંજના અને આજ સવારના છાપામા ખાસ ફરક લાગતો નથી. ચાલો હવે, આપણે વાતો બંધ કરીએ. તમારો અને મારો પાછા ફરવાનો રસ્તો જુદો છે. હું તો રોજ આવું છું. આજે ખરી મજા આવી, મારા મિજાજના માણસને મળીને. પણ એક વાત કહી દઉં છૂટા પડતાંપડતાં. મેં તમને એક વાત ખોટી કહી દીધી. જૂઠું બોલ્યો. તમને મારા દોસ્તના પાગલ થઈ જવા વિષે મેં જે કહ્યું'તું, એ ખોટું હતું. એ મારી જ વાત હતી અને એટલે જ મારી સાથે સગાઈ થએલી પેલી ગોરી છોકરીએ ના પાડી દીધેલી ...હા...હા...હા...

બસ, એકદમ ઊભા થઈ ગયા? પણ સાંભળો તો ખરા, કાલે હું તમારી અહીં જ રાહ જોઈશ...

તમે આવશો?

પચ્ચીસ વર્ષ પહેલાં



ફાગણ ૧૯૯૨ અંક ૧૪૭


ગુજરાતના દલપત નર્મદ, બંગાળના વિદ્યાસાગર બંકિમ ને મહારાષ્ટ્રના આગરકર-ચિપળુણકરને પગલે હિંદી ભાષાનું ગૌરવ વધારી વિકાસ કરનાર અગ્રચારી 'ભારતેન્દુ હરિશ્ચન્દ્ર'નું ચરિત્ર અશોક હર્ષની કલમે ૨૫ વર્ષ પર લખાએલું, તેની પ્રેરક તારવણી :

'ઓગણીસમી સદીના આરંભ સુધીમાં તો બ્રિટિશ રાજ્યના પાયા હિંદમાં સુદઢ બનાવનાર મુર્શિદાબાદના નગરશેઠ અમીચંદને તેની કામગીરી બદલ રૂપિયા ત્રીસ લાખ આપવાનું વચન આપ્યા છતાં કંપની સરકારના પ્રતિનિધિ રૉબર્ટ કલાઈવ ફરી બેઠા. એ આઘાતે અમીચંદ પાગલ બની ગયા. અંતે તેમના પુત્ર ફતેહચંદે મુર્શિદાબાદ છોડ્યું અને કાશીમાં પોતાના સસરાને ત્યાં જઇ વસ્યા. સસરાને કોઈ પુત્ર ન હોતાં તેની મિલકતના વારસદાર પણ એ જ બન્યા.

આ ફતેહચંદના પુત્ર બાબુ હરખચંદ કાશીનરેશના ખૂબ જ માનીતા હતા. દરબારી ખજાનો પણ એમને ત્યાં જ અમાનત રહેતો ને બદલામાં સારું જેવું વેતન તેઓ મેળવતા. હરખચંદના પુત્ર ગોપાલદાસ કવિ થયા. કુલ ૨૭ ગ્રંથો રચી તેમણે હિંદીભાષીઓ ઉપરાંતના લોકોમાં પણ સારું સ્થાન મેળવ્યું. પોતાની સાલસાઇને લઈ જેટલા તેઓ રૈયતના માનીતા હતા એટલા જ સલ્તનતના પણ બનેલા. ૧૮૫૭ના હિંદી સ્વાતંત્ર્યના પહેલા પ્રયાસ વખતે બનારસની રેસિડન્સીએ પોતાનું બધું ધનમાલ તેમની કોઠીમાં સંતાડેલું.

ઈ. ૧૮૫૦માં આ ગોપાલદાસને ત્યાં ૯મી સપ્ટેમ્બરે એક પુત્ર જન્મ્યો. તેનું નામ હરિશ્ચન્દ્ર. તેને નવ વર્ષ પણ પૂરાં નહોતાં થયાં ત્યાં તો માત્ર સત્તાવીસ જ વર્ષની વયે ગોપાલદાસ દેવલોક પામ્યા.

માતા તો પાંચ વર્ષની વયે જ ગુમાવેલી ને નવ વર્ષે પિતા. એટલે હરિશ્ચન્દ્ર અને તેમના નાનાભાઈ ગુલાબચન્દ્રનો ઉછેર ઘરના વિશ્વાસુ નોકર ગંગાના હાથ નીચે થયો. કુટુંબ પહેલેથી જ ધનાઢ્ય હતું એટલે નિર્વાહ માટે તો કશી ફિકર જ ન હતી. ને પાછી કાશીનરેશની પૂરી મહેરબાની હતી.



હરિશ્ચન્દ્રની પ્રકૃતિ પહેલેથી જ સ્વતંત્ર ને તોફાની હતી. નાનપણમાં ઝાડો પર કૂદાકૂદ કરવી, તળાવોમાં પડ્યા રહેવું ને ચાલતી ગાડીએ ચડઊતર કર્યા કરવામાં જ તેની મઝા સમાઇ જતી. ગલીઓની દીવાલો પર ફૉસ-ફરસનાં ચિત્રો ચીતરી રાહદારીઓને બિવડાવવાનો તેને અજબ શૉખ હતો. શરૂમાં ક્વીન્સ કૉલેજમાં તેઓ દાખલ થએલા પણ પ્રકૃતિ સ્વચ્છંદ હોઈ ક્યારેક જતા ને ક્યારેક નહિ.

ચૌદ વર્ષની વયે હરિશ્ચન્દ્રનાં લગ્ન થયાં. એ હિંદુસ્તાનના પ્રવાસે નીકળ્યા. આ પ્રવાસે જ તેમના માનસમાં ઉત્પાત મચાવી મૂક્યો.

ગુજરાતમાં ત્યારે 'દાંડીઆ'ધારી નર્મદે ગુજરાતીને અસ્મિતા અપાવવા ઝંડો રોપ્યો હતો. બંગાળમાં તો વિદ્યાસાગર અને બંકિમબાબુએ ભાષાની ભુલાએલી અસ્મિતાને નવા જ અંકુર ફૂટાવ્યા હતા. મરાઠી પણ બાકી ન રહી હતી. શ્રી વિષ્ણુ કૃષ્ણ ચિપળૂણકર તેની સૂતેલી અસ્મિતાને જોરશોરથી જગાડી રહ્યા હતા. હરિશ્ચન્દ્રે આ બધું નજરોનજર જોયું. ભુલાએલી પ્રાન્તીય અસ્મિતાને પુનર્જીવન આપવા બધા પ્રવૃત્ત થએલા ત્યારે ઉત્તર ભારત તો ખાસ્સી ઊંઘ લઈ રહ્યું હતું.

તરત તેમણે નિશ્ચય કરી લીધો. ઘરગથ્થુ ભાષામાં જ તેમણે લખવું શરૂ કર્યું ને એ નમાઇ હિંદી ભાષાનો પ્રભાવ જમાવવા 'કવિવચન સુધા' માસિક કાઢ્યું. તેઓ તન, મન, અને તેથી યે વધુ ધન તે પાછળ ખર્ચવા લાગ્યા.

હિંદી બોલી કોઈ પણ રીતે ભાષાના માધ્યમ તરીકે સ્વીકારાય તે માટે ઇતિહાસ, પ્રવાસ, પિંગળ, વિજ્ઞાન, નાટક, સમાજસુધારો, રાજકારણ બધા યે વિષયો પર તેમણે કલમ ચલાવી અને પોતાનાં વ્યક્તિત્વ, ઉત્સાહ ને પુરસ્કારથી અનેકોને કલમ ચલાવવા પ્રેરી રહ્યા.

તેમના એટલા બધા ઉત્સાહ ને ઉહાપોહને લઇ જનતા પણ તેમને અપનાવતી ગઈ ને સંસ્કૃતવિશારદો તથા ઉર્દૂહિમાયતીઓના પંજામાંથી રફતે રફતે છૂટી થતી ગઈ. જનતાનો આદર મળતાં હરિશ્ચન્દ્રે એક પછી અનેક પત્રો કાઢવા માંડ્યા, જેમાંના હરિશ્ચન્દ્ર ચંદ્રિકા, ઉપરાંત કાશીપત્રિકા, આર્યમિત્ર, ભારતમિત્ર, હિંદીપ્રદીપ વગેરે મુખ્ય ગણાવી શકાય. તેમના તરફથી અપાતા પુરસ્કારથી જ પ્રોત્સાહિત બની એટલા લેખકો ઊગી નીકળ્યા કે 'હિંદી સાહિત્ય'નું સ્વપ્ન તેમણે સાર્થક બનાવ્યું. આવી અથાક જહેમત ને અપ્રમેય સખીદિલી વાપરનાર બાબુ હરિશ્ચન્દ્રને ઋણી પ્રજા 'ભારતેન્દુ'નો ઇલકાબ આપે તેમાં કશી નવાઇ નથી.

સ્ત્રીશિક્ષણના તેઓ જબરા હિમાયતી હતા અને તે માટે 'બાલાબોધિની' નામક પત્રિકા પણ કાઢતા. મુંબઈ મદ્રાસ કે બંગાળ કોઇ પણ પ્રાંતમાં પરીક્ષા પસાર કરનાર સ્ત્રીને તેઓ પોતા તરફથી બનારસની સાડી ભેટ મોકલાવતા।

બાપાળનાં બેગમ હિંદી પદ્યો બનાવી તેમને મોકલવા લાગ્યાં હતાં જે 'રૂપરતન'ના તખલ્લુસથી છપાતાં. રેવા, માંડા, છત્રપુર, ત્રાવણકોર, ઉદેપુર આદિના મહારાજાઓએ પણ તેમને પોતાના મિત્ર બનાવ્યા હતા.

પોતાના પ્રવાસ દરમિયાન બંગાલી ભાષા તેમણે શીખી લીધેલી, ને ત્યાર બાદ દક્ષિણ હિંદની તામિલ અને તેલુગુ સિવાય બધી ભાષાઓનું જ્ઞાન તેમણે મેળવી લીધેલું.

હદ ઉપરાંત ધન ઊડાવતા રહેવાથી પાછલી અવસ્થામાં તેઓ બહુ તંગીમાં આવી પડ્યા હતા. તેમના ધનના પોણોસો ટકા પુસ્તકો છાપવામાં, તેમાંનાં ઘણાખરાં મફત વહેંચવામાં શાળાઓ ખોલવામાં ને પુરસ્કારો આપવામાં જ વપરાએલા. દિવસોદિવસ વધુ તંગીમાં આવી પડતાં છેવટે મકાન વેચી નાખી તેમણે કાશીના ગોપાલ મંદિરમાં રહેવાનું રાખ્યું.

બાબુજીનું આવું ઉડાઉપણું કાશીનરેશને પણ સાલતું હતું. એક વખત વાત પર વાત નીકળતાં તેમણે કહ્યું, 'બાબુજી, તમોએ પ્રતિષ્ઠા મેળવી, કુટુંબનો મોભો વધાર્યો, પણ લક્ષ્મી તો ઘટાડી જ!'

હસતાંહસતાં બાબુજીએ ઉત્તર આપ્યો : 'મહારાજ, એ લક્ષ્મી એક પછી એક મારા પૂર્વજોને ખાતી આવી છે. કુટુંબમાં કોઇ એવો યે પાકવો જોઇએ જે એને પણ ખાઈ જાય.

બાબુજીનું મિત્રમંડળ પણ બહુ જબરું હતું ને તેમાંના કેટલાક તો તેમની પેઠે જ મહાન ગણાઈ ચુક્યા છે. ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર, કેશવચન્દ્ર સેન, રાજેન્દ્રલાલ મિત્ર, બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય, ક્રિસ્તોદાસ પાલ, હેમચંદ્ર બંદોપાધ્યાય અને ગણેશ વાસુદેવ જોષીનાં નામ તેમાં મુખ્ય ગણી શકાય.

(માર્ચ ૧૯૬૬)

ઈ. ૧૮૮૫નું વર્ષ બેસતાં જ તેમની તબિયત લથડવા માંડી ને જાન્યુઆરીની છઠ્ઠી તારીખે માત્ર પાંત્રીસ જ વર્ષે વિદાય લેતાં એ 'ભારતેન્દુ' હરિશ્ચન્દ્રનો પણ અસ્ત થઇ ચૂક્યો.

ગુજરાતના રાજ્યને સમૃદ્ધ કરતા લક્ષ્મીદેવીના કૃપાઅમૃત સમું ૨૦મી સદીનું પ્રવાહી સોનું પેટ્રોલિયમ આજે ગુજરાતના ઊજળા ભાવિનાં એંધાણ આંકી રહ્યું છે, એ વખતે, આજથી પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમારે' તેની ઊપજનો વિશદ ખયાલ આપીને આછી-આગાહી ઉચ્ચારેલી. અશોક હર્ષ અને દ્વારિકાનાથ ગુપ્તેના એ લેખોમાંથી :

ઘાસતેલના દીવા આજે શહેરોમાંથી ભલે અલોપ થતા જતા હોય, પણ ઘાસતેલનું મહત્ત્વ તો ઘણું છે. ઘાસતેલ આપણું ચાલુ બળતણ છે. ખુદ વીજળી ઉત્પન્ન કરવા માટે પણ સામાન્ય કારખાનાંઓમાં ઘાસતેલ કે એવાં જ ખનિજ તેલ બાળતાં એન્જિન વાપરવાં પડે છે.

આપણામાંના ઘણાખરા હવે પેટ્રોલ વાપરતા થઈ ગયા છે; આ પેટ્રોલ અને ઘાસતેલ વચ્ચે સગા ભાઇઓનો સંબંધ છે,એ થોડાઘણા તો જાણતા જ હશે. બંને એક જ પદાર્થ—પેટ્રોલિયમમાંથી બને છે. પેટ્રોલિયમને ઉકાળીને તેના જુદાજુદા ઉષ્ણતા-અંશે પેટ્રોલ, કેરોસીન, ફ્યુઅલ ઑઇલ વગેરે તેલો છૂટાં પાડે છે.

પેટ્રોલિયમનો અર્થ 'સીધું જમીનમાંથી નીકળતું તેલ'; એટલે ક્રુડ ઑઇલ કે રૉક ઑઇલ ઘાસતેલના 'કૂવાઓ' હોય છે એમ આપણે સામાન્યરીતે કહીએછીએ. એ કુદરતી કૂવાઓના રૂપમાં નહિ પણ 'બોરિંગ'ના રૂપમાં હોય છે.

પેટ્રોલિયમ કંપનીમાં મહત્ત્વની વ્યક્તિ તે ભૂસ્તરશાસ્ત્રી. બોરિંગ ક્યાં કરવું અને તેમાંથી કેટલું પેટ્રોલિયમ નીકળશે એ પર જ કંપનીના વેપારનો આધાર હોય છે. જમીનમાં પેટ્રોલિયમનું અસ્તિત્વ એ કેવી રીતે શોધી કાઢે છે તે જાણવા માટે પેટ્રોલિયમના જમીનમાંના બંધારણ વિશે વિચાર કરવો જોઇએ.

પૃથ્વી સૂર્યથી છૂટી પડીને ઠરી અને તેના પર અનેક ધોધમાર વરસાદો વરસી ગયા બાદ તે પર થએલા સમુદ્રના તળિએથી વૃક્ષજીવનની શરૂઆત થઈ ને તે પછી વિવિધ જીવનસૃષ્ટિ સરજાઈ. નદીઓએ ઘસડી લાવેલો કચરો દરિયાના મોં આગળ જમા થતો ગયો, ને વજનના પ્રમાણમાં તે પડબંધ થતો ગયો. પૃથ્વીના આદ્ય સર્જન વખતે ધગધગતા પ્રવાહીમાંથી જે પથ્થરો બન્યા તે પણ કાલક્રમે હવાના, પાણીના વગેરે આક્રમણથી ખૂબ ઘસાયા અને આમ ઘસાઈઘસાઇને તેની રેતીપણ નદીઓના પ્રવાહના બળે સમુદ્રમાં ઘસડાઇને જમા થઈ.


આ રેતી, કાદવ, કચરો, દરિયાઇ વનસ્પતિ તથા આજુબાજુથી ઘસડાઈઆવેલાં વૃક્ષોતેના ઉપર ઠરીને બેસે; સાથેસાથે અસંખ્ય નાના-મોટા જીવો ત્યાં પોતાનાં ઘર કરીને રહે. જતે દહાડે એ વનસ્પતિ કહોવાઇને તથા જીવરાજ્ય મરીને દટાતાં જઇ તેના થર પર થર થતા ગયા. હવે આ દટાએલા થરમાંની વનસ્પતિ તેમજ માછલાં તથા અન્ય પ્રાણીઓમાં ખૂબ તેલ હોય છે. સાધારણ રીતે કહોવાતી વનસ્પતિમાંથી કાર્બન ડાયૉક્સાઇડ અને પાણી જુદાં પડે છે; પણ ઉપરના કચરા કે બંધાએલા પથ્થરોનું દબાણ ખૂબ હોય તો કાર્બન ડાયૉક્સાઇડનો કાર્બન અને પાણીનો હાઇડ્રોજન સંયુક્ત રૂપમાં રહી જુદાજુદા હાઇડ્રો-કાર્બન્સ બને છે, અને આ પણ પેટ્રોલિયમના બંધારણનું કારણ પણ આ જ છે. આ રીતે વનસ્પતિ તથા પ્રાણીઓમાંથી હાઇડ્રો-કાર્બન્સ પ્રવાહી તથા ગૅસના રૂપમાં છૂટા પડે છે. આ પ્રવાહીમાંથી કાલાંતરે પેટ્રોલિયમ થાય છે.

પૃથ્વી ઠરીને બનેલા આદ્ય પથ્થરો ધગધગતા પ્રવાહીમાંથી થયા હોવાને કારણે એમાં તો કોઈ વનસ્પતિ કે પ્રાણી જીવી શકે નહિ, અને એથી એવા પથ્થરોમાં પેટ્રોલિયમની આશા રાખી શકાય નહિ. પણ આ પડબંધ પથરાઓનું એક વિશિષ્ટ લક્ષણ પડાંતર છે.

સમુદ્ર કે નદીના પ્રદેશમાં બંધાએલાં પડ અમુક દિશામાં ઢાળવાળાં હોય છે. ઉપરાંત પૃથ્વીના પડની સ્થિતિમાં હમેશાં ફેરફાર થતા જ રહે છે. એથી આ મૂળ ઢાળમાં પણ ફેરફાર થયા કરે છે. વળી નદી દ્વારા ઘસડાઈ જતી રેતી, માટી વધતી જઈ એના વજનનું દબાણ થાય છે. પણ આ દબાણની દિશા પહેલાંના દબાણથી ઊલટી દિશામાં હોય છે. પર્વત અને સમુદ્રની વચમાં આવેલા પથ્થરો ઉપર આ રીતે બે ઊલટી દિશાએથી દબાણ થતાં કોઈ પાથરેલા કપડાને સામસામી દિશાએથી દબાવતાં તે પર જેમ કરચલીઓ પડે તેમ આ પથરાઓ ઉપર પણ જુદાજુદા આકારો અંકાય છે. કેટલાક શકોરાના આકારના અને કેટલાક તેથી ઊંધા આકારના બને છે.

આ આકારોનું મહત્ત્વ પેટ્રોલિયમમાં છે. વનસ્પતિ અને પ્રાણીઓમાંથી છૂટું પડેલું તેલ, ઉપરનું દબાણ વધી જવાથી માટીમાંથી નિચોવાઇને રેતીનાં પડોમાં પ્રવેશ કરવાનું. માટીની તેલ સમાવવાની શક્તિ ઓછી છે, પણ રેતી વધારે છિદ્રોવાળી હોવાથી, એની તેલ સમાવવાની શક્તિ વધારે છે. આ રીતે તેલ સર્વ ઠેકાણે ફેલાએલું ન રહેતાં, ફક્ત રેતીના પડોમાં જ ફેલાએલું રહે છે. અને પેટ્રોલિયમના ઉદ્યોગમાં મુખ્ય મહત્ત્વની બાબત એ જ છે.

બીજી વાત. રેતી છિદ્રાળુ હોવાથી પોતાના કણોની વચમાં પાણી પણ સમાવે છે. પણ પેટ્રોલિયમ પાણી કરતાં હલકું હોવાને કારણે તે પાણી ઉપર જ તરે છે. આ રીતે રેતીના પડોમાં સૌથી ઊંચામાં ઊંચુ સ્થાન પેટ્રોલિયમ માટે નિર્ણિત થઈ ગએલું હોય છે. તેના જમાવ



તેલપટના ત્રણ વિભાગમાં દોરેલા આ રેખાંકન પરથી તેલ ધરાવતા પટ અને તેના થરોના પ્રકાર સાથે જે રીતે તે જમીનના પેટાળમાં પથરાએલું રહે છે તેનો ખયાલ આવી જશે.



માટે આપણે પથ્થરોમાં ઊપજતા જુદાજુદા જે આકારો જણાવ્યા તેમાંથી ઊંધા વાળેલા રકાબીના આકાર સૌથી ઉત્તમ છે કારણ કે પેટ્રોલિયમને એથી ઊંચે ચડવાનું મળી રહે છે.

ઉપર જોયું તેમ કોહવાતી વનસ્પતિ વગેરેમાંથી ગૅસ અને પેટ્રોલિયમ બને જુદાં પડે છે. આ ગૅસ પેટ્રોલિયમની સાથે હમેશાં નીકળે છે. કેટલીક વાર એકલો ગૅસ જ નીકળે છે. આવી જગ્યાઓમાંથી પેટ્રોલિયમ મળવાની ઘણી વકી રહે છે. ગુજરાતમાં આ પ્રકારનો ગૅસ ઘણી જગ્યાઓમાં બોરિંગ કરતાં મળી આવ્યો હતો. પંજાબમાં 'જ્વાળામુખી' નામને ઠેકાણેથી પણ આવો જ ગૅસ નીકળેલો. (એ બંને સ્થળેથી હવે પેટ્રોલિયમ નીકળી આવ્યું છે.)

પેટ્રોલિયમ શોધવાની એક રીત એ છે કે જમીનની અંદર સુરંગ ખોદી ડાયનેમાઈટથી તેને ઉડાવી દેવી, ને આથી નાનાનાના ધરતીકંપના જે આંચકા ઉત્પન્ન થાય તેમનો વેગ માપવો. સાધારણ રીતે પેટ્રોલિયમવાળી જગ્યામાં બેવડગણો વધુ વેગ હોય છે.

હવે તો પેટ્રોલિયમની શોધ માટે વિમાનમાંથી હજારો ચોરસ માઈલોના વિસ્તારના નકશા કરીને તે ઉપરથી જ નીચેના પથરાઓની પરીક્ષા કરી શકાય છે અને આ રીતે અભેદ્ય પ્રદેશો પણ પેટ્રોલિયમ માટે ખેડી શકાયા છે.


ભૂસ્તરશાસ્ત્રીઓ તેલની નીપજ માટે જે જમીન યોગ્ય ઠરાવે તે પર પહેલાં તો બોરિંગ કરી કૂવો ખોદવામાં આવે છે. પછી ત્યાં એક માંચડો ઊભો કરી લોખંડનો એક નળ નીચેના ખડકો સુધી ઉતારવામાં આવે છે. પૃથ્વીના દબાણથી તેલ પોતાની મેળે જો બહાર ન ધસી આવે તો પંપો વડે તે કાઢવામાં આવે છે. એ રીતે નીચેના તેલ-ધરામાંથી બદબોવાળું જે કાળું તેલ બહાર નીકળે છે તે તેલનો સંગ્રહ રાખનારી ટાંકીમાં ભરવામાં આવે છે. ત્યાંથી એ તેલ પંપો વડે મોટા નળો મારફત સ્ટેશનો પર અને સ્ટેશનેથી ટ્રેન કે સ્ટીમર મારફત તે રીફાઈનરીઓમાં લઇ જઈ ગાળી શુદ્ધ કરવામાં આવે છે. ત્યાં સળગી ઊઠતાં, પ્રકાશ આપતાં ને ચિકાશભર્યા તેલો જુદાં પડી જાય છે. આમ તૈયાર થએલાં વિવિધ તેલોને પછી નિકાસ માટે તૈયાર રાખેલી જુદીજુદી ટાંકીઓમાં ભરવામાં આવે છે અને ત્યાંથી જોઇતે સ્થળે તેની નિકાસ કરવામાં આવે છે.'

મંડળીની વાર્ષિક સભામાં કારોબારીની ચૂંટણી વખતે ભાષણ કરતાં પ્રમુખસાહેબે કહ્યું, 'મેં જોયું છે કે આવી મંડળીઓમાં માત્ર અરધી જ કમિટી બધું કામ કરતી હોય છે, ને બાકીના બધા નિષ્ક્રિય હોય છે. પણ મને કહેતાં હર્ષ થાય છે કે આપણે ત્યાં એવું નથી. આપણે ત્યાં એથી ઊલટું છે.'

શિક્ષક: જે બુધ્ધુ હોય એ ઊભો થાય.

થોડી વારે એક છોકરો ધીરે રહીને ઊભો થયો. તેને શિક્ષકે પૂછ્યું: 'તું તારી જાતને બુધ્ધુ માને છે?'

'ના સાહેબ, પણ આપ એકલા જ ઊભા રહ્યા હતા એ મને ગમ્યું નહિ.



સરકસમાં ખેલ વખતે જ...

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'ફરસાણ'

જોડણીકોશમાં 'ફરસું'નો અર્થ 'ચણા, વટાણા વગેરે કઠોળ ખાતાં લાગતા સ્વાદનું' એવો આપ્યો છે. આ અર્થ અધૂરો છે. ચાલુ પ્રયોગમાં તો ખારીતીખી—એટલે કે મીઠામરચાવાળી, મુખ્યત્વે તળેલી કે વઘારેલી વાની તે 'ફરસાણ', ને તેનો સ્વાદ તે 'ફરસો'. ઘઉંના લોટની હવેજવાળી પૂરી 'ફરસી પૂરી' જ કહેવાય છે. આ રીતે ગળ્યા મિષ્ટાન્નની વિરુદ્ધમાં—કે જોડે જ—ખારાતીખા 'ફરસાણ'નો પ્રયોગ થાય છે.

મૂળ સંસ્કૃત શબ્દ 'પરુષ' ઉપરથી પ્રાકૃત 'ફરુસ' થયું. તેનો અર્થ 'કર્કશ, કઠોર, ખરબચડું'. પછીથી તીખા-તમતમતા કે ખારાખાટા મિશ્ર સ્વાદ માટે 'ફરસું' વપરાતો થયો. 'પરુષ'-'ફરુસ' એ જોડી સરખાવતાં જેમ 'પ'નો 'ફ' થયો, તે જ પ્રમાણે 'પરશુ'-'ફરસી', 'પાશ'-ફાંસો', 'પનસ'-'ફણસ' જેવા શબ્દોમાં પણ થયું છે.

'મિષ્ટાન્ન' સાથે 'ફરસાણ' મૂકતાં કોઈ કદાચ એમ માનવાને લલચાય કે જેમ 'મિષ્ટ' (સંસ્કૃત 'મૃષ્ટ') અને 'અન્ન' મળીને 'મિષ્ટાન્ન' થયો, તેમ 'ફરસું' અને 'અન્ન' મળીને 'ફરસાણ' થયો હશે. પણ એ બરાબર નથી. 'ફરસા'ને 'ણ' પ્રત્યય લાગી 'ફરસાણ' થયો છે. 'ણ' પ્રત્યય સાધારણ રીતે તો ક્રિયાપદને લાગે છે. વેચાવું-વેચાણ, રોકાવું-રોકાણ, ને તે જ પ્રમાણે ખોદાણ, ભંગાણ, મંડાણ, બંધાણ, દબાણ, લખાણ, મેલાણ, ધીરાણ, ઓળખાણ, ચરાણ, ધોવાણ, કોહવાણ, ઉતરાણ, ભેળાણ, કપાણ, ચડાણ, વગેરે. પણ ક્વચિત વિશેષણને પણ તે લાગ્યો છે. લાંબું-લંબાણ, ટૂંકું-ટૂંકાણ, પોલું-પોલાણ, ઊંચું ઊંચાણ, નીચું-નીચાણ, ઊંડું-ઊંડાણ, ઉપલું-ઉપલાણ, ડોળુ-ડોળાણ, હેઠ-હેઠાણ, હેઠલું-હેઠલાણ, કોરુ-કોરાણ, તે જ પ્રમાણે 'ફરસું' ને 'ફરસાણ'; અને 'કડવાટ', 'તીખાટ', 'ખારાટ' વગેરે જેમ 'ફરસાટ'.

'મીઠું ઉપરથી 'મીઠાઇ' ને 'મીઠાશ' થાય છે, જ્યારે 'ફરસું' ઉપરથી 'ફરસાણ' ને 'ફરસાટ' થાય છે. એ ઉપરથી પણ જોઈ શકાશે કે ભાષામાં નિયમ હોય છે, પણ યાંત્રિક નિયમબદ્ધતા નહિ.

હરિવલ્લભ ભાયાણી

આદ્ય વિવેચક નવલરામ

'વિવેચકને લેખક તેમજ વાચક બંને પ્રત્યે ફરજ બજાવવાની હોય છે. લેખકની કૃતિનું રહસ્ય સમજી પ્રકટ કરી તેની ખૂબી દર્શાવવી અને તેના ગુણ-દોષની ચિકિત્સા કરીને તેને આગળ ધપવા પ્રેરણા કે માર્ગદર્શન આપવું એ તેનો ધર્મ છે; તેમ બીજી તરફ પ્રજા સમક્ષ સુંદર-અસુંદરનો, રસ-અપરસનો સ્પષ્ટ ખયાલ મૂકીને સામાન્ય વાચકને સાહિત્યની વ્યવહારુ સૂઝ આપવાનું પણ તેનું કર્તવ્ય છે. આમ, વિવેચક વિશિષ્ટ લોકશિક્ષકનું કામ કરે છે.

ગુજરાતનું એ સદ્ભાગ્ય છે કે તેને અર્વાચીન સાહિત્યના ઉદય વખતે જ નવલરામ લક્ષ્મીરામ પંડ્યા (૧૮૩૬-૧૮૮૮) જેવા પીઢ અને કર્તવ્યનિષ્ઠ વિવેચક મળ્યા. લગભગ છેલ્લાં સો વર્ષ દરમ્યાન, ગુજરાતમાં ઉચ્ચ ભૂમિકા ઉપર વિશાળ અને સંગીન ધોરણે સાહિત્યતત્ત્વનો જે વિચાર થએલો છે તેના પાયામાં નવલરામનાં ગ્રંથાવલોકનો પડેલાં છે.'

આમ કહીને આચાર્ય ધીરુભાઈ ઠાકરે આપણને આ માસમાં (૯મી માર્ચે) આવેલી એ આરૂઢ વિવેચકની સવાસોમી જન્મજયંતીનું સ્મરણ 'ગુજરાત સમાચાર'માં કરાવ્યું હતું. પણ નવલરામ એકલા વિવેચક જ ન હતા; ગોવર્ધનરામ, બલવંતરાય ને વિજયરાય જેવાએ એમની બહુમુખી સાહિત્યશક્તિની પ્રશંસા કરી છે, અને નરસિંહરાવ જેવા સમર્થ વિદ્વાન તથા સમીક્ષકે પણ એમને 'પંડિત, કવિ, વિવેચક અને ચિંતક કહીને ગુજરાતી સાહિત્યના 'આદ્ય દ્રષ્ટા'નું બિરુદ આપ્યું છે.



જન્મ: ૯-૩-૧૮૩૬] નવલરામ પંડ્યા [અવસાન: ૭-૮-૧૮૮૮

એમનો જન્મ ઈ. ૧૮૩૬ની ૯મી માર્ચે સૂરતમાં ગુમાસ્તી કરતા સામાન્ય સ્થિતિના વિસનગરા નાગર બ્રાહ્મણ લક્ષ્મીરામ પંડ્યાને ત્યાં એકના એક સંતાન તરીકે થએલો. માતા નંદકોર અબુધ ને અભણ છતાં દીકરો એકડો લખે; મા હરખાય ને ભૂંસી નાખે; દીકરો ફરી ઘૂંટે. તે પછી ભાગાતળાવ પાસેની ગોવિંદ મહેતાની નિશાળે અભ્યાસ શરૂ કરી આઠમે વર્ષે એ દુર્ગારામ મહેતાજીની સરકારી–ગુજરાતી નિશાળમાં દાખલ થયા, અને એ જ વર્ષે યજ્ઞોપવીત દેવાયું. અગિયાર વર્ષની વયે તો ભૂમિતિ અને ઘનસમીકરણ જેવા કઠિન વિષયોમાં પ્રભુતા મેળવી ગુજરાતી અભ્યાસ પૂરો કર્યો ત્યારે ઇનામમાં પાઘડી અને પુસ્તકો મળ્યાં. એ જ વર્ષે શિવગૌરી સાથે પ્રથમ લગ્ન થયું, પણ દસ જ મહિના બાદ તે અવસાન પામતાં ચૌદમે વર્ષે બીજું લગ્ન મણિગૌરી સાથે થયું, જે જીવનપર્યંત નભ્યું.

બાળ વયે એમની કાંતિ ગોરી, ઘાટ નાજુક અને સ્વભાવ શાંત હતો. સ્વામીનારાયણ સંપ્રદાયમાં આસ્થાપૂર્વક મંદિરે જતા અને ત્યાં બેસી વિચાર-વિનિમય કરતા. નિશાળમાં પણ બીજાં બાળકો હસે રમે ત્યારે તેઓ એકલા સૂર્ય-ચંદ્ર ભણી જોઇ વિચારે ચડચા હોય. પરિણામે એ ઘડતરકાળમાં પણ એમનું શરીર કસાયું નહિ. વળ



બેઠેલા: નવલરામ, પુત્ર ધીમતરામ, પત્ની માણગારા, માણગારાના ભાઈ છગનલાલ
પાછળ ઊભેલાં: કારકુન તથા નોકર બાઈ

સ્વભાવ પણ પહેલેથી માની, ટેકીલો અને એકાંતવાસી. આથી જીવનમાં મિત્રો બહુ ઓછા થયા; અને છેક ઉત્તરાવસ્થા સુધી મોટાભાગનો સમય લખવા-વાંચવામાં જ ગયો તેનું કારણ પણ એ સ્વભાવ જ.

ગુજરાતીના તેજસ્વી અભ્યાસને લીધે અંગ્રેજી હાઈસ્કૂલમાં 'ફ્રી સ્કૉલર' તરીકે તે દાખલ થયા. પણ તે સમયે સુરતમાં આગળ અભ્યાસ કરવાનાં સાધન નહતાં, અને ઘરની સ્થિતિને લીધે મુંબાઈ અભ્યાસ કરવા જવાનું દુર્ઘટ હતું, એટલે એમને ૧૮૫૩માં અભ્યાસ છોડી દેવો પડ્યો, ને ઈ. ૧૮૫૪ના સપ્ટેમ્બર-માં સુરતની હાઇસ્કૂલમાં દસ રૂપિયાના પગારે નવમા આસિસ્ટન્ટ તરીકે શિક્ષકની નોકરી લેવી પડી. તેમાં ક્રમેક્રમે ચડીને ૧૮૬૧માં તે ત્રીજા આસિસ્ટન્ટ થયા અને તે જ વર્ષની આખરે સાઠ રૂપિયાના પગારે ડીસાની અંગ્રેજી વર્નાક્યુલર સ્કૂલના કામચલાઉ હેડમાસ્તર તરીકે તેમની બદલી થઈ. ત્યાં થોડા માસ રહી પાછા સુરત પોતાની મૂળ જગ્યાએ આવ્યા ને થોડો સમય ગોપીપુરા બ્રાંચ સ્કૂલમાં હેડ-માસ્તરનું કામ પણ કર્યું.

સન ૧૮૬૨માં પ્રસિદ્ધ 'મહારાજ લાઈબલ કેસ' ચાલતો હતો તે વિશે ઉત્તમ કવિતા લખનારને મુંબાઇના સુધારક પત્ર 'રાસ્ત ગોફ્તાર ને સત્યપ્રકાશે' ૨૫૦ રૂપિયા ઇનામ આપવાનું જાહેર કર્યું. દેશના નવજુવાનોને સુધારાના જંગમાં ઊતરવા એલાન કરતા એ કેસની હાકલ નવલરામના હૃદયમાં પણ વાગેલી, એટલે તેમણે એ કેસ ઉપર ૨૫૦ પાનાંની દળદાર કવિતા લખી મોકલીને પોતાના સાહિત્યજીવનની શરૂઆત કરી. પણ સાડા સાત માસ વીત્યા છતાં એનું કાંઈ પરિણામ ન જણાતાં એ અધીરા ઉમેદવારે મુંબાઇના બીજા પત્ર 'દફતર આશકારા'ના તંત્રીને તે વિશે પત્ર લખ્યો. અંતે ઘણે દિવસે પરીક્ષકોએ નવલરામને અરધું ઇનામ આપવાનો ઠરાવ કર્યો. આ અન્યાયથી આઘાત પામી નવલરામે એ ઇનામ ન લેતાં કવિતા પાછી મંગાવી લીધી.

પુરુષાર્થ વિનાની મહેચ્છાઓ પાંગળી રહે છે, એ સૂત્રને નવલરામે જીવનમાં સાર્થ કર્યું છે. ઇનામી કવિતાની નિષ્ફળતાની ઉદ્વિગ્નતા નીચે પણ તેમણે પોતાનાં સાહિત્યનાં અભ્યાસ અને અભીપ્સા ખંતપૂર્વક ચાલુ જ રાખ્યાં. એક બાજુ 'વીરમતી' નાટકનું કલેવર ગોઠવતા જતા હતા અને બીજી બાજુ 'તર્કસંગ્રહ'નો, બેકનનો તથા સંસ્કૃતનો અભ્યાસ કર્યે જતા હતા.

ઈ. ૧૮૬૬માં સુરતમાં ટ્રેનિંગ સ્કૂલ સ્થાપવાની વાત ચાલતી હતી ત્યારે ૮૦ રૂપિયાના પગારે કામ કરતા નવલરામે એના હેડમાસ્તરની જગ્યા માટે પ્રયત્ન કર્યો, પણ પ્રસિદ્ધ નવલકથાકાર નંદશંકર તુળજાશંકર ત્યાં નિમાતાં પોતાનું મન ફરી વાચનમાં પરોવ્યું.

આ તરુણ વયે મહેચ્છાઓ કેવા ઉછાળા મારતી હતી એ તેમની તે વખતની નોંધપોથીઓ સ્પષ્ટ દર્શાવે છે; અને ચિત્તને ડહોળી નાખનારા જુવાનીના કારમા ચકડોળ જેવા આત્મમંથનના કાળમાંથી પણ સ્થિરતા મેળવી

'જાયો ટેકી નવલ ભણો
નીચો કદાપિ ન થાય'

કહેતા એ અભ્યાસમાં પરોવાઈ જાય છે.

'પ્રેમાળ પત્ની મણિગૌરીનો મીઠો ઠપકો. ખાતાંખાતાં પણ રાત્રે ગમે ત્યાં સુધી એ અભ્યાસ અર્થે જાગ્યા જ કરતા. ગમે ત્યારે ખાવું, ગમે ત્યારે સૂવું, પણ સતત વાંચવું, વાંચવું ને વાંચવું એ જ તેમનું લક્ષ. અભ્યાસ તો પોતાનો મૅટ્રિક સુધીનો જ, છતાં શેક્સપીઅર, બર્ક ને બેકન, તથા એડીસન અને સ્ટીલનું વાચન, મનન ને ચિંતન એમણે કર્યું.'

ઈ. ૧૮૬૭માં નંદશંકર લાઇસેન્સ ટૅક્સ ખાતામાં જતાં અંતે તેમની જગ્યા ઉપર નવલરામને રૂા. ૧૦૦ના પગારે નીમવામાં આવ્યા. આ વર્ષે તેમણે કાયદાનો અને સાથે ફારસીનો અભ્યાસ શરૂ કર્યો, 'વ્યાકરણલેખ'ના પાઠ લખવા માંડ્યા, 'વ્રજવિલાસ' નામનું નાટક અને લાલિત્ય લહરી તથા 'શામકવચ' નામની વાર્તાઓ માંડી, અને 'ગોપકાવ્યો' લખવાની પણ હોંશ કરી.

આટલી બધી માનસિક પ્રવૃત્તિઓવાળું વર્ષ ફળ ન આપે તો નવાઈ કહેવાય. સ્વાભાવિક રીતે શરમાળ એવા નવલરામને, આખરે તેમના ચિત્તે શરમ છોડાવી બહાર ખેંચી આણ્યા અને 'ભટનું ભોપાળું' નામનું નાટક તેમણે પ્રકટ કર્યું. મોલિયેરના ફ્રેન્ચ નાટકનું એ વેશાન્તર હોવા છતાં એની સફળ સ્વાભાવિકતાને કારણે ગુજરાતી સાહિત્યમાં એ મૂળ કૃતિ જેટલું આદરપાત્ર ગણાયું છે.

નવલરામે ભાષાન્તરકારના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે: 'શબ્દાનુસારી અર્થાનુસારી અને રસાનુસારી. રસાનુસારી ભાષાંતરમાં શ્રોતાના દેશકાળને અનુસરવાની પ્રથમ જરૂર છે. નહિતર રસને બદલે વિરસ કે કુરસ થઇ જાય.' 'ભટનું ભોપાળું' ત્રીજા પ્રકારનું ભાષાંતર છે. એમાં દેશકાળને અનુલક્ષીને કરેલા ફેરફાર ઉપરથી કલ્પના પણ ન આવે કે તે અંગ્રેજીમાંથી અનુવાદિત હશે. નાટકનો ઉદ્દેશ ખૂબ જ કટાક્ષયુક્ત વિનોદવાણીમાં સંસાર-સુધારાનો છે, જે સંપૂર્ણ રીતે જળવાયો છે. કન્યાવિક્રયના લોભી પાત્રો, તેમજ શિવકોર ભટાણી અને ભોળા ભટની વઢવાડો તેમાં રોજિંદા જીવનને મૂર્તિમંત કરે છે.

માર્મિક કટાક્ષોથી ઉપહાસ કરવાની નવલરામની શક્તિનો એવો જ બીજો પરચો આપણને 'બાળગરબાવળી'માંની તેમની 'જનાવરની જાન'વાળી અમર ગરબીમાં જોવા મળે છે. નૈસર્ગિક વિનોદવૃત્તિ એમનાં શાસ્ત્રીય લખાણોમાં પણ ઢાંકી રહેતી નથી.

૧૮૬૮માં સૂરતની ટ્રેનિંગ સ્કૂલમાં એકસો વીસના પગારે તે કાયમ થયા અને ૧૮૬૯માં 'ભટનું ભોપાળું' કરતાં પણ પ્રથમ લખાએલું નાટક 'વીરમતી' તેમણે પ્રકટ કર્યું.

ગ્રંથ-વિવેચનની શરૂઆત એમણે ૧૮૬૭-માં કરેલા 'કરણઘેલા'ના વિવેચનથી કરી. પણ એ વર્ષનું ઉત્તમ અને નોંધપાત્ર વિવેચન તો 'રઘુવંશ' કાવ્ય ઉપરનું છે એમાં ભાષાંતરકાર માટે તેમણે સૂચવેલા નિયમો મહત્ત્વના છે: 'ભાષાંતર કરવાનું કામ કવિના પ્રતિસ્પર્ધી ન થતાં તેના ભક્ત, આજ્ઞાંકિત સેવક અને એકાન્તિક મિત્ર થવાનું છે. જાણે તે જ કવિ આપણી ભાષામાં લખતો હોય એવી ભાષાની મીઠાશ ભાષાંતરમાં પણ આવવી જોઈએ.'

ચોત્રીસમા વર્ષનો અંત, એ એમના 'આત્મમંથન'કાળનો પણ અસ્ત. પાંત્રીસમા વર્ષે એમના જીવનમાં જુદો જ રંગ પ્રકટયો. ૧૮૭૦-માં સૂરતની ટ્રેનિંગ સ્કૂલ બંધ થતા તેઓ અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ તરીકે જોડાયા. ૧૮૭૬ સુધી એ જગ્યા ઉપર રહી તેમણે 'ગુજરાત શાળાપત્ર'નું તંત્રીપદ પણ ઘણી કાર્યદક્ષતાથી અને ઉત્સાહપૂર્વક બજાવ્યું. પણ તે પહેલાં, એક તરફ પોતાનો કાયદાનો અભ્યાસ ને બીજી બાજુ આ 'શાળાપત્ર'ને કેળવણીના વાહન તરીકે ઊંચી પંક્તિમાં આણવાની ભાવના, એ બે વચ્ચેની દ્વિધામાં એ બહુ પીડાયા. અંતે એ બે વચ્ચેનો માર્ગ કાઢયાઃ કાયદાનો અભ્યાસ ચાલુ રાખ્યો અને 'શાળાપત્ર'ને સોળ પાનાના નાના કદમાં કાઢવા માટે વિદ્યાધિકારી કર્ટિસ સાહેબની રજા મેળવી.

સૂરત જેવું જ મનોમંથન અમદાવાદમાં ચાલુ તો રહ્યું, પણ તેમાં ઠરેલપણું અને ગાંભીર્ય હતાં. નોટબુકોમાંના તરંગોને બદલે ટેઇટ અને ફાઉલર જેવા સમર્થ શિક્ષણશાસ્ત્રીઓના ગ્રંથોના અભ્યાસના પરિણામ રૂપ તથા પોતાના અનુભવના નિચોડ રૂપ નક્કર વાચન હવે 'શાળાપત્ર' દ્વારા બહાર આવવા લાગ્યું. ઈ. ૧૮૭૧થી દેશીની ઢબના નવા મેઘ છંદમાં 'મેઘદૂતનું ભાષાંતર' પણ તેમણે શરૂ કર્યું. આજ અરસામાં 'હિતોપદેશ' અને 'દશરૂપક'નાં ભાષાંતર તથા 'કાવ્યાદર્શ' અને 'સાહિત્યદર્પણ'ના અભ્યાસ શરૂ કર્યા; 'કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો' તથા 'દેશી પિંગળ' ઉપરના લેખો લખ્યા; અને 'જોડણીના નિયમનું અર્થગ્રહણ' ઉપર જે લેખ લખ્યો તેને તો પાછળથી આનંદશંકરભાઈ જેવાએ પણ 'અતિ પ્રૌઢ ને વિચારશીલ વાર્તિક'નું નામ આપ્યું.

૧૮૭૬ના ડિસેમ્બરમાં ૨૪૦ના પગારે તે રાજકોટ ટ્રેનિંગ કૉલેજના આચાર્યપદે ગયા અને છેવટ સુધી ત્યાં જ રહ્યા. અહીં તેમણે 'બાળગરબાવળી' સંગ્રહ છપાવ્યો, ને ગુજરાતી ભાષાના શબ્દોને સંસ્કૃત, પ્રાકૃત, લૅટિન, ગ્રીક આદિ ભાષાઓ સાથે સરખાવવાના તેમના પ્રયત્નના પરિપાક રૂપે 'વ્યુત્પત્તિપાઠ' નામક પુસ્તક પણ આપણને મળ્યું.

રાજકોટ-નિવાસનાં બાર વર્ષમાં તેમનો પગાર બસો સુધી પહોંચ્યો. એ બાર વર્ષમાં તેમનું ગ્રંથવિવેચન સૂક્ષ્મ તથા પ્રૌઢ થયું અને શિક્ષણવિષયક તેમના લેખોની ધારા અવિચ્છિન્ન ચાલી. એમા જુદાજુદા વિષયો કેમ શીખવવા, શું શીખવવું, વર્ગવ્યવસ્થા, સજા કરવાના લાભાલાભ ઇત્યાદિ શિક્ષણવિષયક ચર્ચાઓ તેમણે કરી છે. તેની પ્રેરણા અંગ્રેજી ઉપરથી લેવાઇ હોવા છતાં તેમણે જે પચાવ્યુ ને પોતાનું કર્યું છે, તેને એમાં અનુભવની કસણી ઉપર તપાસીને લોક સમક્ષ મૂક્યું છે. આજે પણ પ્રાથમિક શાળાના શિક્ષકોને માટે એ જ્ઞાન મહામૂલું છે. શાસ્ત્રીય પૃથક્કરણની તથા વર્ગીકરણની તેમની શક્તિ સાહિત્યવિવેચન પેઠે શિક્ષણવિષયક વિવેચનોમાં પણ ઝળકે છે. તેમની બહુશ્રુત પ્રતિભા વિષે બે મત છે જ નહિ.

અહીં 'શાળાપત્ર'માં ઈ. ૧૮૮૦ થી ૧૮૮૭ સુધી ક્રમશઃ છપાએલા 'અંગ્રેજ લોકોના સંક્ષિપ્ત ઈતિહાસ'ની નોંધ પણ લેવી જોઈએ. ગુજરાતી ભાષામાં એ કદાચ પ્રથમ ઇતિહાસ-ગ્રંથ છે. બલવંતરાય ઠાકોર જેવા વિદ્વાન ઇતિહાસજ્ઞ અને સાહિત્યકાર એને વિષે લખે છે: 'પ્રૌઢીની સાથે સરલતા, રસપ્રવાહની સાથે વિચારવત્તા, સંગીન શાસ્ત્રીયતાની સાથે પારદર્શક સ્પષ્ટતા, તરંગલીલાની સાથે વિવેક, તીક્ષ્ણ તળપદા શબ્દો, સમતોલ પ્રમાણસર પણ ત્વરિત ગતિ, ઊંડી છાપ પાડવાનું અતર્ક્ય સામર્થ્ય, મધુર લીલામય સ્વરસંવાદ વગેરે નવ શૈલીના મોહક ને સ્થાયી ગુણો આ વાઙ્મયાત્મક વિવેચનાત્મક સંક્ષિપ્ત કૃતિમાં શાન્તોજ્જ્વલ વિકાસ પામ્યા છે. આ પુસ્તક વિદ્યાર્થીઓમાં ગુજરાતી ગદ્યની શક્તિ અને સુંદરતાની કદર જગાડવાનો રાજમાર્ગ છે.'

ઈ. ૧૮૮૦-૮૧માં, ૪૫ વર્ષની વયે શરીરનું બળ નમ્યું, કંઈક આધિવ્યાધિ જણાવા લાગ્યા, પણ મનનો વેગ નબળો ન પડ્યો. ધર્મ ઉપર દૃષ્ટિ વળવા લાગી અને ઉપનિષદો વગેરેના અભ્યાસ તરફ મન ખેંચાયું. બીજી બાજુ પેન્શનનો વિચાર કરવા માંડ્યો, અને પેન્શન લઈ મુંબઇમાં રહેવું, 'રાજમંત્રી' અથવા 'આર્યમંત્રી' નામે પત્ર પ્રકટ કરવું, 'આર્ય નાટક મંડળી' ઊભી કરવી, નવી ઢબના હરદાસ ઊભા કરવા, 'એપિક' અને 'નૅશનલ બૅલાડ' લખવાં, પુસ્તક-વિક્રેતાનો ધંધો દેશી રીતને અનુકૂળ કરવો, દેશના સુધારા અર્થે સમર્પણીઓની એક સભા કરવી, એવા વિચારો કરવા માંડ્યા.

બીજી બાજુ ૧૮૮૬-૮૭માં મહીપતરામ નિવૃત્ત થવાના હોઈ તેમની જગ્યાએ જવાની પણ આકાંક્ષા જાગી. એવામાં એક શોચનીય બનાવ બન્યો. પ્રેમશૌર્યનાં ગાન ગાનાર, છટાદાર ગદ્ય લખનાર, તથા અડગ દેશાભિમાન, નિઃસીમ ઉત્સાહ અને અદ્ભુત સ્વાર્પણ દાખવનાર ગુજરાતનો આદ્ય દ્રષ્ટા, ને ચાલીસ વર્ષ સુધી 'ગરવી ગુજરાત'માં અનેક રંગ પૂરનાર નર્મદ ચાલ્યો ગયો. પોતાના એ વીર મિત્રની જીવનકથા લખીને નવલરામે ઉચિત શ્રદ્ધાંજલિ અર્પી છે. ૧૮૬૬-૬૭ સુધીનું પોતાનું જીવન તો નર્મદે જાતે જ લખ્યું હતું. તે પછીની અન્ય હકીકતો, અંગત સંપર્ક અને જ્ઞાનથી ઉમેરો કરીને નવલરામે 'કવિજીવન' લખ્યું. નવલરામના જીવનનું પણ એ છેલ્લું મોટું લખાણ હતું. પ્રેમભાવે લખાએલી એ જીવનકથા તેના નાયક તથા લેખક ઉભય પ્રત્યે ઊંડો આદરભાવ ઉપજાવે છે.

નાનપણથી જ રોગથી નબળું પડેલું શરીર, તેમાં ક્વચિત ભાંગનું તથા પાનસોપારી ને તમાકુનું તીવ્ર વ્યસન, ખૂબ ઉજાગરા, અકાળે ઊંઘવું જાગવું વગેરે જેવી અનારોગ્યકારી ટેવોથી તેમનું શરીર હવે કથળ્યું. રજા લઇ સૂરત ગયા. જલંદર થયું હતું. દાક્તરોના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા અને ૧૮૮૮ની ૭મી ઑગસ્ટે પોતાના પિતા, પુત્રી, મિત્ર સમા જમાઈ તથા પત્ની આદિ સગાંઓને યોગ્ય સૂચનાઓ આપી, છેલ્લી વાતો કરી ઈશ્વરસ્મરણ કરતાંકરતાં દેહ છોડ્યો.

અંતમાં આચાર્ય ધીરુભાઇ ઠાકરના શબ્દોમાં જ એમના સાહિત્યજીવનનો સમારોપ કરીએ: 'સ્વસ્થતા, સહૃદયતા, તટસ્થતા, બહુશ્રુતતા અને મર્મજ્ઞતા જેવા વિવેચકના સર્વ ગુણો તેમનામાં ખીલ્યા હતા. સંસ્કૃત રસશાસ્ત્ર અને સાહિત્યવિવેચનના મુખ્ય સિદ્ધાંતોએ તેમના ચિત્તતંત્રને બરાબર ઘડ્યું હતું. ગ્રંથાવલોકનને અંગે તેમણે મુખ્યત્વે સાહિત્યતત્ત્વની ચર્ચા કરી છે તે વ્યુત્પત્તિના કરતાં વધુ તો આપસૂઝનું જ ફળ છે. કાવ્ય, નાટક, નાટક-

શાળા, ભાષાંતર, ભાષા, શૈલી, રસ, અલંકાર, છંદ વગેરે મહત્ત્વના વિષયો પરત્વે તેમણે લેખકોને તેમ સમાજને સ્પષ્ટ ને સમર્થ માર્ગદર્શન આપ્યું છે. ચરિત્ર, ભાષાંતર, સંસ્કૃતમય ગુજરાતી, હાસ્ય અને અદ્ભુત રસ, એક ભાષા, એક લિપિ, માતૃભાષા દ્વારા શિક્ષણ વગેરે વિષયો પર તેમની વિશદ બુદ્ધિએ પાડેલો પ્રકાશ આજે પણ ઉપયોગી છે.'

(જીવનરેખા 'નવલગ્રંથાવલિ'માંથી તારવીને)

હિંદી પ્રકાશનો

સત્સાહિત્યમંડલ, ઈલાહાબાદનાં પ્રકાશનો

કથાસરિત્સાગર: અગિયારમી સદીમાં સોમદેવે સંસ્કૃત ભાષામાં લખેલા એ અમર ગ્રંથનું સંક્ષિપ્ત, છતાં મૂળ કથાના રસપ્રવાહને અસ્ખલિત વહેતું રાખતું, શ્રી ગોપાલકૃષ્ણ કૌલે કરેલું હિંદી રૂપાંતર. પરિચયમાં કહેવાયું છે તે પ્રમાણે તત્કાલીન સમાજના જનજીવનના રીતરિવાજો, પ્રથાઓ, લોકાચાર તથા અમુક હદ સુધી ઇતિહાસની પણ ઝાંખી એમાંથી ગળી રહે છે. સંપાદક શ્રી વિષ્ણુ પ્રભાકરની અભ્યસનીય ભૂમિકા સાથે, કિ. ૬ ૦૦.

અનાગતા કી આંખે': વીરેન્દ્રકુમાર જૈનના આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે: આ સંગ્રહમાં મેં મૌલિક જિજ્ઞાસા ને અંતરસંઘર્ષો દ્વારા ઉપલબ્ધ થતા સત્યને પ્રકાશમાં આણવાનો પ્રયત્ન કર્યો છે, કિ. ૪·૫૦.

ભારત કા સંવિધાન: જેમાં ભારતના રાજ્યબંધારણના મુખ્ય મુદ્દાઓને સંક્ષેપમાં સાદી અને સરળ સમજ સાથે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, કિંમત ૧·૦૦.

દશરથનંદન શ્રીરામ: ચક્રવર્તી રાજગોપાલાચારી ભારતના એક વિચક્ષણ મુત્સદી જ માત્ર નહિ, પરંતુ જીવન અને ધર્મતત્ત્વના વિદ્વાન અને મૌલિક ચિંતક પણ છે. વાલ્મીકિ રામાયણના આધાર પર તેમણે રચેલી રામકથા, વસ્તુની દૃષ્ટિએ પૂર્ણતાની સમીપતર ને અભિવ્યક્તિની દૃષ્ટિએ વિશદ, પ્રસાદમય અને પ્રશાંત ઓજસપૂર્ણ છે. આમુખમાં તેઓ જણાવે છે કે 'મિત્રોની માન્યતા છે કે મેં દેશની અનેક સેવાઓ કરી છે. પરંતુ મારા મત પ્રમાણે ભારતીય ઇતિહાસના આ મહાન અને ઘટનાપૂર્ણ કાળમાં વ્યસ્ત મારા જીવનની સંધ્યાવેળાએ આ બે ગ્રંથો 'મહાભારત કથા' અને 'દશરથનંદન શ્રીરામ'ની રચના ભારતવાસીઓ પ્રત્યેની મારી સર્વોત્તમ સેવાના પ્રતીકરૂપ છે. આ જ કાર્યમાં મને મનની શાંતિ અને તૃપ્તિ પ્રાપ્ત થઈ છે'. મૂળ તામિલમાંથી તેમના પુત્રી લક્ષ્મી દેવદાસ ગાંધીએ કરેલો હિંદી અનુવાદ, કિંમત ૫·૦૦.

ઉત્તરાખંડ કે પથ પર: યશપાલ જૈનના પ્રસિદ્ધ કલમે હિંદી દૈનિક 'નવભારત ટાઈમ્સ'માં ક્રમશઃ લખાએલી આ લેખમાળા ઉત્તરાખંડનાં ધાર્મિક સ્થળો વિષે રસભર માહિતી પૂરી પાડે છે, કિંમત ૨–૦૦.

વિરાટ: ભારતીય વિચારધારાથી પ્રભાવિત થએલા યહૂદી લેખક સ્ટિફન ઝવાઇગે ભારતની ભૂમિને પશ્ચાદ્ભૂમાં રાખી લખેલી આ નવલનું મુખ્ય પાત્ર વિરાટ, કર્મ અને અકર્મની ભીંસમાં તણાતો અદનો આદમી છે. લેખકે અંતમાં જણાવ્યું છે કે પોતાના કલ્યાણ કાજે માણસે કોઈ પણ જાતના ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવું જોઇએ. સાથે સાથે નારીની સ્વાભાવિક ભાવનાનું તલસ્પર્શી ને માર્મિક આલેખન કરવામાં આવ્યું છે, કિ. ૧·૫૦

મેરે સંસ્મરણ: ગાંધીજીના સંપર્કમાં ઉત્પન્ન થએલાં અને સાચવી રાખેલાં, તેમજ બાપુજી સાથેના પત્રવ્યવહારમાં તરી આવતાં કેટલાંક સંસ્મરણો સ્વ. દાદાસાહેબ માવલંકરે આપણને જે મૂળ ગુજરાતી પુસ્તક રૂપે આપેલાં છે તેનો શ્રી શંકરલાલજી તથા સોમાલાલજીએ કરેલો અનુવાદ, કિંમત ૨–૦૦.

પ્રભુ પધારે: બ્રહ્મદેશના જીવનની અત્યંત સજીવ ને મર્મસ્પર્શી ઝાંખી કરાવતી સ્વ. ઝવેરચંદ મેઘાણીની ગુજરાતી નવલકથાનો જાણીતા હિંદી લેખક શ્યામૂ સંન્યાસીએ કરેલો અનુવાદ, કિંમત ૨–૦૦.

યુગધર્મ: ગાંધી તત્ત્વજ્ઞાનના વિશદ ઉદ્ગાતા શ્રી હરિભાઉ ઉપાધ્યાયે વર્તમાન કર્તવ્યને અનુલક્ષીને લખેલું આ પુસ્તક આપણી રાષ્ટ્રરચનામાં અગત્યનું માર્ગદર્શન કરાવે છે. એમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે પ્રાંતવાદ, જ્ઞાતિવાદ અને આંતરિક કલહને જ્યાં સુધી દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી 'સર્વોદય' દુઃસાધ્ય છે. પુસ્તકને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું છે: આહ્વાન, આદર્શ, સાધના અને સમસ્યા; કિંમત ૧·૭૫.

દેશસેવકોં કે સંસ્મરણ: જાહેરજીવનમાં પદાર્પણ કર્યા બાદ પોતાના સંપર્કમાં આવેલા નાનામોટા સૌ દેશસેવકોનું સંસ્મરણ ગાંધીજીએ થોડા શબ્દોમાં ય સુરેખ રીતે આલેખ્યું છે, કિંમત ૧·૨૫.

સતવંતી: શ્રી ચંદ્રશંકર દુબેએ આલેખેલી માળવાની લોકકથા, કિંમત ૧-૫૦.

પરમહંસ કી કથાએં: ઓગણીસમી સદીની મહાન વિભૂતિ શ્રી રામકૃષ્ણ પરમહંસે ઉપદેશ-સમર્થનમાં કહેલી વાર્તાઓનો હિંદી ભાષાના વિદ્વાન શ્રી મહાવીર પ્રસાદ પોદ્દારે સુબોધ અને સજીવ શૈલીમાં કરેલો અનુવાદ, કિંમત ૧-૫૦.

પબ્લિકેશન્સ ડિવિઝનનાં પુસ્તકો

લખટકિયા: બાળકોના ઇતર વાચન માટે અને તેમના શૈક્ષણિક જ્ઞાનને વિસ્તૃત બનાવવાના કાર્યને ધ્યાનમાં રાખી, કરેલો દેશનાં ભિન્નભિન્ન રાજ્યોની લોકકથાઓનો દિલચસ્પ સંગ્રહ, કિંમત ૦·૭૫.

આદિવાસી: આદિવાસી લોકોની આર્થિક સ્થિતિ, આહાર-આરોગ્ય, રહેણીકરણી, કલા, રીત-રિવાજ, નૃત્ય ને લોકગીતોનું આ માહિતીસભર પ્રકાશન, આદિવાસીઓની સુધારણા તથા ઉત્થાન માટે કાર્યરત બનેલાંઓને માટે ઉપયોગી છે, કિંમત ૧-૫૦.

વાર્તા-કલા

આજે લાંબી બુદ્ધિનો વાચક ટૂંકી વાર્તા વાંચે છે ને ટૂંકી બુદ્ધિનો વાચક લાંબી નવલકથા વાંચીને આનંદ પામે છે. ટૂંકી વાર્તા પરત્વે બુદ્ધિની અપેક્ષા આજે વિશેષ રહે છે.

જ્યોતીન્દ્ર દવે

આજે તો આપણે બધા 'વાંચવાની' વાર્તા લખીએ છીએ, 'કહેવાની' નહિ. 'વાંચવાની વાર્તા' માત્ર વાચકના મનમાં કહેવાતી હોય છે. પરંતુ વાર્તા કહેવાય તેના 'શ્રવણનો આનંદ' અને 'વાર્તા-વાચનનો આનંદ' એ બંનેમાં ઘણો ફેર પડી જાય છે. આજે વાત કરવાની કળા જેમ લુપ્ત થવા માંડી છે, તેમ વાર્તા કહેવાની કળા પણ સરવા માંડી છે. તેનું કારણ કે આજે વાર્તા કોઈ 'કહેતું' નથી; બાળકથી માંડી મોટા સુધી સૌએ વાર્તા 'વાંચી લેવાની' હોય છે, અને એમાં વાચકે વાર્તાનો રસાસ્વાદ પામવા માટે પરિશ્રમ કરવો પડે છે. એની વાર્તાગ્રહણની જેટલી પાત્રતા તેટલા પ્રમાણમાં તે વાર્તાનો ભોક્તા બની શકે છે; જ્યારે 'કહેવાની' વાર્તાના શ્રવણમાં વાચક પાસેથી કોઈ અપેક્ષા ભાગ્યે જ રાખવામાં આવે છે.

વસ્તુના મર્મનું દર્શન અને એનું પ્રકટીકરણ એ ટૂંકી વાર્તાની કલામાં પ્રાધાન્ય ધર્મ છે.

(વીલેપાર્લેમાં મળેલા વાર્તાકાર સંમેલનમાં)

હિતચર્યા ४] તૈલાભ્યંગ

શરીરે તેલનું માલિશ કરવાનો મહિમા આ દેશમાં પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. મહર્ષિ ચરકે તૈલાભ્યંગના ફાયદા આ મુજબ વર્ણવ્યા છે: 'જેમ તેલ ચોપડવાથી ઘડો, ચામડું અને રથનાં પૈડાંની ધરી મજબૂત અને ટકાઉ બને છે, તેમ શરીરે તેલનું માલિશ કરવાથી શરીર દઢ અને ત્વચા સુંવાળી થાય છે. વાયુના વિકારો તેને સ્પર્શતા નથી ને (શરીર) ક્લેશ તથા કસરતને ખૂબ સહન કરી શકે છે. તેથી મનુષ્યે અભ્યંગ કરવાનો અભ્યાસ રાખવો જોઇએ. અભ્યંગનું નિત્ય સેવન કરનારના શરીરના કોઈ પણ અવયવને કંઈ વાગી જાય અથવા તે વ્યક્તિ બળનું કામ કરે તોપણ તેનું શરીર વિકાર પામતું નથી. ઉપરાંત અભ્યંગનું નિત્ય સેવન કરનાર મનુષ્યનાં અંગો સુંદર સ્પર્શવાળાં, કોમળ અને પુષ્ટ થાય છે. વળી તે માણસ બળવાન તથા પ્રિયદર્શન થાય છે અને એને ઘડપણ મોડું આવે છે.

પરમ ત્વચ્ય

શરીરના નિરુપયોગી અને દૂષિત પદાર્થો ચામડીનાં છિદ્રોમાંથી બહાર ફેંકાય છે. ચામડી સ્વચ્છ ને નીરોગી ન હોય તો ઉપર્યુક્ત કાર્ય એ બજાવી શકે નહિ. વળી સૂક્ષ્મતમ ઇન્દ્રિય ત્વચામાં રહેલી છે અને તે માટે તૈલાભ્યંગનું નિત્ય સેવન કરવું જોઈએ.

ઘડપણમાં વાયુની વૃદ્ધિ થાય છે, જે શરીરનું ક્રમિક શોષણ શરૂ કરી દે છે. શરીરમાં રુક્ષતા અને શૈથિલ્ય આવે છે. શરીર પ્રિયદર્શન રહેતું નથી. આ બધું વધી ગએલા વાયુને કારણે થાય છે. તેલ ઉષ્ણ અને સ્નિગ્ધ હોઇ વાયુનાશક છે. નિત્ય તેલમાલિશ કરનારને વૃદ્ધાવસ્થા મોડી આવે છે એ ચરકનું કથન યથાર્થ છે. અભ્યંગને વાગ્ભટે તો આયુષ વધારનાર કહ્યું છે.

વૃદ્ધ માણસો કઠોર વ્યાયામ કરી શકે નહિ. એથી વૃદ્ધો માટે અભ્યંગ વધુ ઉપયોગી થઈ પડે. તૈલમર્દનને એક પ્રકારનો હલકો વ્યાયામ જ કહી શકાય. શરીરમાં નિરર્થક ગરમી કે પ્રસ્વેદ ઉત્પન્ન કર્યા વગર વ્યાયામથી પ્રાપ્ત થતો લાભ અભ્યંગદ્વારા વૃદ્ધોને મળી રહે છે. લક્વા જેવા વાત રોગોમાં શાસ્ત્રીય તેલોનું માલિશ આયુર્વેદે પ્રશસ્ત માન્યું છે. મલબારમાં તો આયુર્વેદની પદ્ધતિએ ચાલતાં માલિશઘરો છે.

માલિશ માટેનું તેલ

સામાન્ય નિયમ પ્રમાણે શિયાળામાં સરસિયુ તેલ, ઉનાળામાં કોપરેલ અને વર્ષા ઋતુમાં તલનું તેલ વાપરવું. સરસિયું અને કોપરેલ વાપરવું ન ફાવે કે ન ગમે તો તલનું તેલ પણ બારે માસ વાપરી શકાય.

કૃશ અને મેદસ્વી બંને માટે તૈલમર્દન હિતકર મનાયું છે. કૃશ માણસોના શરીરસ્રોતો ખૂબ જ સંકુચિત થઈ ગયા હોય છે. તેલ એ સ્રોતો પાસે પહોંચી જઈ પોતાના તીક્ષ્ણ આદિ ગુણોથી સ્રોતોને ખોલી નાખે છે. પરિણામે રસધાતુનું સમ્યક્ વહન અને માંસ મેદ વગેરે ધાતુઓનું પોષણ થવાથી શરીર ધીમે ધીમે પુષ્ટ થાય છે. એક વર્ષ સુધી નિત તૈલ માલિશ કરનાર કૃશ પુરુષનું શરીર જરૂર પુષ્ટ થાય. મેદવાળા શરીરમા તેલ પોતાના સૂક્ષ્મ ગુણને કારણે પ્રવેશી શકે છે અને ઉષ્ણ-તીક્ષ્ણ ગુણોથી મેદને ઓછો કરે છે.

માલિશ કરવાથી લોહીના ફરવાની ક્રિયા સુયોજિત થાય છે. પચનતંત્ર પર પણ અભ્યંગની ઉત્તમ અસર થાય છે. આંતરડાં આમાશય, યકૃત વગેરે અવયવોને ગતિ અને શક્તિ મળવાથી એમની કાર્યક્ષમતા વધે છે.

માલિશ કર્યા પછી અર્ધો પોણો કલાક તૈલને શરીરમાં પચવા દેવું અને પછી નહાવું. ત્વચામાં ભ્રાજક પિત્ત રહેલું છે. અભ્યંગ, લેપન વગેરે ક્રિયાઓમાં વપરાએલાં દ્રવ્યોને પકવીને શરીરને અનુકૂળ એવું રૂપાંતર કરી શરીરમાં પહોંચાડવાનું કામ એ ભ્રાજક પિત્તનું છે. માલિશ કરીને તરત નાહી લેવાથી તેલ શરીરમાં બરાબર પચી શકે નહિ.

વ્યાયામ કરનારે વ્યાયામ કર્યા પછી પરસેવો સુકાયા બાદ માલિશ કરવું. વ્યાયામ શરીરમાં રુક્ષતા ઉત્પન્ન કરનાર છે. તૈલમર્દન એ રુક્ષતાથી બચાવી લઇ વ્યાયામનો સાચો લાભ મેળવી આપવામાં મદદરૂપ થાય છે. એટલે વ્યાયામ કરનારે તો અવશ્ય અભ્યંગ કરવું જ,

લાભશંકર ઠાકર

પાકાં કેળાં સાથે મધ મેળવી બાળકોને ખવરાવો. પેટમાં ભરાયેલી માટી નીકળી જશે.

કેળાના ગર્ભને જરા પાતળો કરી બળેલી જગ્યા પર બાંધી દેવાથી બળતરા ઓછી થાય છે.

મંદાગ્નિમાં નિયમિત સંતરાં ખાવાં.

ખજૂર અને ખારેક

ખજૂર અને ખારેક બંનેનો ખાસ ગુણ શરીરનું માંસ વધારવાનો છે. પ્રાણી-પક્ષીઓનાં માંસમાં શરીરને મોટું કરવાનો ખાસ ગુણ હોય છે, એથી જ માંસાહારીઓ લાંબાચોડાને તગડા શરીરવાળા હોય છે. ખજૂર અને ખારેકમાં પણ આ જાતની શક્તિ છે.

લગ્ન પહેલા જે યુવકયુવતીઓ અત્યંત નાના શરીરનાં, ઠીંગણાં ને અવિકસિત હોય તેમને ખારેકનો પાક ખવડાવવામાં આવે છે. આથી નાની બાલિકાઓના શરીરનો ખૂબ વિકાસ થાય છે. ખારેક તો બારે માસ મળી શકે છે; માત્ર ખજૂર તેની મોસમમાં જ મળે છે. અત્યારે ખજૂરની મોસમ છે. પણ ખજૂરનો પાક થોડા વખતમાં બગડી જાય છે.

ખારેકનો પાક બનાવવાની મુખ્ય બે રીતો છે: પ્રથમ, ખારેકનો ભૂકો કરીને ચૂર્ણ બનાવીને તેમાં ઘીસાકર તથા ઓંપચો મેળવી લેવાનો; અને બીજી રીત ખારેકના ફાડિયાં કરીને તેને દૂધમાં ઉકાળી દાણો પાડી પછી ઓંપચો તથા સાકરની ચાસણી બનાવવાની. પ્રથમ રીતમા પાક લાંબો વખત ટકી રહે છે. બીજી રીતમા પાક ઘણો સ્વાદુ બને છે, પણ બહુ લાંબો વખત સુધી સારો રહેતો નથી.

વસંતોત્સવ

તમે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ કે પંજાબનું હોળીનું પર્વ જોયું છે? લોકો આનંદ-ઉત્સાહથી ગાંડાતૂર બની રંગ-ગુલાલની છોળો ઉડાડે છે; નાચી-કૂદી વસંતના વાતાવરણને મસ્ત બનાવે છે. પોતે સરકારી અમલદાર છે કે મોટો વેપારી છે તે ભૂલી જઈ બધા સાથે આનંદ લૂંટવા નીકળી પડે છે. સંબંધી-મિત્રોને ભાંગ પાય છે અને પીએ છે.

ભાંગ નકામી વસ્તુ નથી. તે અન્નને પચાવી ભૂખ લગાડે છે, ઝાડા થતા હોય તો તે રોકે છે, કફ અને વાયુનો નાશ કરે છે અને નિદ્રા આપે છે. પરંતુ કાયદાને અંગે આજે એ લેવી શક્ય નથી સલાહભરી પણ નથી.


શિયાળામાં ખાધેલા સ્નિગ્ધ અને મીઠાં ખોરાકથી કફનો સંચય થયો હોય છે તે વસંતમાં પ્રકોપ પામે છે. માટે જ આપણે ત્યાં ધાણી-ચણા જેવા રુક્ષ, કફનાશક ખોરાકની યોજના આ પ્રસંગે કરી છે. ગુલાલ એ ચૂનો અને હળદરનું મિશ્રણ છે, તે શ્વાસોચ્છ્વાસ દ્વારા ફેફસાંમાં જઈ કફનો નાશ કરે છે. કેસૂડાંનો બનાવેલો રંગ પ્રકુપિત થએલા કફ અને પિત્તનો નાશ કરી ઉનાળાની ગરમીથી થતાં ગડગૂમડને રોકે છે. (સુશ્રુત)

બાલસ્પર્શી કલા

સાત વર્ષ લગી સંપાદક અને પ્રકાશકનું કામ કરતા મનરો લીફ નામના એક અમેરિકન ગ્રંથ-પ્રકાશકે એક દિવસ એક માતાને પોતાના નાના બાળકને વ્યાકરણના નિયમો શીખવતી જોઈ. ફરીફરીને એ નિયમો શીખવતી હતી, પણ બાળક કંઇ સમજતું ન હતું. આ જોઈ લીફને વિચાર આવ્યો કે બાળકને આ નિય-મો ચિત્રના રૂપમાં આપ્યા હોય તો એ અટ-પટી ચીજ કદાચ તેને સમજાય.

અને ૧૯૩૪માં એણે એ પુસ્તિકા બહાર પાડી: 'ગ્રામર કૅન બી ફન' (વ્યાકરણમાં પણ ગમ્મત પડે). સાથે એ માળાનાં બીજાં પુસ્ત-કોની પણ યોજના કરી. તેમાં 'વિજ્ઞાનમાં ગમ્મત પડે', 'ભૂગોળમાં ગમ્મત પડે' વગેરે પુસ્તિકા પ્રસિદ્ધ થઈ. પણ એનાં ચિત્રો હજી એને જચતાં ન હતાં. આથી તેણે પોતે જ થોડા ખસરા કરી સમજાવવા માંડયું. એ જોઈ તેના પ્રકાશકે કહ્યું: 'તો પછી તમે પોતે જ ચિત્રો કેમ નથી દોરતા ?'

એ આવાહન ઉપાડી લઈ ત્યારથી તેઓ પોતે જ હવે ચિત્રો દોરે છે. જાણે બાળકોએ જ દોર્યા હોય એવી એની શૈલી હોઇ બાળકો તરત એ સમજી શકે છે. એ સાદી શૈલીની ભાવનિદર્શનશક્તિ કેટલી ચોટદાર છે તે દર્શા-વતો આ નીચેનો નમૂનો જુઓ. એમાં ડાબી બાજુનો છોકરો આનંદ વ્યક્ત કરે છે, અને જમણી બાજુની છોકરી કંટાળો વ્યક્ત કરે છે, તે માત્ર એ બાળકોની મોં-ફાડ દ્વારા દર્શાવ્યું છે.



એકની મોફાડ ચત્તી છે ને બીજીની ઊંધી.

બે વર્ષ પછી તો એમને એવી પ્રતિષ્ઠા મળી કે આ પ્રકારનાં ચિત્રોવાળી એમની ચોપડી 'ફર્ડિનાન્ડ ધ બુલ'નાં ભાષાંતર દુનિયાની ૪૪ ભાષાઓમાં થયાં!



અવકાશમાં અવગાહન (કલાનું!)

યુરોપી કલાશૈલીના કલાકારોએ સૈકાઓ-થી અનેક પ્રકારે જીવતાં માનવપાત્રોનો આ-ધાર લઈ ચિત્રો કર્યાં છે, પણ હમણાં પારીસ-વાસી ચિત્રકાર ય્વે ક્લાઇન (Yves Klein) અભૂતપૂર્વ રીતે માનવપાત્રથી કામ કરે છે.

તે પોતાના નગ્ન મૉડેલને(સ્ત્રીપાત્રને) શરીર પર રંગના લપેડા મારવા કહે છે અને પછી જમીન પર પાથરેલા કૅનવાસ (ચિત્રપટ) ઉપર આળોટવાનું ફરમાવે છે, અને પોતે એક ઊંચી નિસરણી પરથી આમતેમ ફરવાના તેને આ-દેશો આપે છે. મૉડર્ન અને ઍબ્સ્ટ્રૅક્ટ (નિર્વ-સ્તુ–નિગૂઢ)કલાસર્જનની અનેક ચિત્રવિચિત્ર પદ્ધતિઓમાં પણ અભિનવ એવી આ કરામત દ્વારા કરેલાં ચિત્રો વડે ૩૨ વર્ષનો ક્લાઈન ફ્રાન્સમાં નામ કરી ગયો છે. બે વર્ષમાં તો તેનાં ચિત્રોના ભાવ ચારગણા ચડી ગયા છે!

એક ડચ આકૃતિ-ચિત્રકારના આ પુત્રે શરૂ-માં આયર્લાંડમાં શરતના ઘોડા પલોટવાનું કામ કર્યું, પછી વળી જાપાનમાં 'જુજુત્સુ' પહેલ-વાની કરી, અને છેવટે ચિત્રકળા પકડી. તેને લાગ્યું કે પીંછીઓથી ચિત્રકામ કરવામાં તો બહુ ધીરજ અને ચોક્સાઈ રાખવી પડે છે, એટલે એણે એક રોલર લાવીને કૅનવાસના મોટા પટ્ટા ભરવા માંડયા. આ રીતથી તે ગમે તેટલો મોટો વિસ્તાર ઘડીકમાં રંગી શકતો. પણ પછી તો રોલરનો યે તેને કંટાળો આવ્યો અને સીધા માનવપાત્રને જ રંગ લગાડવાનું તેને સૂઝી આવ્યું! એનું નામ પાડયું 'સજીવ પીંછીઓ'. આ ક્રિયાકર્મમાં ક્લાઇનને ચિત્ર પર હાથ સુદ્ધાં અડકાડવો પડતો નથી. એ કહે છે કે 'હું તો માત્ર કૅનવાસ અને તેના ઉપર ફરતા પ્રાણી, વનસ્પતિ અને ખનિજ પદાર્થો વચ્ચે મધ્યસ્થનું જ કામ કરું છું!'

ક્લાઈન કહે છે કે ખરો ચિત્રકાર તે જ છે કે જે કોઇ પ્રત્યક્ષ આકારને મળતું સર્જન કરતો નથી. એ પોતાની કળાને 'અપાર્થિવ અવ-કાશમાં પ્રવાસ' તરીકે સમજાવે છે. કોઈ વાર તે એટલી હદે અપાર્થિવ બની જાય છે કે તેનું અસ્તિત્વ પણ દેખાતું નથી! પારીસના પ્ર-દર્શનમાં તેણે એક ચિત્ર 'Zone of immaterial sensibility' (અપાર્થિવ અનુભૂતિ-નો પ્રદેશ) એ નામે મૂકયું હતું અને કિંમત ૬૦૦ ડૉલર મૂકેલી. તેમાં હવા સિવાય કંઈ જ દેખાતું નહોતું! (Time ઉપરથી સાભાર)

કંકાવટી

દુનિયામાં પ્રથમ સ્ત્રી વડાપ્રધાન

ઘર અને રસોડાની ચાર દીવાલો વચ્ચે ગોંધાઇ ન રહેતાં સ્ત્રી પણ આજે જાહેરજીવનમાં ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કરી શકે છે એ ઉક્તિને શ્રીમતી શ્રમાવો (સિરિમાવો) બંડારનાયકે લંકાનાં, અને દુનિયાનાં પણ, સૌપ્રથમ સ્ત્રી-વડાપ્રધાન બનીને સાર્થ કરી છે.

ઈ. ૧૯૧૬ની ૧૭મી એપ્રિલે, પ્રાચીન સિંહાલી રાજાઓની સેવાપરંપરા માટે પ્રસિદ્ધ ને બ્રિટિશ અમલમાં ઊંચો માનમોભો ધરાવતા અમીર કુટુંબમાં એમનો જન્મ થએલો. પિતા બાર્નેસ રાતપટ્ટે હિસ્સાવે લંકાની સેનેટના સભ્ય હતા. અમીરાતમાં ઉછેર થવા છતાં શ્રીમતી શ્રમાવોનું જીવન તદ્દન સાદું અને નિરાડંબરી છે. અભ્યાસ પણ માત્રહાઇસ્કૂલ સુધીનો જ, અને તે પણ કોલંબોની ચુસ્ત ખ્રિસ્તી શાળામાં થએલો, છતાં તે બૌદ્ધ ધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવે છે. એ ઉપરાંત ટેનિસ ને પિયાનો વાદનમાં પણ એમને ઘણો રસ હતો.

ઈ. ૧૯૪૦માં એ વખતના લંકાના સ્થાનિક વહીવટના પ્રધાન શ્રી સૉલોમન બંડારનાયક સાથે એમનું લગ્ન થયું ત્યારે તેઓ અભ્યાસ છોડી ગૃહકાર્યમાં અને સ્ત્રીઓની જીવનસુધારણાની નાનીમોટી પ્રવૃત્તિઓમાં રત રહેતાં હતાં. લગ્ન પછી એમણે પતિના કાર્યમાં સહાયરૂપ થવા માંડ્યું; એમની સાથે વિદેશની યાત્રા પણ કરી; અને લંકા આઝાદ થયા પછી શ્રી બંડારનાયકે સ્થાપેલી 'લંકા ફ્રીડમ પાર્ટી'માં સક્રિય હિસ્સો લઇ પોતાની શક્તિનો પરિચય આપવા માંડ્યો. ૧૯૫૯માં શ્રી બંડારનાયકનું ખૂન થયું અને પરિણામે લંકાનું રાજકારણ પણ



અશાંત ને ક્ષુબ્ધ બની ગયું ત્યારે લંકા ફ્રીડમ પાર્ટી શ્રીમતી શ્રમાવોને પક્ષનું સુકાન સોંપી તેમને લંકાના વડાપ્રધાનપદે લાવવા ઇચ્છતી હતી, પરંતુ તેઓ પોતે એ પદ લેવા ઇચ્છતાં ન હતાં. અને એટલા સારુ તેઓએ ચૂંટણીમાં ઉમેદવારી પણ ન કરી. છતાં ગયા જુલાઇની ચૂંટણીમાં તેમનો પક્ષ જીત્યો ત્યારે ગવર્નર જનરલે જ્યારે પક્ષના નેતા તરીકે તેમને વડાપ્રધાનનું પદ સ્વીકારવા આમંત્રણ આપ્યું ત્યારે, પક્ષના ને પ્રજાના અતિ આગ્રહથી તે સ્વીકાર્યું.

સ્ત્રી હોઈ આટલી મોટી જવાબદારી તેઓ કદાચ નહિ ઉઠાવી શકે એમ પણ ઘણા માનતા હતા; અને એ ખરું પણ છે કે આવી મોટી ફરજ ઉપાડવા માટેની જે તાલીમ અને અનુભવ જોઇએ એ કદાચ એમની પાસે નથી; છતાં એ પણ ન ભૂલવું જોઇએ કે પતિની સાથે રહી રાજકારણનું એમણે ઘણું ઊંડું જ્ઞાન મેળવ્યું છે. એમના જ શબ્દોમાં કહીએ તો 'પતિના આત્માને સુખ અને શાંતિ મળે એ ભાવનાથી પ્રેરાઈ, એમણે ઘડેલી રાજનીતિને સંપૂર્ણપણે અમલી બનાવવા તેમજ એમણે શરૂ કરેલા ભગીરથ કાર્યને એમણે જે રીતે વિચાર્યું છે એ જ રીતે પાર પાડવા' તેઓએ રાજકારણમાં પ્રવેશ કર્યો છે. વડાપ્રધાનપદ ઉપરાંત પરદેશ અને સંરક્ષણખાતું પણ એમણે પોતાના જ હાથમાં રાખ્યું છે. આવી ત્રેવડી જવાબદારીઓ સંભાળવા છતાં તેઓ ક્વચિત ઘરકામમાં અને રજાના દિવસો પોતાનાં બાળકો—બે પુત્રી અને એક પુત્ર—સાથે વ્યતીત કરે છે.



કપડાં ફાટી ગએલી ને સળિયા ડરડાઈ ગએલી છત્રીને ભંગારમાં નાખી ન દેતાં બાળકોની ચડ્ડીઓ, રૂમાલ, ટુવાલ વગેરે ચૂકડાં કપડાં સૂકવવા માટે રૂપાળી હિકમત યોજી શકાય. ચોમાસામાં ઘરમાં પણ સૂકવવા કામ લાગે.


'ગૃહજીવનને સુંદર અને કુટુંબીજનો માટે આકર્ષક બનાવવા માટે ઘણો ખર્ચ કરવાની જરૂર પડે. અમે રહ્યાં બહુ જ સાધારણ સ્થિતિનાં, એટલે અમારું ઘર ક્યાંથી સુંદર બનાવી શકીએ? કુટુંબનાં સભ્યોને અમારાં જેવાંનાં ઘરો માટે શી રીતે આકર્ષણ રહે?'–આ સવાલ નીતમબહેને અનેકવાર ઉઠાવેલો. તે સવાલનો વીણાબહેને બહુ સરસ રીતે જવાબ આપ્યો હતો:

'તમે એમ કેમ બોલો છો? તમારા જેવી સ્થિતિમાં જ અમે ઘણાં છીએ. સૌથી પહેલાં મારી જ વાત કરું. ઘરને સુંદર બનાવવા માટે સૌથી પ્રથમ જરૂરિયાત સ્વચ્છતાની હોય છે. મારું ઘર બે જ ઓરડાનું છે. પણ વાળીઝાડીને સ્વચ્છ રાખું છું. દર પખવાડિયે એક વાર એ પોતે (તેમના પતિ) જાળાં બાવાં પાડીને દીવાલો સાફ કરી આપે છે. છાજલીઓ તથા માળિયું મહિને એક વાર સાફ કરીએ છીએ. દર દિવાળીએ મારું ઘર અમે જાતે જ ચૂનાથી ધોળી દઇએ છીએ. બારી-બારણાંને બિલતેલ પણ તે વખતે મારાં છોકરાં લગાડી આપે છે. ગાદલાં મૂકવાના ડામચિયા ઉપર ઢાંકવાનો ઓછાડ મારી મોટી દીકરી યશોદાએ ભરતકામ કરીને શોભીતો બનાવ્યો છે. ગયે વર્ષે મારે ઘેર કોઈ અમેરિકન બાઈ આવી હતી. તે બાઇને ઓછાડ તો એટલો ગમ્યો કે ખરીદી લેવા તૈયાર થયાં; પણ યશોદાએ ઘણી મહેનતે તૈયાર કરેલો એટલે તે આપી દેવાની અમારી ઇચ્છા ન થઈ. હાથે દળવાની ઘંટી જોઇને પણ તે બાઈ ખૂબ તાજુબ થએલાં. હું રોજના રોટલા માટે લોટ રોજ તાજો દળી લઉં છું. સામે છોકરાં પણ કદીક ઘંટી ખેંચવા લાગે છે. એ જાણી અમેરિકન બાઇએ પણ ઘંટીએ બેસી દળી જોવાની ઇચ્છા દેખાડી. અમે તો હસીહસીને બેવડ વળી ગયાં! ભોંય ઉપર બેસતાં જ ન આવડે! જેમતેમ કરતાં બેઠી, પણ એક હાથે ઓરવા જાય તો ઘંટી ફરતી અટકી જાય! પણ આ બધી તો બીજી વાત થઇ ગઇ. એમના લખવાના મેજ ઉપર અમારી વાડીનાં ફૂલ હમેશાં મારો નાનો જગુ મૂકે છે. ફૂલદાનીમાં ફૂલ જોઈ અમારા સૌની આંખ ઠરે છે.


યશોદાને રંગોળી-સાથિયાનો પણ બહુ શોખ છે તેથી દર વારતહેવારને મસે તે ઘરનું આંગણું શોભી ઊઠે એવો સાથિયો કરે છે. દરરોજ સંધ્યાકાળે ઘરમાં ધૂપ ફેરવવાનો રિવાજ અમારા પારસી બહેનપણી રતનબાઇ પાસેથી હું શીખી છું. સવારે અમારા ઘરના દેવ પાસે અગરબત્તી પણ ખરી. ઘરમાં દરેક જણની વર્ષગાંઠ આવે ત્યારે આસોપાલવનું તોરણ બારણે ખરું જ. કોડિયાનાં તથા ખાપનાં ભરતનાં તોરણો પણ ઘરમાં છે; પણ તે કદીક-વારતહેવારે બાંધીએ. રોજ બાંધીએ તો નવીનતા ન રહે અને ધૂળે ભરાય.' (ગુજરાત સમાચાર)

ભરતકામ

કર્ણાટક કસીદા નામની ભરતકામ અંગેની નવી બહાર પડેલી એક અંગ્રેજી પુસ્તિકામાંથી આ સાથેનાં આલેખનો લીધાં છે. દોસૂતી કે કૅનવાસ જેવા કાપડ પર તાંતણા ગણીગણીને કરાતા, અને આગળપાછળ બંને બાજુથી સરખા દેખાતા, કર્ણાટકના આ વિશિષ્ટ ભરતકામનો ટૂંકો પરિચય અને તેની રીત,તથા આઠ પાનાં ભરીને આ સાથે આપ્યાં છે તેવાં વેલબુટ્ટાનાં અનેક આલેખનો એમાં આપ્યાં છે. ભરતકામના આ પ્રકાર માટે પુસ્તિકામાં આપેલી રીત નીચે પ્રમાણે છે:



આકૃતિમાં દર્શાવ્યા મુજબ કોઇપણભાતને એક છેડેથી શરૂ કરી, તીરની દિશામાં તાંતણા ગણીગણી, ઉપર નીચે ટાંકા લેતા જાઓ (આકૃતિમાં તૂટક રેખા દ્વારા નીચેની બાજુનો ટાંકો બતાવ્યો છે). છેક છેડે પહોંચ્યા પછી પાછા ફરો અને એ જ રીતે, પરંતુ આ વેળા જ્યાં ઉપર ટાંકો હોય ત્યાં નીચે ને નીચે ટાંકો હોય ત્યા ઉપર દોરો આવે તેમ, ટાંકા ભરતા જાઓ. આમ કરતાં કાપડની બંને બાજુ સરખું જ ભરત દેખાશે. બહુ મહેનત માગી લે તેવું અને આંખો ખેંચે એવું આ કામ છે એ ખરું, પણ તેનું પરિણામ સરસ આવે છે. કાપડના તાંતણા ગણીગણીને આ ટાંકા (કૅનવાસ પર લેવાય છે તેમ)લેવાના હોઇ બધી આકૃતિઓ ભૌમિતિક જ બનશે. ગ્રાફપેપર ઉપર આવી અનેક અવનવી સ્વતંત્ર આકૃતિઓ પણ ઉપજાવી શકાય. ભરતાં પહેલાં ટાંકાનો કવેત ન આવે એટલું ધ્યાન રાખવું. લેખિકા અને પ્રકાશક: અહલ્યા કિર્લોસ્કર, ડુંપ બજાર, ૬. હૈદરાબાદ, આંધ્ર પ્રદેશ. કિંમત રૂ. ૩-૨૫.



લ લાકડકામ પર પડેલા ડાઘને સાચવીને ઝીણો કાચકાગળ મારી દો. પછી એ ભાગ પર પડેલી રબ્લેટણને બરાબર સાફ કરી તેના પર, એક પિન્ટ (લગભગ ૧૧ શેર) ગરમ પાણી, ત્રણ ચમચા અળશીનું તેલ અને એક ચમચો ટર્પેન્ટાઈનના સારી રીતે મેળવેલા મિશ્રણમાં બોળીને નિચોવેલું પોતું ફેરવી દેવું. એટલું ધ્યાનમાં રહે કે આ મિશ્રણ લગાડતાં પહેલાં ડાઘવાળી જગ્યા બરાબર કોરી કરી નાખવી જોઇએ. એ જગ્યાએ જો સહેજ પણ ભેજ રહેશે તો નવો ડાઘ પડશે।

લગ્નજીવનને સુખી કરવા પતિપત્ની બન્નેએ શું કરવું જોઇએ

ક્યારેક એકબીજા સાથે એવો વર્તાવ રાખો કે જાણે તમે પહેલી જ વાર મળતાં હો.

બંને વચ્ચેનો કોઈ કોયડો બીજા દિવસ પર મુલતવી રાખવો નહિ; કાંઈક પણ ઉકેલ કે સમજૂતી પર આવી જવું.

કોઈ મહાન ગ્રંથ સાથે બેસીને વાંચજો.

અવારનવાર કોઈ રમતગમત કે પ્રવાસનો આનંદ પણ સાથે મળીને ભોગવજો.

પાડોશી જે કંઈ કરે તે બધું જ કરવાની લતે ન ચડશો.

તમારા બેમાંથી એકને હાથે કાચનું કોઈ કીમતી વાસણ ફૂટી જાય ત્યારે તેને હસી કાઢજો,—અંદરથી હૈયું ચિરાઇ જતું હોય તો પણ.

જિંદગી આખી ઘડિયાળના કાંટાની જેમ ન જીવતા; બીજું માણસ મોડું આવે અગર કામમાં મોડું થાય તો તેને વખોડતા નહિ.

બન્ને જણાં એકીસાથે ગુસ્સે થવાનું ટાળજો.

બંનેની અંગત વાતોની આમન્યા રાખજો.

જેને તમે આવતી કાલની સલામતી માનતા હો તેને ખાતર થઇને તમારી આજની બધી મોજનો ભોગ ન આપશો.

વરસતા વરસાદમાં ક્યારેક સાથે ફરવા નીકળી પડજો; અને મુસાફરીમાં ક્યારેક ધરમશાળામાં રાતવાસો કરજો.

કુટુંબની છબીઓનું આલબમ સાથે બેસીને બનાવજો.

મહિનામાં એકાદ રાતે તો બેય જણ સાવ એકલાં જ ફરવા નીકળી પડો.

રેડિયો બંધ કરીને કાંઈક વાતો કરો.

ભવિષ્યને માટેની કાંઈક ને કાંઈક પ્રવૃત્તિ સદાય ચાલુ રાખ્યા કરજો.

મિત્રોની સન્મુખ એકબીજાનાં ગુણગાન કરો—એકબીજાની સરસાઈ નહિ.

'તમારે ખાતર મેં આટઆટલું કર્યું તે પછી પણ?...' એવા શબ્દોથી વાક્યનો આરંભ કદી ન કરતાં.

(અમેરિકન સામયિક 'ગૅફકૉલ્સ'માંથી 'મિલાપે' ઉતારેલું અવતરિત)



માધુકરી

ભલે આવે ગમે તેવો જમાનો—જોઈ લેવાશે !
નવો રસ્તો પરિવર્તન-ફનાનો—જોઇ લેવાશે !
હલેસું હાથમાં લઇને ઝુકાવી નાવ સાગરમાં—
તરંગો જોઇ લેવાશે, તુફાનો જોઇ લેવાશે !
મને ચુંબનને નામે ડંખ દેવા હોય તો દેજો,
ગરલનાં કે સુધાનાં છે નિશાનો ?–જોઈ લેવાશે !

(મિલન) —રતિલાલ 'અનિલ'

સ્વ. પંડિત ગોવિંદ વલ્લભ પંત

સરદાર પટેલના ગયા પછી એમના જેવી જ શક્તિ અને શઉર ધરાવનાર આ દેશના સ્તંભ બનીને જો કોઈ રહ્યું હોય, તો તે પંડિત ગોવિંદ વલ્લભ પંત. ગઈ તા. ૭મી માર્ચે સવારે ૮–૫૦ વાગ્યે નવી દિલ્હી ખાતે થએલા એમના અવસાનથી ભારતની મહાન ઇમારતનો એ સ્તંભ તૂટી પડયો છે. કાર્યદક્ષતા અને મક્કમતા, સૂઝ અને દેશદાઝ, અનુભવ તેમજ આત્મભોગના અનેકવિધ ગુણો અને અપ્રતિમ તાકાતને કારણે સરકારમાં, કૉંગ્રેસમાં અને દેશવાસીઓનાં દિલમાં એમણે ચાહ અને આદરભર્યું અનન્ય સ્થાન મેળવી લીધું હતું.

વર્ષો પૂર્વે મહારાષ્ટ્રમાંથી બદરીકેદારની યાત્રાએ ગએલા એમના પૂર્વજો હિમાલયની શાન્તિમાં–આલ્મોડામાં જ સ્થાયી થઇ વસેલા. એ કુટુંબમાં ઈ. ૧૮૮૭ની ૧૦મી સપ્ટેમ્બરે આલ્મોડા જિલ્લાના ખૂંટ ગામમાં એમનો જન્મ થયો હતો. એ પહાડી પ્રદેશમાં જ ઊછરી શરૂઆતનું શિક્ષણ આલ્મોડામાં અને પછીનું અલ્લાહાબાદની સેન્ટ્રલ મ્યૂર કૉલેજમાં લઈ તેઓ બી. એ. થયા; અને અલ્લાહાબાદ યુનિવર્સિટી સ્કૂલ ઑવ લૉમાંથી એલએલ.બી. અને એલએલ. ડી.ની પદવી મેળવીને શરૂઆતમાં નૈનીતાલમાં અને પછી ૧૯૦૯થી અલ્લાહાબાદ હાઇકોર્ટમાં વકીલ તરીકેનો ધીકતો ધંધો જમાવ્યો. એમની મૂળ અટક પંત હોવા છતાં એમની પ્રતિભા અને વિદ્વત્તાને કારણે મોતીલાલજી અને માલવીયજીની પેઠે લોકોએ આદરથી જ એમને પંડિતનું બિરુદ આપેલું. અને રાજકીય વિચારસરણીમાં પણ તેઓ પંડિત માલવીયજી તથા મોતીલાલજીની પેઠે વિનીત મતના તથા અંગ્રેજી અમલના ગુણના પક્ષપાતી હતા; એટલું જ નહિ પણ પહેલા મહાયુદ્ધ વખતે એમણે બ્રિટનને સહૃદયતાથી ટેકો પણ આપ્યો હતો. પરંતુ જલિયાંવાલાના હત્યાકાંડ પછી એમની વિચારસરણી કટ્ટર રાષ્ટ્રવાદી બની ગઈ.

ઈ. ૧૯૦૫માં ૧૮ વર્ષની વયે બનારસ કૉંગ્રેસમાં સ્વયંસેવક તરીકે હાજરી આપી ત્યારથી જ દેશ પ્રત્યેની લાગણીનો અંકુર એમનામાં ફૂટેલો. એ કૉંગ્રેસના પ્રમુખ ગોખલેના વ્યક્તિત્વથી તેઓ અત્યંત પ્રભાવિત થએલા. એટલે વકીલના ધંધામાં અર્થોપાર્જન કરતાંકરતાં પણ દેશ અને માનવતાની દાઝની વૃત્તિ તેમનામાં પ્રબળ થતી ગઈ અને તેમણે લોકજીવનમાં રસ લેવા માંડયો. હિમાલયના એ કુમાઉં પ્રદેશની ગરીબ, શોષિત અને ભલીભોળી પ્રજાનાં દુઃખ હૈયે ધરી નૈનીતાલનાં જંગલોમાં ચાલતી ફરજિયાત વેઠની પ્રથા સામે લડત ચલાવવા તેમણે કુમાઉં પરિષદની સ્થાપના કરી; અને સાઉથબરો કમિટી આગળ જુબાની આપીને એ ગોઝારી પ્રથાને નાબૂદ કરાવી મૉન્ટફર્ડ સુધારાઓનો લાભ એ દેશની પ્રજાને અપાવવામાં સફળતા મેળવી. એ તેમનો જાહેર જીવનમાં પ્રથમ પ્રવેશ.

એ જ સાલમાં—૧૯૧૯માં તે કૉંગ્રેસની મહાસમિતિમાં ચુંટાયા, ૧૯૨૩માં સ્વરાજપક્ષ તરફથી ઉત્તર પ્રદેશની ધારાસભામાં ગયા, ૧૯૨૭માં ત્યાંની કૉંગ્રેસ કમિટીના પ્રમુખ થયા, અસહકારની લડત શરૂ થતાં ૧૯૩૦ અને '૩૨માં જેલમાં ગયા અને ૧૯૩૧થી તો કૉંગ્રેસની કારોબારીમાં સ્થાન મેળવ્યું, જે તેમણે અંતકાળ સુધી લાગટ ૩૦ વર્ષ સુધી શોભાવ્યું. એટલું લાંબું સ્થાન-સાતત્ય સાચવનાર બહુ ઓછા દેશસેવકો હશે.

૧૯૩૭માં કૉંગ્રેસે પહેલાં પ્રધાનમંડળ સ્વીકાર્યાં તે સમયે ઉત્તરપ્રદેશની ધારાસભામાંના કૉંગ્રેસ નેતાનું અને ત્યાંના વડા પ્રધાનનું પદ એમને જ વર્યું–એટલી અનિવાર્યતા એમણે



સાળવો [આપણાં પ્રાણીઓ · ૩૮]

જગતનાં સ્તનપાયી પ્રાણીઓમાં એકમાત્ર સાળવાને જ દાંત નથી. દેખાવે પણ એ પેટે ચાલનારા પ્રાણી જેવું લાગે; પણ ચાલે ત્યારે એ આખું શરીર પગ પર ઊંચકીને ચાલે છે. વળી ચાલતી વખતે આગલા પંજા અંદરની તરફ વાળીને ચાલે. જરૂર પડયે પાછલા પગ ઉપર ઊભું પણ રહી શકે. માથા સાથે શરીર લગભગ બએક ફૂટનું ને દોઢેક ફૂટની પૂછડી. નર કરતાં માદા કૈંક નાની. પેટાળ અને પગના અંદરના ભાગ સિવાય બંનેને આખે શરીરે કઠણ ભીંગડાં. ભયને વખતે ગૂંચળું વળી જઇ આગલા પગમાં માથું સંતાડી દે ને ઉપરથી પૂછડી ઢાંકી દે, એટલે ભીંગડાં નીચે એ સલામત. સાથે બચ્ચાં હોય તો તેને પણ સોડમાં લઇ ઉપર ગૂંચળું વળી ઢાંકી દે. ઊંઘે ત્યારે પણ એ જ રીતે.

માથું નાનું, મોં સાંકડું ને અણિયાળું, જીભ સાપોલિયા જેવી ને ચીકણી. આગલે પગે કીડીનાં દર કે ઊધઈના રાફડા ખોદી અંદર જીભ ફેરવે એટલે એ જતુ એના પર ચોંટી આવે. આ જ એનો ખરો આહાર. બહુ સુક્કા પ્રદેશમાં પણ રહેતું હોઇ સંભવ છે કે એને લાંબો વખત પાણી વિના ચાલતું હશે. અવાજ એક માત્ર ધીમા ફુત્કાર જેવો કાઢી શકે. સ્વભાવે નિશાચર. રહે પણ કોઇ ઊંડી તૈયાર બોડમાં, નહિતર જરૂર પૂરતું દર ખોદી લે. સ્ટ્રૅન્ડેલના મત પ્રમાણે બારેક ફૂટ ઊંડો ખાડો ખોદી છેડે છએક ફૂટની બખોલ બનાવે. એમ પણ મનાય છે કે આવી બખોલમાં જઈ એ અંદરથી બખોલનું મોં માટી વડે ઢાંકી દે છે.

સ્વભાવે એકપત્નીવ્રતી. પ્રજનન વખતે એક કે બે બચ્ચાં જણે. નાનાં બચ્ચાંને માતા પોતાની પૂછડી પર ચડાવીને ફેરવે. આહારની વિચિત્રતાથી એને પાળવું અગવડભર્યું, પણ પાળી શકાય ખરું. પાલતુ અવસ્થામાં દૂધમાં ઘોળીને એને સત્તુ પણ ખવડાવાય છે.

પોતાની શક્તિ અને સૌજન્યથી મેળવી લીધી હતી. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું તે પ્રશ્ન પર રાજીનામાં આપીને '૪૦માં સત્યાગ્રહ કરી એક વર્ષ જેલમાં રહી આવ્યા, ને ફરી 'હિંદ છોડો'ની ચળવળ વેળા બ્રિટિશ સરકારે ૧૯૪૨ની ૯મી ઑગસ્ટથી ૧૯૪૫ સુધી એમને 'ભયંકર' દેશનેતા ગણીને અહમદનગરના કિલ્લામાં સૌ સાથે અટકમાં રાખ્યા.



પણ બ્રિટિશ રાજની દાનવતાનો ખરો ઘા તો એમના પર સાઇમન કમિશનના બહિષ્કાર વખતે પડ્યો. ગાંધીજીની આગેવાની નીચે એ અળખામણા પંચનો બહિષ્કાર દેશે એટલી તો અસરકારક રીતે કર્યો કે બ્રિટિશ સરકારે એથી અકળાઇને તેનો જવાબ જુલમ વડે આપ્યો. લખનૌમાં એ બહિષ્કારને મોખરે પંડિત નેહરુ અને પંડિત પંત હતા. અંગ્રેજોએ તેમના પર ઘોડા દોડાવ્યા ને લાઠી તથા નેતર વડે અમાનુષી માર માર્યો. એનું વર્ણન કરતાં જવાહરલાલ પોતાની આત્મકથામાં લખે છે કે 'મારું એકેએક અંગ કળતું હતું. શરીર પર ઠેરઠેર ઘા ને સોળ પડ્યા હતા, પણ કોઇ મહત્ત્વના ભાગ પર ઇજા થઈ ન હતી. પણ મારી પડખે ઊભેલા ગોવિંદ વલ્લભ પંતને જે ઈજા થઈ તે કાયમી રહી ગઇ.' વસ્તુતઃ જે લાઠીમારથી એવી કાયમી અસર મૂકનારી ગંભીર ઈજા તેઓ પામ્યા હતા તે ફટકો એમણે નેહરુને બચાવી લેવા માટે જ પોતાના વિશાળ શરીર પર ઝીલી લીધો હતો.

ઈજાનું એ કાયમી સ્વરૂપ તે એમના શરીરમાંની ધ્રુજારી. પહાડમાં ઊછરેલી છ ફૂટ ઊંચી એ પડછંદ કાયા એ મારે એવી તો તોડી નાખી કે મહિનાઓ સુધી તે પોતાની પીઠ ટટ્ટાર રાખી શક્યા નહિ, અને એ ઈજા એવી એક ખોડ મૂકતી ગઇ કે સદાને માટે એમનું પહાડી શરીર પણ ધ્રૂજ્યા કરતું રહ્યું,—જે આજના યુગના અજાણ યુવકવર્ગને કદાચ વૃદ્ધાવસ્થાની અશક્તિની નિશાની લાગતી હતી.

પરંતુ શરીર આમ તૂટી ગયું છતાં મગજ અને મિજાજ તો સદાની જેમ જાગૃત ને જોમવંત હતાં. લડત પૂરી થઈ, ને '૪૭માં સ્વરાજ આવ્યું ત્યારથી '૫૫ સુધી ઉત્તર પ્રદેશ જેવા વિશાળ રાજ્યનું અને '૫૫થી તે જીવનની છેલ્લી પળ સુધી ભારત સરકારના પ્રધાનમંડળમાં જવાહરલાલને પડખે દેશનું સુકાન એમણે સંભાળ્યું.

આ વિશાળ દેશની અટપટી સમસ્યાઓને થાળે પાડવામાં સફળ થએલા સિંહ જેવા બે સમર્થ ગૃહપ્રધાનો આપણને મળ્યા: લોખંડી પુરુષની જે વજ્ર તાકાતથી સરદાર પટેલે દેશી રાજ્યોનું વિલીનીકરણ કર્યું એવી જ કુનેહથી 'કુમાઉંના વાઘ' કહેવાતા પંતજીએ ભાષાવાર રાજ્યોની પુનર્રચનાની ગૂંચો ઉકેલી હતી. એમના હાથી જેવા શરીરમાં હાથી જેવો જ ઉમદા સ્વભાવ અને હાથીની જ શાલીનતા તથા શાણપણ હતાં. શરીરે પડછંદ એટલા જ સ્વભાવે સૌમ્ય પંડિતજી વિનમ્ર છતાં એટલા પાકા સિદ્ધાંતવાદી હતા કે મૂળભૂત મુદ્દાઓ પર તે કદી નમતું જોખતા નહિ. મુશ્કેલ પ્રશ્નોની માવજત કરવામાં એમની કુશાગ્ર બુદ્ધિ સાથે એમની સુજનતા ઘણો ભાગ ભજવતી. ઉત્તર પ્રદેશમાંથી જમીનદારી નાબૂદ કરવાના કપરા કામમાં કિસાનો અને જમીનદારો બંનેનો વિશ્વાસ એમણે સંપાદન કર્યો એ એમની મહાન સિદ્ધિ હતી. કટોકટીની પળોમાં એ કદી ધૈર્ય ગુમાવતા નહિ; તેમ ખુશામત કે બીક એમને એમના નિર્ધારમાંથી ચલિત કરી શકતાં નહિ. મૂંઝવણ અને મુશ્કેલીના વખતમાં ભલભલા રાજકીય નેતાઓ એમની સલાહ લેવા જતા. એમનાં દ્વાર સૌને માટે ખુલ્લાં રહેતાં. વસ્તુતઃ એમનું ઘર એવી સલાહ લેવા આવનારાઓનો 'દરબાર' ગણાતો. મુલાકાતીઓને અત્યંત ધીરજથી સાંભળવામાં કલાકો વીતવા છતાં એ કદી કંટાળતા નહિ.

જાહેર ચર્ચાઓમાં પોતાની સૌમ્ય છતાં સચોટ વાણી દ્વારા એ પ્રતિપક્ષીઓને હમેશાં મહાત કરતા. કૉંગ્રેસ અધિવેશનમાં કે મહાસમિતિની બેઠકમાં ચર્ચાસ્પદ સવાલો વખતે મોવડીમંડળનું દૃષ્ટિબિંદુ રજૂ કરવા માટે એમને જ ઊભા કરવામાં આવતા. એમના પહાડી શરીર અને શાંત સ્વભાવથી એમની પ્રતિભા ખીલી ઊઠતી વિરોધીઓ તેમની કુનેહ અને ચાણક્ય બુદ્ધિથી પ્રભાવિત અને મહાત થતા.

ઉત્તર પ્રદેશના પ્રધાનપદેથી એ કાળના ગોરા ગવર્નરો સાથેના સંઘર્ષો અને એમાં મેળવેલો હિંમતભર્યો વિજય, સંયુક્ત પ્રાંતની જમીનદારી પ્રથાની નાબૂદી, અને ત્રિપુરા કૉંગ્રેસમાં જામેલી મડાગાંઠ વેળા સુભાષબાબુને પ્રમુખપદેથી રાજીનામું આપવાની સ્થિતિ સર્જવા પાછળની એમની શક્તિ તો, એવાં કાર્યોનો જેમને અનુભવ હોય એ જ જાણી શકે. છેલ્લે છેલ્લે ઉત્તર પ્રદેશમાં જૂથવાદને લીધે ઊભી થએલી મડાગાંઠનું સફળ નિવારણ પણ એમની જ કાબેલિયતને આભારી છે.

ઈ. ૧૯૦૫માં સ્વયંસેવક તરીકે કૉંગ્રેસમાં ભાગ લેવાની શરૂઆત કરવાથી માંડી સરદારશ્રીના અનુગામી તરીકે ભારતના ગૃહપ્રધાનપદે કાર્ય કરતા રહી એ ૫૫ વર્ષના ગાળામાં એમણે દેશની જે નિઃસ્વાર્થ સેવા કરી એમાં એમના જીવનનો લગભગ પોણો ભાગ એમણે અર્પણ કર્યો હતો. એ અદ્‌ભુત અને વૈવિધ્યસંપન્ન સેવાની નમ્ર કદર રૂપે ૧૯૫૭માં એમને 'ભારતરત્ન'ના પદકથી વિભૂષિત કરવામાં આવેલા.

પૂરા છ ફૂટ ઊંચી એમની પહાડી કાયામાં રહેલું એમનું ફળદ્રુપ ચિત્તંત્ર, અખૂટ કાર્યશક્તિ, પ્રતિભા અને પાંડિત્યથી સુસજ્જ રાજદક્ષતા તથા સમતોલ મક્કમતા અજોડ હતાં. દલીલોથી વિરોધ પક્ષને જીતી લઈ સર્વસંમત સમાધાન આણવામાં એમની સિદ્ધિ અનુપમ હતી. આની સાથે ઉત્કૃષ્ટ દેશભક્તિ અને કૉંગ્રેસ પ્રત્યેની કૃતજ્ઞતા, વિરલ ત્યાગ અને ઉચ્ચ ચારિત્ર્યશીલતા સોનામાં સુગંધ ભળ્યા બરાબર હતાં. ચાળીસેક વર્ષનો દીર્ઘકાલીન પાર્લમેન્ટરી અનુભવ અને સચિવાલયના તંત્રની નખશિખ જાણકારીથી તેઓ નેહરુજીને તો રાજભાર વહવામાં જમણા હાથ જેવા થઈ પડ્યા હતા. જવાહરલાલજીના એ પ્રેરણાસ્રોત જેવા હતા, તો એમની પણ નેહરુ પ્રત્યેની વફાદારી અજોડ હતી. નેહરુ સાથે જ્યારે પણ પોતાને મતભેદ થતો ત્યારે પોતાનું મમત્વ જતું કરી તેમનો નિર્ણય સ્વીકારી લેતા, એટલું જ નહિ પણ નિષ્ઠાપૂર્વક તેનો અમલ કરતા.

૧૯૫૯ના એપ્રિલમાં એમના પર હૃદયરોગનો હુમલો થયો હતો. તેમાંથી ઊભા થઈ ફરી એમણે તનતોડ મહેનત આદરી દીધી. આપ્તજનોએ જ્યારે થોડો આરામ લેવા સૂચવ્યું ત્યારે એમણે જવાબ આપ્યો કે 'આ તો મને નવજીવન મળ્યું છે; મારું એટલું વધારાનું જીવન છે એટલે એ દિવસોમાં તો સખત કામ કરવું જ જોઇએ.' અને ખરેખર એમણે એવી જ મહેનત કરવા માંડી તે છેક છેવટે પથારીમાં બેશુદ્ધાવસ્થા સુધી પહોંચ્યા ત્યાં સુધી કાર્યરત રહ્યા, ને આખરે એ જ અવસ્થામાં રહી એમણે પોતાની આંખ મીંચી દીધી. (સંકલિત)

ડાયલ ફેરવો અને પુસ્તક મેળવો

નેધરલૅન્ડમાં એક નવા જ પ્રકારની ટેલિફોન-પદ્ધતિ શરૂ થનાર છે. તેને લીધે ડેલ્ફ્ટ ટેકનૉલૉજિકલ યુનિવર્સિટિના વિદ્યાર્થીઓ લાયબ્રેરીમાંથી જોઇતાં પુસ્તક માટે તેનો કૅટલૉગનંબર ડાયલ કરશે તે સાથે જ લાયબ્રેરીના જે ખંડમાં જે ઘોડા ઉપર તે પુસ્તક હશે ત્યાં બત્તી થશે અને કન્વેયર બેલ્ટથી પુસ્તક વિદ્યાર્થીને મળી જશે।



શ્રેષ્ઠ શાહી મુલાકાત

ભારતની મુલાકાતે આવી ગએલાં ઇંગ્લંડનાં રાણી ઇલિઝાબેથ બીજાં, તથા તેમના પતિ ફિલિપ ડ્યૂક ઑવ એડિનબરએ આપણા દેશમાં દિલ્હી, મુંબાઈ, મદ્રાસ, કલકત્તા જેવાં શહેરોની મુલાકાત લીધી, શિલ્પરત્ન તાજમહાલ તથા વિજ્ઞાનવિશેષ ટ્રોમ્બેનું અણુશક્તિમથક જોયું, જયપુરની જાહોજલાલી અને હિંદુઓના પ્રાચીનતમ પવિત્રતમ યાત્રાધામ વારાણસી વિલોક્યાં—એ સર્વમાં એમની સૌથી વિશિષ્ટ મુલાકાત અમદાવાદના સાબરમતી આશ્રમની હતી. બ્રિટન અને ભારત બંને દેશોના સંબંધો બગડવા દીધા વિના, સજ્જનતાપૂર્વક સામનો કરીને, માનવીનો મૂળભૂત 'મુક્તિ'નો અધિકાર સાધ્ય કરવા માટે અહિંસક લડતનો અભિનવ પ્રયોગ આચરનાર અને તે દ્વારા ભારતને સ્વરાજ આપવાની અંગ્રેજોને પ્રતીતિ કરાવનાર રાષ્ટ્રપિતા ગાંધીજીના આદ્ય નિવાસસ્થાનની યાત્રા પાછળ એ ઋણસ્વીકારની ભાવના હતી.

ગઇ ૩૧મી જાન્યુઆરી (૧૯૬૧)ના રોજ એમણે લીધેલી સાબરમતી આશ્રમની મુલાકાતના આ ચિત્રમાં રાણીને ભેટ આપવા માટેનો આશ્રમવાસીઓએ કાંતેલી ખાદીનો તાકો ધારણ કરી રહેલા શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા આશ્રમસંચાલક શ્રી પરીક્ષિતલાલ મજમુદાર ની વચ્ચે રાણી ઇલિઝાબેથ અને તેમની પાછળ ગુજરાતના રાજ્યપાલ મેહદી નવાઝ જંગ જણાય છે. પાછળ ગાંધીજીનું પ્રાર્થનાસ્થાન અને આમલીની એ વૃક્ષઘટા છે, જ્યાંથી અંગ્રેજ રાજસત્તા સામેના મહાન યુદ્ધની શરૂઆત કરનાર દાંડીકૂચનો પ્રારંભ થયો હતો.

નવી સંશોધનસંસ્થાની સ્થાપના

ખોરાક, પીણાં અને સૌન્દર્યપ્રસાધનો સાથે માનવીના શરીરમાં પ્રવેશતાં રંગ, સુગન્ધ આદિની આરોગ્ય પર થતી અસરના અભ્યાસ માટે બ્રિટનમાં એક નવી સંશોધનસંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. રંગ, સુગન્ધ વગેરેનું પ્રમાણ અત્યન્ત સ્વલ્પ હોવા છતાં તે લાંબા સમય સુધી સતત વાપરવામાં આવે તો તેની શી અસર થાય છે તે વિષે હાલમાં કશું જાણવા મળતું નથી. ખોરાકી પદાર્થો પર કરવામાં આવતા વિવિધ સંસ્કારો દરમિયાન તેમજ વેચાણ માટે પડીકા કે ડબ્બામાં બંધ કરવામાં આવે તે દરમિયાન પણ ખોરાકમાં નુકસાનકારક પદાર્થો પ્રવેશે છે. ઉપરાંત, ખેતરોમાં છાંટવામાં આવતી જંતુઘ્ન દવાઓ પણ સમ્ભવતઃ ખોરાકી પદાર્થોમાં પ્રવેશતી હોય.

લુપ્ત ફાર્ધિંગ

સરકારી કાયદાને અનુસરીને બ્રિટનવાસીઓએ તેમના 'છેલ્લા ફાર્ધિંગ હમણાં ખર્ચી નાખ્યા.' ઇ.સ. ૧૨૭૯માં જ્યારે એ સિક્કો સૌપ્રથમ ચલણમાં આવ્યો ત્યારે એ ચાંદીનો બનતો, અને એ વખતે તો એનાથી એક રતલ માંસ કે એક આખી મરઘી ખરીદી શકાતી! પણ એનું આ નામ–ફાર્ધિંગ–તો એ ચલણમાં આવ્યો તે પહેલાંથી પ્રચલિત હતું. પેનીના સિક્કા પર તેના ચાર ભાગ દર્શાવતી ચોકડીની છાપ આવતી.




એ ચોથો ભાગ Feortha અને એનું નાનું રૂપ દર્શાવવા ઉમેરાતો પ્રત્યય ing મળી તેનું ફાર્ધિંગ નામ પડી ગએલું. ચાંદીના આ સિક્કા છેક મેરીના અમલ સુધી ચાલેલા. વચ્ચે રાણી એલિઝાબેથ (પહેલી)ના રાજકાળમાં તે પાડવામાં નહિ આવેલા. પણ એ વખતે ત્રણ ફાર્ધિંગનો એક નવો સિક્કો ચલણમાં મુકાએલો. એના પર તાજ પહેરેલી રાણીનું મહોરું છપાતું. પાછળથી એનું ચલણ બંધ થયું.

ત્રાંબાના ફાર્ધિંગ સૌપ્રથમ જેમ્સ પહેલાના વખતમાં પડ્યા. ત્યારે તેનું વજન છ ગ્રેઈનનું હતું. આ વખતે 'ટિન'ના ફાર્ધિંગ પણ ચલણમાં મુકાએલા. ઈ. ૧૮૪૨માં અરધા ફાર્ધિંગના સિક્કા પણ પડેલા, પરંતુ ઈ. ૧૮૬૯માં તે પાછા ખેંચી લેવામાં આવ્યા. ઈ. ૧૮૬૦માં ત્રાંબાને બદલે કાંસાનો ઉપયોગ શરૂ થયો. આમ, અનેક પલટા જોતો જોતો ફાર્ધિંગનો સિક્કો ૧૯૦૦ની સાલ સુધીમાં તો સાવ કિંમત વગરનો અને માત્ર નાના બાળકોને પટાવવા માટે તે વપરાતો થઈ ગયો. આપણી પાઈની પેઠે છોકરાંઓના મામૂલી ખાવાની ચીજો ખરીદવા સિવાય તે ચલણમાં દેખાતો નહિ. અલબત્ત, હિસાબોમાં કે ગણતરીઓમાં તેનો ઉલ્લેખ થાય ખરો; પણ લેવડદેવડમાં કોઈ એને માટે ચીવટ રાખે નહિ.

આખરે ગયા જૂન માસમાં બ્રિટિશ ટ્રેઝરીએ આ વર્ષના જાન્યુઆરીથી તેનું ચલણ બંધ કરવાની જાહેરાત કરી. બજારમાં નહિ દેખાતો આ સિક્કો, અલબત્ત, બેંકો તો સ્વીકારતી જ હતી. પણ ઈ. ૧૮૬૦ પછી ચલણમાં મુકાએલા સાડા સાત કરોડ ફાર્ધિંગમાંથી માત્ર પચાસ લાખ સિક્કા જ હજુ પાછા ફર્યા છે. તો બાકીના સિક્કા ક્યાં ગયા? મોટા ભાગના તો લોકોએ ખોઇ નાખ્યા હશે. કેટલાક સિક્કા બાળકોના 'ખજાના'માં ભર્યા હશે. ફળ સંઘરવા માટેના બરણીઓના ઢાંકણાંમાં તેના દાટાની સ્પ્રિંગ નીચે મૂકવા માટે આ ફાર્ધિંગનો સિક્કો ઘણો જ અનુકૂળ હતો, એટલે ઘણા સિક્કા તો બ્રિટનની સ્ત્રીઓએ આ રીતે ઉપયોગમાં લઈ લીધા હશે. આપણે પણ કાણાંવાળા પૈસાનો વૉશર તરીકે ઉપયોગ કરતા જ હતા ને? વળી છોકરીઓના મોજાનાં ગાર્ટરના બટનની જગ્યાએ પણ આ ટચૂકડો સિક્કો ઠીક બંધબેસતો હતો, એટલે એ રીતે પણ તેનો ઉપયોગ થયો હશે. બાકી કેટલાક સિક્કા-સંગ્રાહકોએ પણ દબાવી રાખ્યા હશે.

સદીઓથી વપરાતા ટચૂકડા આ સિક્કાના નામનો ઉલ્લેખ તો બ્રિટિશ બાળકોનાં જોડકણાંઓમાં પણ ઠીકઠીક થએલો છે; પણ હવે ભવિષ્યના બાળકો જ્યારે એ જોડકણાં ગાશે ત્યારે સંભવ છે કે એમને એમાં આવતા આ 'ફાર્ધિંગ' શબ્દનો અર્થ પણ નહિ સમજાય!



આપણાં બે નવાં યુદ્ધ-જહાજ

તાજેતરમાં આપણા નૌકાદળમાં બે મોટાં યુદ્ધ જહાજોનો ઉમેરો થયો છે તેનાં ચિત્રો અહીં આપ્યા છે. મથાળે છે વિમાનવાહક 'વિક્રાન્ત' અને બાજુમાં છે તે ફ્રિગેટ 'બીઆસ'. પહેલાં તો સાગર પર યુદ્ધ ખેલતી મનવારોની બોલબાલા હતી અને લશ્કરી તાકાત તેના વિવિધ પ્રકારોની સંખ્યાથી મપાતી. બીજા વિશ્વયુદ્ધથી હવે શ્રેષ્ઠ લશ્કરી તાકાત વિમાની દળની પુરવાર થઇ છે. છતાં સર્વ દેશોને રક્ષણાર્થે નૌકાદળ રાખવું તો અનિવાર્ય જ છે.

યુદ્ધ-જહાજોના વિવિધ પ્રકારોમાં 'ક્રૂઝર' તોપમારો કરીને લડવા માટે વપરાય છે અન તેનું વજન દસ હજાર ટન સુધીનું હોય છે. વિનાશિકા (ડિસ્ટ્રૉયર) અત્યંત તેજ ચાલની હોય છે અને તે વ્યાપારી જહાજોના રક્ષણાર્થે જહાજો સામે બાથ ભીડવા વપરાય છે. બીજા વિશ્વયુદ્ધમાં વિમાનો અને સબમરીનો વધારે વિનાશક પુરવાર થયાં, એટલે હવે 'ફ્રિગેટ' પ્રકારનાં જહાજોનું મહત્ત્વ વધી ગયું છે. તેમાં બે પ્રકારો હોય છે: 'સબમરીન-વિરોધી' અને 'વિમાન-વિરોધી'.

પણ સૌથી મોટાં યુદ્ધ-જહાજ તો 'વિમાન-વાહકો' (ઍરક્રાફ્ટ-કૅરીઅર).તેના ૩પર વિમાનો, વિમાન-વિરોધી તોપો તથા રૉકેટ સુદ્ધાં હોય છે,ને એનાં વજન૭૦હજાર ટનસુધીનાં હોયછે.મથાળાના ચિત્રમાં બતાવેલું 'વિક્રાંત' આપણા નૌકાદળના ઇતિહાસમાં આપણું એવું પ્રથમ જહાજ છે. આ માસની ચોથી તારીખે ઇંગ્લંડમાં બેલફાસ્ટ ખાતે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને હાથે તે તરતું મુકાયું. ત્યાંના દરિયામાં કેટલીક રિયાઝ કરીને આ વર્ષે તે ભારત આવી પહોંચશે અને ક્રૂઝર 'મ્હૈસૂર'ને બદલે હવે તે આપણું 'ધ્વજ-જહાજ' બનશે. જે જહાજમાં નૌકાદળના સેનાપતિનું સ્થાન હોય અને તેનો ધ્વજ જેના પર ફરકતો હોય તે 'ધ્વજ-જહાજ' કહેવાય. મૈસૂર પહેલાં આપણું 'ધ્વજ-જહાજ' ક્રૂઝર 'દિલ્હી' હતી, જેનું ચિત્ર અગાઉ અમે આપી ગયા છીએ.

આ 'વિક્રાન્ત' મૂળ બ્રિટિશ નૌકાદળનું તાકાતવાન 'હર્ક્યુલિસ' જહાજ. બ્રિટન પાસેથી આપણે તે ખરીદીને ત્યાં બેલફાસ્ટ ખાતે તેમાં ફેરફારો તથા સજાવટ કરાવી તેને અદ્યતન સાધનોથી સજ્જ બનાવી




'બીઆસ' 'વિમાન-વિરોધી જહાજ છે. અને ૨૩
સાથે સાડા ચાર ચાર ઇંચિયા તોપો ધરાવે છે, જે
પર થતા વિમાની હુમલા સામે રક્ષણાર્થે વાપરવા

દુનિયામાં ભાષાઓ કેટલી

અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનની જ્યૉર્જ
સિટીના કેટલાક ખંતીલા ભાષાશાસ્ત્રીઓ આ પ્ર-
છેલ્લા સાતેક માસથી મથી રહ્યા છે, પણ હજી કાંઈ
કહે છે કે એની સંખ્યા ૩૦૦૦થી ૬૦૦૦ સુધીની
એટલું તો નક્કી કરી શક્યા છે કે દુનિયાની કુલ ૨.૯
માંથી ઓછામાં ઓછા દસ લાખ માણસો જે જે
તેની સંખ્યા ૧૩૦ની છે. એમાંની પહેલી ડઝન ભાષ

રેડિયોનાં 'કૅપ્સ'નું દેશી ઉત્પાદન

નવી દિલ્હી ખાતેની 'નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરી' (રાષ્ટ્રીય ભૌતિકવિજ્ઞાન પ્રયોગશાળા)માંના એક પાઇલૉટ પ્લાન્ટમાં બનાવવામાં આવેલા લગભગ ૨૫ લાખ જેટલાં ખાસ પ્રકારના માટી-



નાં કૅપાસિટર હવે રેડિયો સેટ, ઍમ્પ્લિફાયર, સાંભળવા માટનાં વીજળિક સાધનો, હવામાન વિષયક માહિતી માટેનાં બલૂનો, ફ્લુઑરેસેન્ટ લાઇટનાં જોડાણો વગેરેમાં, તેમજ બીજાં વીજળિક સાધનોમાં વપરાતાં થયાં છે,–જેનું દરેકનું ઉત્પાદન ખર્ચ આશરે ૧૩ નયા પૈસા જેટલું આવશે.

દેશમાં આજે ફ્લુઑરેસન્ટ ટ્યૂબ વગેરેનો ઉપયોગ વધતો જાય છે. આ ટ્યૂબને લીધે રેડિયોના રિસેપ્શનમાં વિક્ષેપ થાય છે. રેડિયોમાં આ કૅપાસિટર જોડવાથી એ ખલેલ દૂર કરી શકાય છે.

આપણા નાના રેડિયો સેટની એક સામાન્ય ખામી તે 'ડ્રિફ્ટ' છે. ચોક્કસ ફ્રીક્વન્સી ઉપર કરેલું ટ્યૂનિંગ આ ડ્રિફ્ટની ક્રિયાને લીધે ખસી જાય છે. એટલે કાર્યક્રમ સ્પષ્ટ સાંભળવા માટે રેડિયોના ટ્યૂનિંગ નૉબને વારંવાર ફેરવીને ટ્યૂનિંગ સુધાર્યા કરવું પડે છે. રેડિયોની અંદરના ભાગોની ગરમીમાં વધારો થવાથી રેડિયોની વીજ-સંગ્રહશક્તિ (કૅપૅસિટન્સ)માં વધઘટ થવાને લીધે આ ડ્રિફ્ટ પેદા થાય છે. પણ હવે ગરમીને લીધે ઘટકોમાં થતા ફેરફારોને નાબૂદ કરી શકે એવા આ સિરૅમિક કૅપૅસિટર તૈયાર કરવામાં આવ્યા છે, જે લગાડવાથી રેડિયોમાં ડ્રિફ્ટ પેદા નહિ થાય.

આ શોધ દરમ્યાન 'થર્મોકૅપ્સ' નામનું એક નવી જ જાતનું થર્મલ કૅપૅસિટર પણ તૈયાર થયું છે. આ સાધન તાપમાનના તફાવતોને થર્મોમાટર જેટલી જ સૂક્ષ્મ સંવેદનશક્તિથી નોંધી શકે છે, અને આ પરિવર્તનોને રેડિયો આન્દોલનો વડે દૂર આવેલા કોઈ પણ સ્થળે પહોંચાડી શકે છે. આનો ઉપયોગ આગની ચેતવણી આપનાર સ્વયંસંચાલિત સાધન તરીકે કરી શકાય; કેમકે આ સાધન એવા સૂર કાઢે છે કે જેની આન્દોલનસંખ્યા તાપમાનના ફેરફાર અનુસાર વધઘટ પામે છે. એટલે આવું સાધન જો સળગી ઊઠે એવો માલ ભરેલા ગોદામમાં રાખવામાં આવ્યું હોય તો અનુકૂળ જગાએ રાખેલા 'રિસીવિંગ સેટ'માં સિસોટી જેવો અવાજ નીકળીને તરત જ તાપમાનનું પ્રમાણ બતાવી શકે અને આગથી કાંઈપણ નુકસાન થવા પામે તે પહેલાં જ ચેતવણી મળી જાય.

મૅગ્ની-રે

ઇંગ્લંડે હમણાં એક નવી ને નાનકડી શોધ જાહેરમાં મૂકી છે. એનું નામ 'મૅગ્ની રે'. મૂળ વસ્તુને લગભગ ત્રણ ગણા કદની બતાવતા આ સાદા બહુદર્શી કાચની ખૂબી એ છે કે જેના પર તેને મૂકીને જોવામાં આવે એ ચીજ પર એ પ્રકાશ પણ પાડે છે! નીચેની ચીજનું કદ માપવા, ને નકશો હોય તો એના સ્કેલ માપવા, તેની સાથે એક પારદર્શક માપ પણ જોડેલું હોય છે એ એના બીજી વિશિષ્ટતા. નકશાનવીસો, ઇજનેરો, ફોટોગ્રાફરો, ઝવેરીઓ, ટિકિટ-સંગ્રાહકો ને દાક્તરો તથા યંત્રવિશારદોમાં તેનો ઘણો ઉપયોગ થાય છે.

હવાઇ જીપ

વિશ્વના ઝાડીજંગલવાળા તથા વેરાન વિસ્તારોમાંથી ને નદીઓની સપાટી પરથી ઉતારુઓ તથા ભારે માલસામાન ઉડાડીને લાવ-લઈજા કરી શકે તેવી 'હવાઈ જીપ' તરીકે બ્રિટન હવે 'જર્મ'નામનું એક વાહન તૈયાર કરે છે. પાંચ ટન બોજો વહી જઈ શકે તેવી એ ભારદારી લૉરી જમીન પર દોડતી લૉરીની જેમજ સરળતાપૂર્વક ચલાવી શકાશે. વધારેમાં વધારે તે કલાકના ૩૦ માઈલની ઝડપથી ઊડી શકશે અને સામાન્ય કામદાર પણ દુરસ્તી કરી શકે તેવા તેના ભાગો ખૂબ સરળ બનાવાશે.

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : વિન્સેન્ટ વાન ગૉઘ

મૃત્યુ પછી મહત્તા વરનાર માનવીઓ પેઠે કલાકાર જગતનો આ જીવ પણ જીવતેજીવત



ઉપેક્ષા ને ગરીબીમાં સબડી મૂઆ પછી આજે પ્રશંસાના પુષ્પમાળાઓથી લદાઈ ગયો છે. નેધરલૅન્ડના ગ્રૂટ-ઝુન્ડટ નામે ગામડામાં ઈ ૧૮૫૩ની ૩૦ માર્ચે એ જન્મેલો. બાળપણથી જ ધર્મનિષ્ઠ હોવાથી એણે પાદરી થવા માટેનું શિક્ષણ પણ લીધું. પરંતુ સોળ વર્ષનો થતાં પોતાના કાકાની પેઢીમાં ને પછી ગુપિલ નામે ચિત્રવિક્રેતાની દુકાનમાં એ જોડાયો.

ત્યાંથી એની લંડન બદલી થઇ. ત્યાં એ એક યુવતીના પ્રેમમાં પડ્યો. ને લગ્નનો પ્રસ્તાવ પણ મૂક્યો. પેલીએ એવા ઉપહાસપૂર્વક તેને ઠોકર મારી કે એના હૃદય પર ઊંડો આઘાત લાગી ગયો. દુઃખને ભૂલવા એ ગરીબો વચ્ચે ઘૂમવા અને તેમનામાં ધર્મપ્રચાર કરવામાં રસ લેવા મંડ્યો. પણ માનસિક પરિતાપથી એ ભાંગી પડવા લાગ્યો. આથી લંડનથી એને પારીસ મોકલ્યો. પણ ત્યાંના અધાર્મિક વાતાવરણથી ત્રાસીને પોતાને ગામ ચાલ્યો ગયો.

અહીંથી એના યાતનામય જીવનની શરૂઆત થઈ. નાના ભાઈ થીઓએ એને શક્ય એટલી સહાય આપવા માંડી. દુઃખ ભૂલવા એણે ચિત્રકળાનો અભ્યાસ આદર્યો. પ્રેમનું ભૂખ્યું એનું હૃદય અહીં પણ ભોળવાયું; ફરી બીજી સ્ત્રીએ પણ એને છોડી દીધો. મનની અશાંતિ વધી ગઈ. લોકોએ તેને પાગલ ઠેરવી ગામ બહાર કાઢ્યો. થીઓ એને પારીસ લઈ આવ્યો.

પારીસમાં એની કલાદૃષ્ટિ પરિપક્વ બની. કલાના ઘણા અગ્રણીઓના પરિચયમાં એ આવ્યો. આમાંથી એની નિજી શૈલી સરજાઈ. રાસનાકેનસમયક્ષવામાનની અસર પણ તેમાં ઊતરી અને તેની રંગાવટમાં પ્રકાશ પુરાયો. દુઃખને દાબવા એ જાત પર જુલમ કરતો, ઉપવાસો ખેંચતો, તમાકુ અને દારૂ પીતો.

એનું હૃદય અતૃપ્ત આરઝૂ અને યાતનાનું માયુ ઝરત. વેદનાભરી એ ઊર્મિઓ એણે પોતાનાં ચિત્રોમાં ઢાલવવા માંડી. પ્રકૃતિની સુંદરતામાંથી એણે અતૃપ્ત જીવનમાં રસ સીંચવા વલખા મારવા માંડ્યા. અંતે નબળી તબિયત, આર્થિક ભીંસ ને માનસિક પરિતાપથી વ્યગ્ર એ દક્ષિણ ફ્રાંસમાં આર્લિસમાં ચાલ્યો ગયો.

ત્યાં એની કળા ચરમ સીમાએ પહોંચી. જીવનમાં પ્રથમ વાર જ એણે નજીવું રાચરચીલું વસાવ્યું. પોતાના કલાકાર મિત્ર ગૉગાંને પણ એણે આમંત્ર્યો. પણ બંને વારંવાર ઝગડી પડતા. એવા જ એક પ્રસંગે આવેશમાં આવી વિન્સેન્ટે પોતાનો જમણો કાન કાપીને પોતાની પરિચિત એક વેશ્યાને મોકલી આપ્યો.

થીઓને એની જાણ થઈ. એ દોડી આવ્યો. ગૉગાંને વિદાય કર્યા ને ભાઇને સેન્ટ રેમીના પાગલખાનામાં મૂક્યો. ત્યાં પણ એની ઉદાસીનતા ને એકલતા વધતાં જ ગયાં. વિહ્વળ બની એણે થીઓને લખ્યું. એ એને ત્યાંથી ઑવર્સમાં એક દાક્તરને ત્યાં મૂકી આવ્યો.

થીઓ પછી વિન્સેન્ટની કળામાં બીજા કોઇએ જો રસ લીધો હોય તો તે આ દાક્તરે. એણે એનું એક ચિત્ર પણ ખરીદ્યું.

બીજી બાજુ હૃદયવ્યથા ને સૌંદર્યપિપાસાને દિલની વેદના જેટલી દારુણતાથી રંગના મોટા મોટા લચકાઓ વડે એણે કૅનવાસ પર ઢાલવવા માંડી. અગ્નિની જ્વાળા જેવા એ રંગલિસોટાના જાડા થર ને તીવ્ર વળાંકમાં, એના હૃદયમાં ભોંકાતા શૂળનું દર્દ જ વ્યક્ત થાય છે.

જીવન હવે ઝેરના ઘૂંટ જેવું હતું. અંતે કાગડા મારવાને બહાને એણે એક પિસ્તોલ મેળવી ને નજીકના ઘઉંના ખેતરમાં જઇ પોતાની છાતીમાં ગોળી મારી દીધી. તત્કાલ મોત ન થયું. ઘેર આવીને પલંગ પર પડી મોતની રાહ જોવા લાગ્યો. દાક્તરે તુરત થીઓને બોલાવ્યો ત્યારે તેને એણે માત્ર એટલું જ કહ્યું કે 'આપણા બધાના ભલા માટે મેં આમ કર્યું છે.' અને પછી ધીરેધીરે એ ચિરનિદ્રામાં પોઢી ગયો.


દેખાવે બેડોળ અને રૂક્ષ, પણ માનવતા ને પ્રેમની લાગણીઓ ભર્યા અંતરથી મુલાયમ આ વિચિત્ર-વિશિષ્ટ કલાકારનું વ્યથાઓથી ભરેલું આખું યે જીવન આર્થિક ભીંસથી વધુ કપરું ને કંગાલ બનેલું. પ્રેમની એની ઉત્કટ ને અતૃપ્ત પિપાસા છિપાવવા એણે કળાનો આશરો લીધો. સાડત્રીસ વર્ષના કરુણ ને ઉપેક્ષિત જીવનમાં માત્ર દસ જ વર્ષમાં એણે સેંકડો ચિત્રો કરેલાં. આજે તો ઝવેરાત કરતાં પણ મોંઘાં ગણાય છે, પણ એના જીવતાં તો એમાંથી માત્ર એક જ ચિત્ર વેચાયું હતું. એની પ્રતિભાને જગતે તો પિછાણી એના મોત પછી સાઠે વર્ષે.

દિનવિશેષ

તા. ૨ દેશભક્ત કવયિત્રી 'ભારતકોકિલા' સરોજિની નાયડુનું અવસાન, ૧૯૪૯.
તા. ૩ શીખોના પવિત્ર 'ગ્રંથસાહેબ'ના સંપાદક ગુરુ અર્જુનદેવ ગાદીએ બેઠા, ૧૫૮૧.
તા. ૬ જગપ્રસિદ્ધ કલાકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ માઇકેલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫.
તા. ૧૪ અમેરિકાની લૉવેલ વેધશાળાએ નવમા ગ્રહ 'પ્લૂટો'ની શોધ જાહેર કરી, ૧૯૩૦.
તા. ૧૭ પૂર્વ-પશ્ચિમના જલમાર્ગોનું જોડાણ કરતી સુએઝની નહેર ખુલ્લી મુકાઈ, ૧૮૬૯.
તા. ૧૮ હિંદની રાજધાની કલકત્તાથી બદલીને નઇ દિલ્હીમાં લૉર્ડ અર્વિને સ્થાપના કરી, ૧૯૨૭.
તા. ૧૯ અંધારા આફ્રિકા ખંડને સૌ પ્રથમ ખૂંદનાર શોધ સફરી લિવિંગ્સ્ટનનો જન્મ, ૧૮૧૩.
તા. ૨૮ આટલાંટિક મહાસાગર પરથી સૌ પ્રથમ સ્ટીમબોટ 'સાવાના' પસાર થઈ, ૧૮૧૯
તા. ૨૯ દક્ષિણ ધ્રુવની શોધમાં કૅપ્ટન સ્કૉટ સાથીઓ સાથે બરફમાં ગારદ થયા, ૧૯૧૨.

પ્રસંગવિશેષ : રશિયામાં લોકક્રાન્તિનાં મંડાણ તા. ૮મી માર્ચ ઇ. ૧૯૧૭

ઝારની પાશરતાભરી આપખુદીથી ત્રાસી દેશવટો ભોગવતા રશિયાના બૉલ્શેવિકો અને માર્ક્સવાદીઓએ દૂર રહીને ક્રાંતિનો પ્રચાર કર્યે જ રાખ્યો હતો; ચર્ચાઓ અને લેખો દ્વારા લેનિને તેમનામાં શ્રદ્ધા પૂરી કરી હતી; છેક ઈ. ૧૯૧૪થી જ રશિયાનો મજૂર વર્ગ તો જાગૃત થતો ગયો હતો; એવામાં પહેલું મહાયુદ્ધ આવ્યું. વ્યવસ્થાના અભાવ અને કંગાલિયતને લીધે એમાં લાખો રશિયનોની ખુવારી થઈ. પિટસબર્ગના સટોડિયાઓએ એમાંથી પણ નફાખોરી કરીને અઢળક ધન મેળવ્યું આ જ વખતે ઝારના બીમાર પુત્રને સારો કરવાના બહાના સાથે રાસ્પુટિન નામનો એક દંભી બદમાશ રશિયન દરબારમાં પ્રવેશ્યો ને પોતાની વગને જોરે એણે પણ લોકો પર ત્રાસ ગુજારવા માંડ્યો. પરિણામે ઈ. ૧૯૧૬માં એનું ખૂન થયું, ઝારનો જુલમ વધ્યો. કટોકટીએ ઉગ્ર રૂપ લીધું ને આખરે ઈ. ૧૯૧૭ની ૮મી માર્ચે પ્રોલિટેરિયેટ કારખાનાના મજૂરોએ બંડ કર્યું. સૂતરાઉ મિલોના સ્ત્રીઓ પણ તેમાં ભળી. કોઇ વ્યવસ્થાપૂર્વક યોજિત આ બળવો નહોતો, પણ સમાજના છેક નીચલા થરના મજૂરોની યાતનાઓમાંથી ઉદ્ભવેલી એ ક્રાંતિ હતી. રશિયાના બધા જ કચરાને ઝોડી નાખી એણે આગામી પેઢી માટે એક નવી જ વ્યવસ્થા સરજી.



કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

આ વર્ષે ઉજવાતી 'જયંતી-શતાબ્દી'ને અનુલક્ષીને


૭મી મેએ કવિવર રવીન્દ્રનાથના જન્મને ૧૦૦ વર્ષ થવા નિમિત્તે દેશભરમાં, રાજ્ય તેમજ પ્રજાકક્ષાએ ચાલુ વર્ષ એમના 'શતાબ્દી-જયંતી-વર્ષ' તરીકે ઉજવવાનું છે. તેને અનુલક્ષીને ગુરુદેવની ક્રમાનુસારી જીવનરેખા શક્ય તેટલી વિશેષ (વિરલ?) ચિત્રસામગ્રી સાથે આ અંકથી આપવી શરૂ કરીએ છીએ; જેથી વર્ષાન્તે વાચકો પાસે એક ઠીક સમૃદ્ધ 'રવીન્દ્ર ચિત્રાવલિ' બની રહે.

ચાર બેદ ઔર શાસ્ત્ર મેં બાત સુની હય દોય,
દુઃખ દીન્હેં દુઃખ હોત હય, સુખ દીન્હેં સુખ હોય.

અમેરિકાના પ્રથમ પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટનનો સેક્રેટરી એક વાર ઑફિસ પર મોડો પડ્યો. કારણ પૂછતાં તેણે કહ્યું: 'હું ઘેરથી મારી ઘડિયાળ પ્રમાણે સમયસર નીકળેલો, પણ એ હમણાં મોડું પડી ગયું લાગે છે.'

વૉશિંગ્ટને કહ્યું, 'એ ન ચાલે; કાં તો તમે નવું ઘડિયાળ લાવો, ને કાં હું નવો સેક્રેટરી.'


કહેવતોના અર્થ: 'ફટનો કહ્યો ગામ બહાર, નફ્ફટ થયો ગામમાં.'—સજ્જન અને દુર્જનનો તફાવત બતાવતી આ કહેવતનો અર્થ એ છે કે આબરૂદાર કે સદ્ગુણી માણસને સહેજ નામોશી કે ઉપાલંભ લાગતાં તે એ ગામમાં રહે નહિ કે કદી મોં બતાવે નહિ; જ્યારે અપકૃત્યો કરનાર માણસ નફ્ફટ થાય ત્યારે તેને ગમે તેટલો ફિટકાર પડવા છતાં તે નિર્લજ્જપણે ગામમાં ફર્યા કરી શકે. એને સહેજ મળતી જાણીતી ગ્રામ્ય કહેવત: 'નાગાની પૂંઠે બાવળ ઊગ્યો, તો કહે મને છાંયો થયો.'



રમવાના એક પાનામાંથી તમે આખો માણસ પસાર કરી શકો! તમારા મિત્રો આ વાતથી ચકિત થશે, પણ તમે આ રીતે એ સહેલાઈથી કરી શકશો: પહેલાં એક પત્તાને ઊભું વચ્ચોવચ્ચથી બેવડું વાળો. પછી ધારદાર ઝીણી કાતર વડે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બહારની બંને કોરથી લગભગ મધ્યના એ કાપા સુધી કાપ મૂકો. હવે પત્તાને ઉથલાવી તેના મધ્ય ભાગથી તે લગભગ બહારની કોરાણો સુધી બીજા કાપા પાડો. હવે તમે પત્તાને વચ્ચોવચ્ચ જે ઘડી પાડેલી તે આખા સળ ઉપર, બહારની કોરો કાયમ રાખી કાપ મૂકો. પછી એ પત્તાને ખેંચશો એટલે તેમાંથી તમો ચાહશો એટલું પહોળું વર્તુલ બનાવી શકશો અને તમારો કોઇ પણ મિત્ર તેમાંથી પસાર થઈ શકશે!

૧૦૯ ('કુમાર' અંક ૪૪૭)

અનેકાર્થી શબ્દ: **જાગ**=જગન, યજ્ઞ, યાગ, માતાના પૂજન માટે ઘટસ્થાપન કરી જવારા વાવવા તે; દેવપૂજા માતૃદેવતા, રન્નાદે; વિષ્ણુના સત્તરમાંનો એક અવતાર; જાગૃતિ, જાગરણ; ચેતવણી, અગાઉથી આપેલી ખબર; વાટ, રસ્તો; સ્થળ; ઘર, મકાન; તદ્દન કાળા રંગનું કબૂતર.



ઉપરની આકૃતિમાં બંને ટપકાળાં વર્તુલ માપમાં એકસરખાં જ હોવા છતાં એકની અંદર અને બીજાની બહાર વર્તુલ દોરવાને લીધે ઊપજતા દૃષ્ટિભ્રમથી તે નાનાંમોટાં લાગે છે.



કુદરતની અજબ સૂરત: દક્ષિણ અમેરિકામાં થતી મુકુટધારી કંસારી



ગઈ ૧૮મી ફેબ્રુઆરીએ પોતે દુનિયામાં પહેલી વિમાની ટપાલ શરૂ કર્યાની સુવર્ણજયંતી પર ભારતે બહાર પાડેલા ફર્સ્ટ-ડે કવર ઉપરનું ચિત્ર તથા તેની બાજુમાં તે દિવસની રદ્દીકરણની છાપ (કુ. હેમાંગિની કૃ. દેસાઇ)

કોઈ પણ વસ્તુ ઉછીની આપવા કરતાં ભેટ આપવી સારી; કારણકે બંનેમાં 'ખોટ' તો સરખી જ છે.


દરદી દાખલ થયો એટલે દાકતરે વિનયથી કહ્યું, 'મને કહેતાં સંકોચ થાય છે; પણ તમારો ચેક બૅંકમાંથી પાછો આવ્યો છે.'

દરદી: કેવો યોગાનુયોગ! મારું દરદ પણ બરડામાં પાછું આવ્યું છે!



કલાકણિકા: ઘોડાની લગામ જેવી વસ્તુને યે માણસ કલા વડે શણગાર્યા વિના નથી રહ્યો. પ્રાચીન ઈરાનમાં ઘોડાના ચોકડાને બે પડખે ગલોફા આગળ રખાતી સુશોભિત પટ્ટી.





↑ નેપાળની દસમા પ્રજાસત્તાક દિનની ટિકિટનું રદ્દીકરણ (કમલ દીક્ષિત)

STATEMENT

of ownership and other particulars about the newspaper Kumar

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956


1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its publication	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital.

(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 44 B.N.Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Ravel Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 25th day of February 1961

Sd./ B. Rawat, Publisher



આપણાં બે નવાં યુદ્ધ-જહાજ

તાજેતરમાં આપણા નૌકાદળમાં બે મોટાં યુદ્ધ જહાજોનો ઉમેરો થયો છે તેનાં ચિત્રો અહીં આપ્યા છે. મથાળે છે વિમાનવાહક 'વિક્રાન્ત' અને બાજુમાં છે તે ફ્રિગેટ 'બીઆસ'. પહેલાં તો સાગર પર યુદ્ધ ખેલતી મનવારોની બોલબાલા હતી અને લશ્કરી તાકાત તેના વિવિધ પ્રકારોની સંખ્યાથી મપાતી. બીજા વિશ્વયુદ્ધથી હવે શ્રેષ્ઠ લશ્કરી તાકાત વિમાની દળની પુરવાર થઇ છે. છતાં સર્વ દેશોને રક્ષણાર્થે નૌકાદળ રાખવું તો અનિવાર્ય જ છે.

યુદ્ધ-જહાજોના વિવિધ પ્રકારોમાં 'ક્રૂઝર' તોપમારો કરીને લડવા માટે વપરાય છે અન તેનું વજન દસ હજાર ટન સુધીનું હોય છે. વિનાશિકા (ડિસ્ટ્રૉયર) અત્યંત તેજ ચાલની હોય છે અને તે વ્યાપારી જહાજોના રક્ષણાર્થે જહાજો સામે બાથ ભીડવા વપરાય છે. બીજા વિશ્વયુદ્ધમાં વિમાનો અને સબમરીનો વધારે વિનાશક પુરવાર થયાં, એટલે હવે 'ફ્રિગેટ' પ્રકારનાં જહાજોનું મહત્ત્વ વધી ગયું છે. તેમાં બે પ્રકારો હોય છે: 'સબમરીન-વિરોધી' અને 'વિમાન-વિરોધી'.

પણ સૌથી મોટાં યુદ્ધ-જહાજ તો 'વિમાન-વાહકો' (ઍરક્રાફ્ટ-કૅરીઅર). તેના ઉપર વિમાનો, વિમાન વિરોધી તોપો તથા રૉકેટ સુદ્ધાં હોય છે, ને એનાં વજન ૭૦ હજાર ટન સુધીનાં હોય છે. મથાળાના ચિત્રમાં બતાવેલું 'વિક્રાંત' આપણા નૌકાદળના ઇતિહાસમાં આપણું એવું પ્રથમ જહાજ છે. આ માસની ચોથી તારીખે ઇંગ્લંડમાં બેલફાસ્ટ ખાતે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને હાથે તે તરતું મુકાયું. ત્યાંના દરિયામાં કેટલીક રિયાઝ કરીને આ વર્ષે તે ભારત આવી પહોંચશે અને ક્રૂઝર 'મ્હૈસૂર'ને બદલે હવે તે આપણું 'ધ્વજ-જહાજ' બનશે. જે જહાજમાં નૌકાદળના સેનાપતિનું સ્થાન હોય અને તેનો ધ્વજ જેના પર ફરકતો હોય તે 'ધ્વજ-જહાજ' કહેવાય. મૈસૂર પહેલાં આપણું 'ધ્વજ-જહાજ' ક્રૂઝર 'દિલ્હી' હતી, જેનું ચિત્ર અગાઉ અમે આપી ગયા છીએ.

આ 'વિક્રાન્ત' મૂળ બ્રિટિશ નૌકાદળનું તાકાતવાન 'હર્ક્યુલિસ' જહાજ. બ્રિટન પાસેથી આપણે તે ખરીદીને ત્યાં બેલફાસ્ટ ખાતે તેમાં ફેરફારો તથા સજાવટ કરાવી તેને અદ્યતન સાધનોથી સજ્જ બનાવી દેવાયું છે. ૮૦૦ ફૂટ લાંબા, ૧૯૫૫૦ ટન વજનના આ વિમાનવાહક જહાજ પર ૩૪ વિમાનો અને ૧૩૪૩ ખલાસીઓ તથા અફસરો રહેશે.

બાજુમાં બતાવેલી ફ્રિગેઈટ 'બીઆસ' પણ ખાસ આપણા નૌકાદળ માટે ઇંગ્લંડમાં બનાવેલી તે ગયા (ફેબ્રુઆરી) માસની ૧૮મી તારીખે મુંબાઇ આવી પહોંચી. આપણા નૌકાદળ માટે નક્કી કરેલી આઠ ફ્રિગેટોમાંની તે સાતમી છે. આપણી ફ્રિગેટ 'બ્રહ્મપુત્ર'ની જોડકી બહેન બની રહેનારી ૩૪૦ ફૂટ લાંબી ને ૨૫૦૦ ટન વજનની આ



'બીઆસ' 'વિમાન વિરોધી જહાજ છે. અને ૨૩૦ માણસના કાફલા સાથે સાડા ચાર ચાર ઇંચિયા તોપો ધરાવે છે, જે ખાસ કરીને કાફલા પર થતા વિમાની હુમલા સામે રક્ષણાર્થે વાપરવા માટે છે.

દુનિયામાં ભાષાઓ કેટલી?

અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનની જ્યૉર્જ વૉશિંગ્ટન યુનિવર્સિટીના કેટલાક ખંતીલા ભાષાશાસ્ત્રીઓ આ પ્રશ્નનો ઉકેલ કાઢવા છેલ્લા સાતેક માસથી મથી રહ્યા છે, પણ હજી કાંઈ પત્તો લાગ્યો નથી. કહે છે કે એની સંખ્યા ૩૦૦૦થી ૬૦૦૦ સુધીની હશે! પરંતુ તેઓ એટલું તો નક્કી કરી શક્યા છે કે દુનિયાની કુલ ૨.૯ અબજની વસતિમાંથી ઓછામાં ઓછા દસ લાખ માણસો જે જે ભાષાઓ બોલે છે તેની સંખ્યા ૧૩૦ની છે. એમાંની પહેલી ડઝન ભાષાઓ તથા તે બોલનારની સંખ્યા આ મુજબ છે:

ચીની-મૅન્ડેરિન	૪૬ કરોડ	જાપાની	૯.૫ કરોડ
અંગ્રેજી	૨૫ ,,	અરબી	૮ ,,
હિંદુસ્તાની	૧૬ ,,	બંગાળી	૭.૫ ,,
સ્પૅનિશ	૧૪ ,,	પોર્ચુગીઝ	૭.૫ ,,
રશિયન	૧૩ ,,	ફ્રેન્ચ	૬.૫ ,,
જર્મન	૧૦ ,,	ઇટાલિયન	૫.૫ ,,